RNI NO GUJ/GUJ/2006/24237

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૩ કારતક સુદ - પુનમ | મંગળવાર, તા.૨૪-૧૧-૨૦૨૬ | અંક : ૧૨૭ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

૧૬ મી ડિસેમ્બરે બાંગ્લાદેશ પરત ફરશે શેખ હસીના

ઢાકામાં રાજકીય ભૂકંપની શક્યતા, બાંગ્લાદેશ સરકારનો વિરોધ, પરત ફરતાં જ ધરપકડ કરી જેલમાં મોકલવાની ચીમકી

નવીદિલ્હી,

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ ભારતમાં નિર્વાસનમાંથી ૧૬ ડિસેમ્બરે પોતાના દેશ પરત ફરવાની યોજના જાહેર કરી છે. ૧૬ ડિસેમ્બર બાંગ્લાદેશમાં 'વિજય દિવસ' તરીકે ઉજવાય છે, જે ૧૯૭૧માં પાકિસ્તાનથી આઝાદીની યાદ અપાવે છે. ઓગસ્ટ ૨૦૨૪માં વિદ્યાર્થીઓના ઉગ્ર આંદોલન બાદ તેમનું ૧૫ વર્ષ જૂનું શાસન ખતમ થયું હતું અને તેઓ દેશ છોડીને ભારત આવ્યા હતા. ત્યારબાદ બે વર્ષથી વધુ સમય બાદ પહેલીવાર તેમણે પરત ફરવાની ચોક્કસ



તારીખ જાહેર કરી છે.

હસીનાના પ્રવક્તા સૈયદ મોઝમ્મેલ અલીએ મંગળવારે જણાવ્યું હતું કે હસીના વિજય દિવસના અવસરે ઢાકા પરત ફરવા માંગે છે અને બાંગ્લાદેશ સરકારે તેમને દિલ્હીથી રાષ્ટ્રીય એરલાઈન 'બિમાન બાંગ્લાદેશ એરલાઈન્સ' દ્વારા પરત લાવવાની વ્યવસ્થા કરવી જોઈએ. પ્રવક્તાના મતે, ૫ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ તેમને બાંગ્લાદેશના વિમાનમાં ભારત મોકલાયા હતા, તેથી હવે તેમને પરત લાવવાની જવાબદારી સરકારની છે. શેખ હસીનાની આ જાહેરાત એવા સમયે આવી છે જ્યારે તેમણે પરત ફરવા માટે નવો બાંગ્લાદેશી પાસપોર્ટ અને નેશનલ આઈડેન્ટિટી કાર્ડ મેળવવાની માંગ કરી છે. ઓગસ્ટ ૨૦૨૪માં તેઓ ભારત આવ્યા બાદ તેમના જૂના દસ્તાવેજો રદ કરાયા હતા.

જોકે, બાંગ્લાદેશ સરકારે આ માંગના કાયદાકીય આધાર સામે સવાલ ઉઠાવતા દસ્તાવેજો આપવાનો ઈનકાર કર્યો છે. ઢાકાનું કહેવું છે કે હસીનાને ભારત-બાંગ્લાદેશ વચ્ચેની પ્રત્યાર્પણ સંધિ હેઠળ જ પરત લાવવા જોઈએ. બાંગ્લાદેશના અધિકારીઓએ જણાવ્યું છે કે તેમણે ભારત પાસે હસીનાના પ્રત્યાર્પણની ઔપચારિક માંગ કરી છે અને ભારતીય તંત્ર કાયદાકીય પ્રક્રિયા મુજબ તેની ચકાસણી કરી રહ્યું છે.બાંગ્લાદેશમાં હાલ રાજકીય માહોલ અત્યંત તંગ છે અને શેખ હસીનાની અવામી લીગ પાર્ટી પર પ્રતિબંધ યથાવત છે. એક બાંગ્લાદેશી મંત્રીએ રવિવારે જણાવ્યું હતું કે જો હસીના દેશમાં પરત ફરશે તો તેમની ધરપકડ કરીને જેલમાં મોકલી દેવામાં આવશે.

યમનમાં સાઉદીનો હુતી બળવાખોરો પર હુમલો

યમન,

સાઉદી અરેબીયા અને હુતી બળવાખોરો વચ્ચે હજુ પણ તણાવ યથાવત છે. જેમાં હુતી બળવાખોરોએ કરેલા હુમલાના જવાબમાં હવે સાઉદી અરેબિયાએ પણ હુતી બળવાખોરોના અનેક સ્થાનો પર હુમલા શરૂ કર્યા છે. સાઉદી અરેબીયાએ યમનની રાજધાની સના સહિતના અનેક મહત્વના સ્થળો પર તીવ્ર હવાઈ હુમલા અને મિસાઈલ હુમલા કર્યા છે.

આ અંગે હુતી બળવાખોરોના સૈન્ય પ્રવક્તા બ્રિગેડિયર જનરલ યાહ્યા સરી જણાવ્યું હતું કે,છેલ્લા ૨૪ કલાકમાં સાઉદી યુદ્ધ વિમાનોએ ૮૧ હવાઈ હુમલા અને મિસાઈલ હુમલા કર્યા હતા. આ હુમલાઓએ રાજધાની સના અને અલ-જૌફ, તાઈઝ, સાદા, મારીબ, લહાજ, અલ-બૈદા અને અલ-હુદાયદાહ પ્રાંતોમાં નાગરિક લક્ષ્યોને નિશાન બનાવ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ખામીસ મુશૈત અને તૈફ એરબેઝ પરથી ઉડતા F-15 અને ટાયફૂન એરક્રાફ્ટનો ઉપયોગ સાઉદી અરેબિયા દ્વારા આ હુમલાઓ માટે કરવામાં આવ્યો હતો. તેમજ નજરાનમાંથી મિસાઈલો છોડવામાં આવી હતી. આ હુમલાઓમાં ઘણા નાગરિકો માર્યા ગયા છે તેમજ ઘાયલ થયા છે.

જેના લીધે સાઉદી અરેબિયા દ્વારા કરાયેલા હવાઈ હુમલાઓની કુલ સંખ્યા ૫૮એ પહોંચી ગઈ છે. આ પૂર્વે હુતી બળવાખોરોએ સાઉદી અરેબિયાના અનેક મહત્વના શહેરો અને એરપોર્ટ પર હુમલા કર્યા હતા. જેના જવાબમાં સાઉદી અરેબિયાએ હુતી બળવાખોરોના છુપાવાના સ્થળો પર હવાઈ હુમલા શરૂ કર્યા છે.

SBI, HDFC અને ICICI બેંક ફરી RBIની 'Too Big To Fail' યાદીમાં

RBIએ ૨૦૨૬ની યાદી જાહેર કરી; ત્રણેય બેંકોનું સ્થાન યથાવત, નાણાકીય જોખમ સામે વધારાની મૂડી જાળવવી પડશે

નવી દિલ્હી,

ભારતીય રિઝર્વ બેંકએ વર્ષ ૨૦૨૬ માટે દેશની ડોમેસ્ટિક સિસ્ટમિકલી ઈમ્પોર્ટન્ટ બેંક્સની યાદી જાહેર કરી છે. આ યાદીમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા HDFC બેંક અને ICICI બેંકને ફરીથી સામેલ કરવામાં આવી છે. આ ત્રણેય બેંકોને 'Too Big To Fail' એટલે કે એટલી મોટી બેંકો ગણવામાં આવે છે કે તેમની નિષ્ફળતાની અસર સમગ્ર દેશની નાણાકીય વ્યવસ્થા અને અર્થતંત્ર પર પડી શકે છે.

RBI દ્વારા ૨૩ નવેમ્બરે જાહેર કરાયેલી યાદીમાં ત્રણેય બેંકોનું સ્થાન ગયા વર્ષની જેમ જ યથાવત્ રાખવામાં આવ્યું છે. એટલે કે આ વર્ષે કોઈ નવી બેંકનો સમાવેશ કરવામાં આવ્યો નથી અને કોઈ બેંકને યાદીમાંથી બહાર પણ કરવામાં આવી નથી. RBIના વર્ગીકરણ મુજબ SBIને બકેટ-૪માં રાખવામાં આવી છે. આ બેંકે પોતાના રિસ્ક વેઈટેડ એસેટ્સના ૦.૮૦ ટકા વધારાની કોમન ઈક્વિટી ટિયર-૧ મૂડી જાળવી રાખવી પડશે. જ્યારે HDFC બેંકને બકેટ-૨માં રાખવામાં આવી છે અને તેના માટે આ વધારાની મૂડીની જરૂરિયાત ૦.૪૦ ટકા નક્કી કરવામાં આવી છે. તેવી જ રીતે ICICI બેંકને બકેટ-૧માં સ્થાન મળ્યું છે. આ બેંકે રિસ્ક વેઈટેડ એસેટ્સના ૦.૨૦ ટકા વધારાની CET1 મૂડી જાળવવી પડશે. D-SIBનો દરજ્જો એવી બેંકોને આપવામાં આવે છે, જેમનું કદ, નાણાકીય વ્યવસ્થા સાથેનું જોડાણ, કામગીરીની જટિલતા અને અન્ય બેંકો દ્વારા તેમની સેવાઓનું સ્થાન લઈ શકવાની ક્ષમતા ઓછી હોવાને કારણે તેમનું મહત્વ વધારે હોય છે. આવી બેંકની આર્થિક સ્થિતિ બગડે અથવા તે નિષ્ફળ જાય તો તેની અસર સમગ્ર નાણાકીય વ્યવસ્થા પર પડી શકે છે. તેથી RBI આવી બેંકોને વધારાની મૂડી રાખવાનો નિયમ લાગુ કરે છે.

પાકિસ્તાની જાસૂસોની મોટી સાયબર જાસૂસીનો પર્દાફાશ

ડિફેન્સ અને પેરામિલિટરી અધિકારીઓના ૧૪ વોટ્સએપ ગ્રુપમાં ઘૂસણખોરી

નવી દિલ્હી,

પાકિસ્તાની જાસૂસોની મોટી સાયબર જાસૂસીનો પર્દાફાશ થયો હતો. સુરક્ષા એજન્સીઓએ સોમવારે પાકિસ્તાની હેન્ડલરોની સાયબર જાસૂસીનો પ્રયાસ ઝડપી પાડ્યો હતો. તે ડિફેન્સ, પેરામિલિટરી અને ડિફેન્સ-સિવિલિયન અધિકારીઓના ખાનગી વોટ્સએપ ગ્રુપમાં ઘૂસી ગયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની ઈન્ટેલિજન્સ ઓપરેટિવ્સ દ્વારા અંદાજે ૧૩-૧૪ ખાનગી ગ્રુપમાં ઘૂસણખોરી કરવામાં આવી હતી. એજન્સીઓએ આ જોખમને સંવેદનશીલ સુરક્ષા ફરજ બજાવી રહેલા અધિકારીઓ વિરુદ્ધનું એક ટાર્ગેટેડ સાયબર જાસૂસી અભિયાન ગણાવ્યું હતું.

આ ઘટના બાદ આ ગ્રુપ્સ અને અન્ય સોશિયલ કમ્યુનિકેશન પ્લેટફોર્મનું ઓડિટ કરાવવા તથા તેમને દૂર કરવાના આદેશ આપવામાં આવ્યા છે. ગ્રુપમાંથી અજાણ્યા મેમ્બર્સને હટાવવા માટે કહેવામાં આવ્યું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કોઈ પણ સત્તાવાર કે ગુપ્ત માહિતી અને ડેટા શેર ન કરવાની સૂચના આપવામાં આવી છે.

સૂત્રોના મતે, આ જાસૂસોએ કોઈ નકલી અથવા હેક કરાયેલા ભારતીય મોબાઈલ નંબરનો ઉપયોગ કર્યો હતો. આ નંબરો ગ્રુપમાં સાઈલેન્ટ મેમ્બર્સ તરીકે જોડાયેલા રહેતા હતા. તેઓ ગ્રુપમાં થતી વાતચીત અને શેર કરવામાં આવતા દસ્તાવેજો પર નજર રાખતા હતા. ઓળખાયેલા ગ્રુપ્સ ઉપરાંત એક સામાન્ય એડવાઈઝરી પણ જારી કરવામાં આવી હતી.

ટ્રમ્પના દબાણે એનવિડિયામાં જેન્સેન હુઆંગનું થયું ધમાકેદાર પુનરાગમન

બોર્ડે સર્વાનુમતે સીઈઓ અને પ્રમુખપદે પુનઃનિમણૂકને આપી મંજૂરી; હુઆંગના પરત ફરતા શેરમાં ૩૩.૭%નો જંગી ઉછાળો

વોશિંગ્ટન,

અમેરિકન પ્રમુખ ટ્રમ્પના દબાણના પગલે એનવિડિયાએ તેના વિવાદાસ્પદ વડા અને સીઈઓ જેન્સેન હુઆંગની ફરીથી કંપનીના પ્રમુખપદે અને સીઈઓ તરીકે પુનઃ નિમણૂક કરી છે. તેમના પર વિદેશી ઈન્ટેલિજન્સ ઓપરેશનના આરોપના પગલે તેમણે બધા હોદ્દા પરથી રાજીનામુ આપ્યું હતું. હવે કંપનીના બોર્ડે સર્વાનુમતે તેમના પુનરાગમનને મંજૂરી આપી છે. હુઆંગના પાછા ફરવાના અહેવાલોથી સોમવારે તેનો શેર ૩૩.૭ ટકા ઉછળીને ૧૯૭.૫૬ ડોલરને સ્પર્શી ગયો હતો. એનવિડિયાનો શેર શુક્રવારે ૧૨૫.૫૩ ડોલર પર બંધ હતો.

હુઆંગ અને અમેરિકન સરકારના વરિષ્ઠ



અધિકારીઓ વચ્ચે મંત્રણાના પગલે બોર્ડે તાત્કાલિક અસરથી તેમની પુનઃ નિમણૂકને મંજૂરી આપી છે. બોર્ડે જણાવ્યું હતું કે તેમને હુઆંગે આપેલી સમજૂતીથી સંતોષ થયો છે અને કંપનીને દોરી જવાની તેમની ક્ષમતામાં તેમને વિશ્વાસ છે. કંપનીના બોર્ડે જણાવ્યું હતું કે અમેરિકન સરકારી અધિકારીઓ પાસેથી મળેલી માહિતીના આધારે તેમને વિશ્વાસ બેઠો છે કે હુઆંગના પરત ફરવાથી રાષ્ટ્રીય સુરક્ષા પર કોઈ જોખમ નહીં સર્જાય. હુઆંગના પરત ફરવાના કારણ એનવિડિયાનો શેર ૩૨ ટકા જેટલો ઉછળ્યો હતો. આ શેર હુઆંગની કબૂલાત પછી લગભગ ૩૩ ટકા તૂટ્યો હતો. જ્યારે નાસ્ડાક સાત ટકાથી પણ વધુ ઉછળ્યો હતો.

એનવિડિયા બોર્ડના ચેરમેન હાર્વે સી જોન્સનું માનવું છે કે બોર્ડ માને છે કે જેન્સેન એનવિડિયાને દોરવા માટે યોગ્ય વ્યક્તિ છે. જોન્સ બોર્ડના ચેરમેન તરીકે જારી રહેશે. જ્યારે હુઆંગ સીઈઓ અને બોર્ડ ડિરેક્ટર તરીકેની કામગીરી શરૂ કરશે. જ્યારે વચગાળાના સીઈઓ તરીકે કામગીરી સંભાળનારા કોલેટ ક્રેસ એનવિડિયાના ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર તરીકેની તેમની અગાઉની ભૂમિકા પર પરત ફરશે.

ચીનના ભાવ વધારાથી સુરતના લેબગ્રોન હીરા ઉદ્યોગને ફટકો

ચીનની લિઆન ડાયમંડે ૧૦ ટકાનો વધારો કરતાં સુરતના ઉદ્યોગકારોની પડતર કિંમત વધવાની ભીતિ, પોલિશ્ડ હીરા પણ મોંઘા થવાની શક્યતા

સુરત,

સુરતના હીરા ઉદ્યોગ માટે ચીનથી ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. લેબગ્રોન ડાયમંડના રફ સપ્લાય કરતી ચીનની બે મોટી કંપનીઓએ ભાવ વધારાની જાહેરાત કરી છે. લિઆન ડાયમંડ અને ઝોંગનાન ડાયમંડ દ્વારા રફ હીરાના ભાવમાં વધારો કરવામાં આવતા સુરતના હીરા ઉદ્યોગકારોની પડતર કિંમત વધવાની ભીતિ છે. આ ભાવ વધારાની અસર આગામી સમયમાં પોલિશ્ડ લેબગ્રોન ડાયમંડના ભાવ પર પણ જોવા મળી શકે છે.

સુરત નેચરલ ડાયમંડની સાથે લેબગ્રોન ડાયમંડના કટિંગ અને પોલિશિંગનું પણ મોટું કેન્દ્ર છે. સુરતના લેબગ્રોન ડાયમંડ ઉદ્યોગ માટે ચીનની લિઆન ડાયમંડ (હેનાન) અને ઝોંગનાન ડાયમંડ કંપની દ્વારા ભાવ વધારાની જાહેરાત કરવામાં આવી છે. લિઆન ડાયમંડ કંપનીએ ૧ નવેમ્બર, ૨૦૨૬થી રફ લેબગ્રોન ડાયમંડના વર્તમાન ભાવમાં ૧૦ ટકાનો વધારો કર્યો છે. જ્યારે ઝોંગનાન ડાયમંડ કંપનીએ રફ હીરાના ભાવમાં કોઈ ચોક્કસ ટકાવારી નક્કી કર્યા વગર મૂળ ભાવના આધારે યોગ્ય પ્રમાણમાં વધારો કરવાની જાહેરાત કરી છે.

બંને કંપનીઓએ રો-મટિરિયલ્સ અને કાચા માલના ભાવમાં વધારો થવાને કારણે ઉત્પાદન ખર્ચ વધ્યો હોવાનું ભાવ વધારા પાછળનું કારણ દર્શાવ્યું છે. આ વધારાને કારણે સુરતના હીરા વેપારીઓ માટે લેબગ્રોન રફની ખરીદી વધુ મોંઘી બનશે. સુરતના ઉદ્યોગકારોના મત મુજબ, રફ હીરાના ભાવમાં વધારો થતાં તેની પડતર કિંમત વધશે.



રાજ્યના વિવિધ સફારી પાર્કમાં એશિયાઈ સિંહ દર્શન માટે ૮૦ હજારથી વધુ પ્રવાસીઓ ઉમટ્યા : વન વિભાગને રૂ.૧.૫૯ કરોડથી વધુની આવક

દિવાળી વેકેશનમાં એશિયાઈ સિંહ દર્શનનો દબદબો: ગીર, દેવળીયા, આંબરડી,બરડા અને ગિરનાર નેચર સફારીમાં વધતી પ્રવાસીઓની સંખ્યાની સાથે સ્થાનિક રોજગારીમાં પણ નોંધપાત્ર વધારો થયો



અમદાવાદ,

ગુજરાતના ગૌરવ અને ઘરેણાં સમાન એશિયાઈ સિંહોના કુદરતી નિવાસસ્થાન એવા સૌરાષ્ટ્રના વિવિધ સફારી પાર્કમાં વર્ષ ૨૦૨૬ના દિવાળી વેકેશન દરમિયાન દેશ-વિદેશના પ્રવાસીઓનો અભૂતપૂર્વ ધસારો જોવા મળ્યો છે.વન વિભાગ દ્વારા પ્રાપ્ત આંકડાકીય વિગતો મુજબ દિવાળી પર્વમાં એટલે કે તા. ૯થી ૧૫ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન સૌરાષ્ટ્રના વિવિધ સફારી પાર્કમાં એશિયાઈ સિંહ દર્શન માટે અંદાજે કુલ ૮૦ હજારથી વધુ પ્રવાસીઓ ઉમટ્યા? હતા,જેના પરિણામે ગુજરાત વન વિભાગને રૂ.૧.૫૯ કરોડથી વધુની માતબર આવકની સાથે સ્થાનિક રોજગારીમાં પણ વધારો થયો છે.

જેમાં દિવાળીના વેકેશન દરમિયાન સૌથી વધુ ગીર અને દેવળિયામાં જીપ્સી અને બસ સફારી દ્વારા કુલ ૬૦,૬૬૧ પ્રવાસીઓએ સિંહ દર્શન કર્યા હતા જેના થકી આશરે રૂ.૧.૨૧ કરોડની આવક થઈ છે. ગત વર્ષ કરતાં પ્રવાસીઓની સંખ્યા વધતાં કુલ આવક પણ ૨૦૨૫ના આશરે રૂ.૧.૧૫ કરોડથી વધીને ૨૦૨૬માં આશરે

રૂ.૧.૨૧ કરોડ પર પહોંચી છે.

આ ઉપરાંત, જૂનાગઢના ગિરનાર નેચર સફારી, અમરેલીના આંબરડી સફારી પાર્ક અને પોરબંદરના બરડા સફારી ખાતે ગત વર્ષ ૨૦૨૫ની સરખામણીએ વર્ષ ૨૦૨૬માં પ્રવાસીઓની સંખ્યા તેમજ વન વિભાગની આવકમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે. વર્ષ ૨૦૨૬ના દિવાળી વેકેશન દરમિયાન એટલે કે તા. ૯ થી ૧૫ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન આ ત્રણેય સફારી સ્થળો પર કુલ ૨૦,૨૮૨ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી, જેની સામે વર્ષ ૨૦૨૫ના દિવાળી વેકેશનમાં આ સંખ્યા ૧૮,૧૧૪ રહી હતી.

ગુજરાતના રાજકારણમાં ઓબીસી કાર્ડની ચાલ વચ્ચે રાજકીય પક્ષોમાં આંતરિક અસંતોષનો ઉકળતો ચરુ

કોંગ્રેસમાં પ્રદેશ અધ્યક્ષની કામગીરી અને સંગઠનના નિર્ણયો સામે સ્થાનિક નેતાઓમાં નારાજગી

ભાજપમાં પણ સત્તાના કેન્દ્રો અને સંગઠનના ભવિષ્યને લઈને અનેક ચર્ચાઓએ જોર પકડ્યું

અમદાવાદ,

ગુજરાતમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને હવે એક વર્ષથી પણ ઓછો સમય બાકી છે ત્યારે રાજ્યના રાજકારણમાં અત્યારથી જ ગરમાવો જોવા મળી રહ્યો છે. ચૂંટણી પહેલાં ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોએ ઓબીસી સમાજના ચહેરાઓને સંગઠનની મહત્વની જવાબદારી સોંપીને રાજકીય સમીકરણો સાધવાનો પ્રયાસ કર્યો છે. જોકે,ઓબીસી કાર્ડ દ્વારા મોટી વોટબેંકને પોતાની તરફ આકર્ષવાની રણનીતિ વચ્ચે બંને પક્ષોમાં આંતરિક અસંતોષ પણ ધીમે ધીમે સપાટી પર આવી રહ્યો છે. એક તરફ કોંગ્રેસમાં પ્રદેશ અધ્યક્ષની કામગીરી અને સંગઠનના નિર્ણયો સામે સ્થાનિક નેતાઓમાં નારાજગી જોવા મળી રહી છે, તો બીજી તરફ ભાજપમાં પણ પ્રદેશ પ્રમુખની ભૂમિકા, સત્તાના કેન્દ્રો અને સંગઠનના ભવિષ્યને લઈને અનેક ચર્ચાઓએ જોર પકડ્યું છે.

ગુજરાત કોંગ્રેસમાં પ્રદેશ પ્રમુખ અમિત યાદવ સામે આંતરિક નારાજગી હોવાની ચર્ચાઓ રાજકીય વર્તુળોમાં તેજ બની છે. પ્રદેશ પ્રમુખને જવાબદારી સંભાળ્યાને દોઢ વર્ષ જેટલો સમય થવા આવ્યો હોવા છતાં સંગઠનનું સંપૂર્ણ માળખું જાહેર ન થતાં અનેક સવાલો ઊભા થયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત સહિતના કેટલાક વિસ્તારોના નેતાઓ સંગઠનની કામગીરીથી નારાજ છે અને પોતાની નારાજગી હાઈકમાન્ડ સુધી પહોંચાડી ચૂક્યા છે. એટલું જ નહીં, નવી પ્રદેશ ટીમમાં સ્થાન અને જવાબદારીને લઈને પણ કેટલાક નેતાઓમાં અસંતોષ હોવાનું કહેવાય છે. કેટલાક નેતાઓ નવી ટીમમાં કામ કરવા તૈયાર ન હોવાની ચર્ચા વચ્ચે પ્રદેશ સંગઠનની જાહેરાત પણ વિલંબમાં પડી હોવાનું માનવામાં આવે છે.

કોંગ્રેસમાં સ્થાનિક સ્તરે પણ અસંતોષના અનેક મુદ્દાઓ સામે આવી રહ્યા છે. જિલ્લા સંગઠનમાં કોને સ્થાન આપવું અને કોને જવાબદારી સોંપવી તેવા નિર્ણયોમાં સ્થાનિક નેતાઓને વિશ્વાસમાં લેવામાં આવતા ન હોવાની ફરિયાદો થઈ રહી છે. બનાસકાંઠા સહિતના વિસ્તારોમાં જિલ્લા સંગઠનના નિર્ણયો અને ફેરફારોને લઈને ખેંચતાણ સર્જાઈ હોવાની ચર્ચા છે. બીજી તરફ, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થયાને મહિનાઓ વીતી ગયા હોવા છતાં કેટલીક મહાનગરપાલિકાઓમાં વિપક્ષના નેતાની નિમણૂક બાકી હોવાનો મુદ્દો પણ ચર્ચામાં છે.

અમદાવાદ સહિતની ચૂંટણીઓમાં પક્ષના નબળા પ્રદર્શન બાદ સંગઠનના હોદ્દેદારો અને વોર્ડ પ્રમુખો અંગે લેવાયેલા નિર્ણયો સામે કાર્યકરોમાં નારાજગી હોવાની વાતો પણ સામે આવી રહી છે. થોડા સમય પહેલાં ઉત્તર ગુજરાતના કેટલાક નેતાઓએ દિલ્હી પહોંચીને પોતાની રજૂઆત કરી હોવાની ચર્ચા વચ્ચે કોંગ્રેસના એક જૂથ દ્વારા નવા પ્રદેશ અધ્યક્ષની માંગણી કરવામાં આવી રહી હોવાની પણ અટકળો છે. હવે વિધાનસભાની ચૂંટણી પહેલાં હાઈકમાન્ડ આ આંતરિક વિવાદમાં હસ્તક્ષેપ કરશે કે પછી વર્તમાન નેતૃત્વને જ આગળ વધારશે તે જોવું મહત્વનું રહેશે.બીજી તરફ, ગુજરાત ભાજપમાં પણ બધું સમુસૂતરું ચાલી રહ્યું હોવાના સંકેત મળતા નથી. બહારથી શિસ્તબદ્ધ અને મજબૂત સંગઠન તરીકે ઓળખાતા ભાજપમાં પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની ભૂમિકા અને નિર્ણય લેવાની સત્તાને લઈને ગાંધીનગરના રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ તેજ બની છે. સંગઠનના મહત્વના નિર્ણયો લેવામાં પ્રદેશ પ્રમુખને પૂરતી સ્વતંત્રતા મળી રહી છે કે નહીં તેવા સવાલો ઊભા થઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાત મુલાકાત બાદ શીર્ષ નેતૃત્વ સંગઠનની કામગીરી પર સીધી નજર રાખી રહ્યું હોવાની ચર્ચાએ પણ જોર પકડ્યું છે. આ ઉપરાંત, ભાજપના પ્રભારી તરુણ ચુગની સક્રિયતા અને સંગઠન સંબંધિત મુદ્દાઓમાં તેમની ભૂમિકાને લઈને પણ રાજકીય વર્તુળોમાં અલગ અલગ અર્થઘટન થઈ રહ્યાં છે.

પ્રદેશ પ્રમુખને જવાબદારી સંભાળ્યાને એક વર્ષથી વધુ સમય થયો હોવા છતાં હજુ સુધી બૃહદ કારોબારીની બેઠક યોજાઈ ન હોવાનો મુદ્દો પણ ચર્ચાનો વિષય બન્યો છે. કેટલાક મહત્વના સંગઠનાત્મક નિર્ણયો લેવામાં વિલંબ થઈ રહ્યો હોવાની અટકળો વચ્ચે ભાજપમાં બે અલગ અલગ સત્તાકેન્દ્રો ઊભાં થઈ રહ્યાં છે કે કેમ તેવા સવાલો પણ ચર્ચાઈ રહ્યા છે. ભાજપમાં જૂના અને વફાદાર કાર્યકરોની નારાજગી પણ એક મોટો પડકાર બની રહી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ દરમિયાન ટિકિટ ફાળવણીમાં જૂના કાર્યકરોને પૂરતું મહત્વ ન મળ્યું હોવાની ફરિયાદો અનેક વિસ્તારોમાંથી સામે આવી હતી.

અમદાવાદના સરખેજમાં ડ્રગ્સનો વેપાર કરતા લોકોના ગેરકાયદેસર બાંધકામો પર ચાલ્યું બુલડોઝર

અમદાવાદ,

સમગ્ર દેશ અને રાજ્યને 'ડ્રગ્સમુક્ત' કરવાના નિર્ણય સાથે આવા ગેરકાયદેસર કામો સાથે સંકળાયેલા તત્વો સામે પોલીસ અને મનપા. દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

શહેરના સરખેજ વિસ્તારમાં ડ્રગ્સના વેપાર સાથે સંકળાયેલા આરોપીઓના ગેરકાયદેસર બે મકાનો પર બુલડોઝર ફેરવવામાં આવ્યું છે. અમદાવાદ શહેર પોલીસ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંયુક્ત રીતે કૈલાશ તળાવ અને સન્યાસ આશ્રમ નજીક સરકારી જમીન પર ગેરકાયદે રીતે બાંધવામાં આવ્યું હતું.

સુનીતા રાઠોડ અને તેના પતિ દીપક રાઠોડ સહિત અન્ય આરોપીઓ સાથે જોડાયેલા ગેરકાયદે બાંધકામો દૂર કરવા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ડિમોલિશનની કામગીરી શરૂ થતાં સુનીતાના પરિજનોએ ઘરવખરીનો સામાન ખસેડવાનું શરૂ કર્યું હતું અને સ્વેચ્છાએ મકાન તોડવાની કામગીરી કરાઈ હતી. સરખેજ વિસ્તારમાં આવેલા સન્યાસ આશ્રમ નજીક કૈલાશ તળાવ પાસેની કિંમતી સરકારી જમીન પર આરોપી દંપતી સુનિતા રાઠોડ અને તેના પતિ દીપકકુમાર રાઠોડે ગેરકાયદે રહેણાંક મકાન બાંધી દીધું હતું. આ દંપતી વિરુદ્ધ સરખેજ સહિતના અનેક પોલીસ સ્ટેશનોમાં પ્રોહિબિશન અને દ્રઢૅજી એક્ટ હેઠળ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. અગાઉ સુનિતા રાઠોડના કેસમાં પોલીસને ૨ કિલોથી વધુ ગાંજો અને ૫૩ લાખ રૂપિયાની રોકડ રકમ પણ મળી આવી હતી.

મુખ્યમંત્રીના પ્રવાસ બાદ હવે રાજ્ય સરકારના તમામ મંત્રીઓ આદિવાસી વિસ્તારોમાં ૭૨ કલાકનો પ્રવાસ કરશે

પ્રવાસના આયોજન અંગે ગાંધીનગર ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં બેઠક મળી



અમદાવાદ,

રાજ્યના આદિવાસી વિસ્તારોના વિકાસ અને સ્થાનિક પ્રશ્નોને સીધા સમજવા માટે ગુજરાત સરકારે એક મોટો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રીના પ્રવાસ બાદ હવે રાજ્ય સરકારના તમામ મંત્રીઓ આદિવાસી વિસ્તારોમાં ૭૨ કલાક એટલે કે ૩ દિવસનો પ્રવાસ ખેડશે. આગામી તારીખ ૨૭ થી ૨૯ નવેમ્બર દરમિયાન રાજ્યના મંત્રીઓ આદિવાસી વિસ્તારોની મુલાકાત લેશે.

મંત્રીઓના આ આગામી પ્રવાસના વ્યવસ્થિત આયોજન અને રૂપરેખા નક્કી કરવા માટે ગાંધીનગર ખાતે એક મહત્ત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની અધ્યક્ષતામાં આ બેઠક મળી હતી, જેમાં રાજ્ય સરકારના તમામ મંત્રીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં ૨૭ થી ૨૯ નવેમ્બર દરમિયાન યોજાનારા ૩ દિવસના પ્રવાસ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. મુખ્યમંત્રી બાદ હવે સમગ્ર મંત્રીમંડળ ૭૨ કલાક સુધી આદિવાસી વિસ્તારોમાં રહીને વિવિધ કાર્યક્રમો અને મુલાકાતો કરશે, જેના કારણે રાજ્યના રાજકારણ અને વહીવટી તંત્રમાં ભારે ગતિવિધિ તેજ બની છે.

કોમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦ પૂર્વે પરિવહન માળખાને વૈશ્વિક સ્તરનું બનાવવાની દિશામાં એએમસીની પહેલ

એએમસીના ૮૦૦ મુખ્ય બસ સ્ટોપને સ્માર્ટ બસ સ્ટોપ તરીકે વિકસાવવાનું આયોજન





અમદાવાદ,

કોમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦ તેમજ 'અમદાવાદ વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સ-૨૦૨૯' જેવા આંતરરાષ્ટ્રીય રમતગમતના આયોજનોની યજમાનીને ધ્યાનમાં રાખીને અમદાવાદના શહેરી માળખાકીય સુવિધાઓને વધુ સુવ્યવસ્થિત, આધુનિક અને ભવિષ્યલક્ષી બનાવવાની દિશામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિવિધ પહેલ કરવામાં આવી રહી છે. આ દિશામાં જાહેર પરિવહન વ્યવસ્થાને વધુ સુવિધાજનક અને આધુનિક બનાવવા એએમસીના કુલ અંદાજે ૮૦૦ મુખ્ય બસ સ્ટોપને સ્માર્ટ બસ સ્ટોપ તરીકે વિકસાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી અઢીથી ત્રણ વર્ષમાં આ તમામ બસ સ્ટોપનું આધુનિકીકરણ કરવામાં આવશે. ભવિષ્યમાં જરૂરિયાત જણાય તો વધારાના બસ સ્ટોપને પણ સ્માર્ટ બસ સ્ટોપ તરીકે વિકસાવવામાં આવશે.

અમદાવાદ શહેરમાં હાલના અનેક બસ સ્ટોપ જૂના થઈ ગયા હોવાથી મુસાફરોને વધુ સુરક્ષિત, આરામદાયક અને સુવિધાજનક અનુભવ મળી રહે તે આ પહેલનો મુખ્ય હેતુ છે. શહેરના જાહેર પરિવહનના માળખાને આધુનિક બનાવવા સાથે ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ સુવિધાઓ વિકસાવવાનું પણ આ પ્રોજેક્ટનું લાંબા ગાળાનું વિઝન છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત વિકસાવવામાં આવનારા દરેક સ્માર્ટ બસ શેલ્ટરમાં મુસાફરોની સુવિધા માટે ઈટીએ ડિસ્પ્લે, રૂટ મેપ, સેન્સરથી સંચાલિત એલઈડી લાઈટિંગ અને બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત પસંદગીના બસ શેલ્ટર પર મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ અને વાયફાયની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. મુસાફરોની સુવિધા અને સુગમતા માટે બસ સ્ટેન્ડ પર ચા-કોફી જેવી રિફ્રેશમેન્ટની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

રિપબ્લિક ઓફ પેરુએ અમદાવાદમાં રવિ પટેલની ઓનરરી કોન્સલ તરીકે નિમણૂક કરી

વેપાર અને નાના-મધ્યમ ઉદ્યોગો વચ્ચે વ્યવસાયિક જોડાણો તથા સંસ્થાકીય અને સાંસ્કૃતિક સહકારને પ્રોત્સાહન મળશે



અમદાવાદ,

રિપબ્લિક ઑફ પેરુએ રવિ પટેલની અમદાવાદમાં ઓનરરી કોન્સલ તરીકે નિમણૂક કરી છે, જેનો અધિકારક્ષેત્ર સમગ્ર ગુજરાત રહેશે. આ નિમણૂકથી ભારતમાં પેરુની પ્રાદેશિક સક્રિયતા મજબૂત બનશે અને વેપાર, રોકાણ, સંસ્કૃતિ તથા શિક્ષણ ક્ષેત્રે ગુજરાત સાથે વધુ નજીકના સહયોગને પ્રોત્સાહન મળશે.

રવિ પટેલ ઉદ્યોગસાહસિક , સંસ્થા નિર્માતા અને રોકાણકાર છે, જેમને કેપિટલ માર્કેટ્સમાં ૧૫ વર્ષથી વધુનો અનુભવ છે. આરવી ફેમિલી ઑફિસ મારફતે તેમનાં રોકાણો કેપિટલ માર્કેટ્સ, રોબોટિક્સ, હોસ્પિટાલિટી, ઈ-કોમર્સ, શિક્ષણ અને આરોગ્યસેવા સહિતનાં અનેક ક્ષેત્રોમાં ફેલાયેલાં છે. તેઓ ઉર્ધ્સ અને વર્લ્ડ ડિજિટલ વેન્ચર્સ ના કો-ફાઉન્ડર અને ડિરેક્ટર પણ છે, જે કોમર્સ, વર્કિંગ કેપિટલ તથા રિટેલર્સ અને સ્જીસ્ઈજના વિકાસ પર કેન્દ્રિત છે.

તેઓ ભારત સ્થિત પેરુના દૂતાવાસ સાથે મળીને વ્યવસાયિક અને સંસ્થાકીય સંબંધો વિકસાવશે, જેમાં ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગોને એકબીજાના બજારોમાં રહેલી તકો સમજવામાં અને જોડાણો સ્થાપવામાં મદદ કરવા પર વિશેષ ધ્યાન અપાશે.

ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, ટેક્સટાઈલ્સ અને એન્જિનિયરિંગ ક્ષેત્રે ગુજરાતની શક્તિઓ પેરુ સાથે વધુ નજીકના સહયોગ માટેનાં ક્ષેત્રો પૂરાં પાડે છે. બીજી તરફ, પેરુનાં ખનિજ સંસાધનો અને વ્યવસાયિક તકો સોર્સિંગ, રોકાણ અને ઈદ્વદ્વીઈંટ્ઠઙ્ગ ભાગીદારી માટેના માર્ગો ખોલે છે. આ ક્ષેત્રો બંને દેશો વચ્ચે અસ્તિત્વમાં રહેલા વ્યાપાર અને વ્યવસાયિક આદાનપ્રદાન પર આધારિત છે.

અમદાવાદમાં સરકારી આવાસના નામે રૂ. ૫૦ લાખની ઠગાઈ,બે શખસો સામે ફરિયાદ

ગુજરાત હાઉસિંગ બોર્ડના સરકારી આવાસ અપાવવાના નામે ૨૩ લોકો સાથે છેતરપિંડી

અમદાવાદ,

અમદાવાદમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના સરકારી આવાસ અપાવવાના નામે ૨૩ લોકો પાસેથી રૂ. ૫૦.૦૪ લાખ પડાવી લેવાનો કિસ્સો સામે આવ્યો છે. મકાન અપાવવાની લાલચ આપી એડવાન્સ અને દસ્તાવેજોના નામે નાણાં ઉઘરાવ્યા બાદ મકાન ન આપતાં આખરે બે શખસો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદના મેમનગર વિસ્તારમાં છેલ્લા ૧૦ વર્ષથી ભાડે રહેતા નરેશ પ્રજાપતિએ આ મામલે ફરિયાદ નોંધાવી છે. વર્ષ ૨૦૨૪માં તેમના પાડોશમાં રહેતા ધનરાજ યાદવ સાથે ઘર જેવા સંબંધો હતા. એપ્રિલ ૨૦૨૪માં ધનરાજ નરેશના ઘરે આવ્યા હતા અને ગુજરાત હાઉસિંગ બોર્ડના સરકારી આવાસ અપાવી શકતા હોવાની વાત કરી હતી. સાથે જ મકાન માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા પણ કરાવતા હોવાનું જણાવ્યું હતું.

ધનરાજની વાતમાં વિશ્વાસ રાખીને નરેશ અને તેમની પત્ની વંદે માતરમ રોડ પર આવાસના મકાન જોવા ગયા હતા. ત્યાં તેમને ૧ બીએચકે મકાન પસંદ પડ્યું હતું. ધનરાજે મકાનની કિંમત અંદાજે રૂ. ૮ લાખ હોવાનું જણાવ્યું હતું. નરેશે વિચાર કરીને જવાબ આપવાનું કહ્યું, ત્યારે ધનરાજે પૈસાની જવાબદારી પોતાની રહેશે અને મકાન નહીં મળે તો એડવાન્સ પરત આપવાની ખાતરી આપી હતી.ત્યારબાદ ધનરાજે પોતાના મિત્ર નિકુંજ ભરવાડ સાથે મુલાકાત કરાવી હતી. નિકુંજ મકાન અપાવવાનું કામ કરતો હોવાનું જણાવી તમામ નાણાકીય વ્યવહાર ધનરાજ સાથે જ કરવા કહ્યું હતું.

ધનરાજ પર વિશ્વાસ રાખીને નરેશે એપ્રિલ ૨૦૨૪માં રૂ. ૧,૧૬,૦૦૦ રોકડા આપ્યા હતા. ત્યારબાદ ૧૫ દિવસમાં મકાન લાગી ગયું હોવાનું જણાવી બ્લોક નંબર ૧૩માં મકાન ફાળવાયું હોવાની વાત કરી હતી.

આણંદ ખાતે દાદા ભગવાનના ૧૧૯માં જન્મજયંતી મહોત્સવમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા

આણંદ,

આણંદ ખાતે પરમ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૯મી જન્મજયંતી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

આ પાવન અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિશેષ ઉપસ્થિત રહી દાદા ભગવાનના દર્શન કર્યા હતા અને મન, વચન તથા કર્મથી માનવ કલ્યાણની સેવા કરવા માટેના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી. કાર્યક્રમની શરૂઆત પૂજ્યશ્રીના આગમન બાદ ભગવંતો અને દાદાને વંદન તથા ત્રિમંત્રના પઠન અને નમસ્કાર વિધિથી થઈ હતી. પૂજ્યશ્રી દ્વારા જન્મજયંતીનો સંદેશ પાઠવ્યા બાદ ભાવનાની સામાયિક કરવામાં આવી હતી.

સ્ટેજની મધ્યમાં બિરાજમાન દાદાશ્રીની મૂર્તિ તેમજ દાદા-નીરુમાના ફોટાનું ભાવપૂર્વક પૂજન કર્યા બાદ આરતી કરવામાં આવી હતી, જેમાં મુખ્યમંત્રીશ્રીએ પણ પૂજ્યશ્રી સાથે જોડાઈને આરતીનો લાભ લીધો હતો. આ પ્રસંગે સૌ વતી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દાદાશ્રી અને પૂજ્યશ્રીને હાર પહેરાવી અભિવાદન કર્યું હતું, જ્યારે પૂજ્યશ્રીના હસ્તે મુખ્યમંત્રીશ્રીને 'શંકા બુક' (Shanka Boko) ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં પૂજ્યશ્રીએ આગામી જન્મજયંતી મહોત્સવ જામનગર ખાતે ઉજવવાની જાહેરાત કરતા જામનગરના મહાત્માઓએ સૌને ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું હતું.

TAT-HS મુખ્ય પરીક્ષાના પરિણામમાં મામલે અસંતુષ્ટ ઉમેદવારોનું ફરી એકવાર ગાંધીનગર ખાતે વિરોધ પ્રદર્શન

ગાંધીનગર,

ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે AT-HS મુખ્ય પરીક્ષાના પરિણામમાં અન્યાય થયો હોવાની નારાજગી, આક્ષેપો સાથે અસંતુષ્ટ ઉમેદવારોએ ફરી એકવાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર કરાયેલા પરિણામ સામે સવાલો ઉઠાવી ઉમેદવારોએ ઉત્તરવહી જાહેર કરવાની અને પારદર્શક રીતે પુનઃમૂલ્યાંકન કરવાની ઉગ્ર માગણી કરી હતી. ઉમેદવારોનો આક્ષેપ છે કે પરિણામમાં હજારો ઉમેદવારોને અન્યાય થયો છે અને તેમની મહેનત પ્રમાણે ગુણ આપવામાં આવ્યા નથી.

ઉલ્લેખનીય છે કે, તા. ૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ AT-HS મુખ્ય પરીક્ષા લેવામાં આવી હતી, જેનું પરિણામ ૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ જાહેર થયા બાદ મોટી સંખ્યામાં ઉમેદવારોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. આ અંગે ઉમેદવારોએ ગત સપ્તાહે રાજ્ય પરીક્ષા બોર્ડ સમક્ષ આવેદનપત્ર પાઠવી વિવિધ મુદ્દાઓ રજૂ કર્યા હતા. જોકે, બોર્ડ દ્વારા કેટલાક મુદ્દાઓના જવાબ આપવામાં આવ્યા હોવા છતાં ઉમેદવારો તેનાથી સંતુષ્ટ ન હોવાનું જણાવી રહ્યા છે.

ઉમેદવારોએ આક્ષેપ કર્યો છે કે, રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પેપર ૧ અને ૨ ના માર્ક જાહેર કરવાની વાત કરવામાં આવે છે, પરંતુ તે ક્યારે જાહેર કરાશે તેનો કોઈ ચોક્કસ સમય આપવામાં આવતો નથી. આ ઉપરાંત, સૌથી મહત્વની એવી પુનઃમૂલ્યાંકનની માંગ અંગે બોર્ડ દ્વારા કોઈ જ જવાબ આપવામાં આવ્યો નથી. સત્યાગ્રહ છાવણી ખાતે પ્રદર્શન કરી રહેલા ઉમેદવારોએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, આ પરીક્ષાના પરિણામમાં ઉમેદવારો સાથે ઘોર અન્યાય થયો છે અને જાણીજોઈને ઉમેદવારોના માર્ક ઓછા આપવામાં આવ્યા છે. એટલું જ નહીં, ઉચ્ચ લાયકાત ધરાવતા રૂઢ થયેલા ઉમેદવારોને પણ અન્યાય થયો છે અને તેમને પણ અત્યંત ઓછા માર્ક મળ્યા છે. ઉમેદવારોએ વધુમાં ગંભીર આક્ષેપ કરતા કહ્યું કે, ઉમેદવારોનો વિરોધ ન સહન કરવો પડે તે માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા રજાઓ પહેલા પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું હતું.

વડતાલ ધામ દ્વારા જાહેર સ્પષ્ટતા તથા સત્તાવાર નિવેદન

માધવપ્રિય સ્વામી તથા ડી.પી. સ્વામી વડતાલ મંદિરના ચોપડામાં રજીસ્ટર નોંધાયેલા ત્યાગી સંતો નથી



વડતાલ:

વડતાલ ધામ દ્વારા જાહેર સ્પષ્ટતા કરતા જણાવેલ છે કે સમગ્ર સત્સંગ સમાજ, મીડિયા જગત, પત્રકાર મિત્રો તથા જાહેર જનતા સોશિયલ મીડિયાના માધ્યમથી છેલ્લા કેટલાક સમયથી એમ.પી. સ્વામી (માધવપ્રિય સ્વામી) તથા ડી.પી. સ્વામી (દર્શનપ્રિય સ્વામી) દ્વારા વિવિધ્રાધ સ્થળોએ અનેક વ્યક્તિઓ સાથે ગેરરીતિ તથા છેતરપીડી કરવામાં આવી હોવાના આક્ષેપો અને સમાચારો પ્રકાશમાં આવ્યા છે.

આ ઉપરાંત, સ્વામિનારાયણ સંપ્રદાયના નામનો ઉપયોગ કરીને અજાણી વ્યક્તિઓ સાથે પણ છેતરપીડી કરવામાં આવી હોવાની બાબતો સમાચાર પત્ર અને સોશિયલ મીડિયા દ્વારા જાણવા મળી છે.

આ સમગ્ર બાબત અંગે શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવે છે કે એમ.પી. સ્વામી (માધવપ્રિય સ્વામી) તથા ડી.પી. સ્વામી (દર્શનપ્રિય સ્વામી) વડતાલ મંદિરના ચોપડામાં રજીસ્ટર નોંધાયેલા ત્યાગી સંતો નથી તેમજ વડતાલ સંસ્થા સાથે તેમનો કોઈ અધિકૃત સંબંધ નથી.

આથી ઉપરોકત વ્યકિતઓ સંબંધિત કોઈપણ ગેરરીતિ, છેતરપિંડી કે અન્ય બાબતોમાં સ્વામિનારાયણ મંદિર, વડતાલ અથવા વડતાલ સંસ્થાનું નામ જોડવું નહીં. જાહેર જનતાને પણ વિનંતી છે કે કોઈપણ અનધિકૃત વ્યકિતઓના નામે થતી કોઈપણ પ્રવૃતિ કે વ્યવહાર અંગે સાવચેત રહે અને સત્યતાની ખાતરી કર્યા વિના કોઈપણ પ્રકારનો વ્યવહાર ન કરે. આ જાહેર સ્પષ્ટતા સમગ્ર સત્સંગ સમાજ તથા જાહેર જનતાના હિતમાં કરવામાં આવે છે.

મનપાએ તિજોરી ભરવા ૨૩૨ કરોડના અર્ધો ડઝન પ્લોટ વેંચવા કાઢયા : ડિસે.માં ઈ-ઓકશન

રૈયા રોડ સવન સિગ્નેટ સામે પ્રતિ ચો.મી. અપસેટ ભાવ ૧.૩૦ લાખ, મવડી ગાંધી ટાઉનશીપ પાછળ ૧.૨૦ લાખ : એચસીજી, મોરબી રોડ, સાધુ વાસવાણી કુંજ રોડના પ્લોટ પણ સામેલ

રાજકોટ:રાજકોટમાં વર્ષોથી મનપા કોમર્શિયલ કે રહેણાંક હેતુની જમીન વેંચી ન શકતા દર વર્ષે બજેટમાં મુકાતા આવકના અંદાજો ઉંધા પડી રહ્યા છે. દરમ્યાન તાજેતરમાં છેલ્લા વર્ષોમાં કોર્પો.એ વેંચેલા પ્લોટ અને આવકનો પ્રશ્ન પૂછાયો હતો. તેવામાં મનપાએ જરૂરી પ્રક્રિયા કરીને શહેરના અલગ અલગ વિસ્તારમાં આવેલા છ કિંમતી પ્લોટ ઈ-ઓકશનથી વેંચવા જાહેરાત બહાર પાડી છે. આ વેંચાણથી કોર્પો.ને ૨૩૨ કરોડથી વધુની આવક થવાની આશા છે.

વર્ષોથી આર્થિક કટોકટીના પડકારો જોતી મહાપાલિકાના પગાર સહિતના મહેસુલી ખર્ચા દર વર્ષે ઉંચકાતા જાય છે. આ સ્થિતિમાં જુદા જુદા વિસ્તારોમાં આવેલા કોમર્શિયલ અને રેસિડેન્શિયલ મળીને કુલ છ પ્લોટની ઈ-હરાજી જાહેર કરી છે. આ છ પ્લોટની કુલ અપસેટ કિંમત અંદાજે રૂ.૨૩૨.૬૩ કરોડ થાય છે.

મહાનગરપાલિકા દ્વારા જાહેર કરાયેલી ઈ-હરાજી માટે બિડરોનું રજિસ્ટ્રેશન આજ તા.૨૩ નવેમ્બરથી શરૂ કરવામાં આવ્યું છે. રજિસ્ટ્રેશન, ઈએમડી અને ટેન્ડર ફી ભરવાની અંતિમ તારીખ ૧૪ ડિસેમ્બર સાંજે ચાર વાગ્યા સુધીની રાખવામાં આવી છે. દરેક બિડ માટે રૂ.૧૦ હજાર નોન-રિફંડેબલ ટેન્ડર ફી નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત તા.૫ ડિસેમ્બરના રોજ સવારે ૧૧ વાગ્યે મહાનગરપાલિકાના ડો. આંબેડકર ભવનના પ્રથમ માળે આવેલા કોન્ફરન્સ હોલમાં પ્રિ-બિડ મીટિંગ યોજાશે.

રૈયા મેઈન રોડ ઉપર સવન સિગ્નેટ એપાર્ટમેન્ટ સામે ફાઈનલ ટી.પી. સ્કીમ નં.૪, ફાઈનલ પ્લોટ નં.૭૬૯માં આવેલો ૩૨૨૧ ચોરસ મીટરનો કોમર્શિયલ પ્લોટ હરાજીમાં મુકાયો છે. તેની અપસેટ કિંમત પ્રતિ ચોરસ મીટર રૂ.૧.૩૦ લાખ નક્કી કરવામાં આવી છે. આ પ્લોટની કુલ અપસેટ કિંમત અંદાજે રૂ.૪૧.૮૭ કરોડ થાય છે. તેની ઈ-હરાજી ૨૧ ડિસેમ્બરે સવારે ૧૧થી ૧૨ વાગ્યા દરમિયાન યોજાશે.

મવડી વિસ્તારમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ-૨ ઉપર ફિલ્ડ માર્શલ રોડ નજીક મહાત્મા ગાંધી ટાઉનશીપ પાછળ આવેલા ફાઈનલ ટી.પી. સ્કીમ નં.૨૮ના ફાઈનલ પ્લોટ નં.૩૭/એની હરાજી થશે. આ કોમર્શિયલ પ્લોટનું ક્ષેત્રફળ ૫૩૦૫ ચોરસ મીટર છે. તેની અપસેટ કિંમત પ્રતિ ચોરસ મીટર રૂ.૧.૨૦ લાખ રાખવામાં આવી છે. કુલ અપસેટ કિંમત રૂ.૬૩.૬૬ કરોડ થાય છે. હરાજી ૨૧ ડિસેમ્બરે બપોરે ૧થી ૨ વાગ્યા દરમિયાન યોજાશે.

રાજકોટ-મોરબી રોડ ઉપર પંચવટી સોસાયટી નજીક એચ.પી. પેટ્રોલ પંપની સામે ફાઈનલ ટી.પી. સ્કીમ નં.૧૨ના ફાઈનલ પ્લોટ નં.૯૨માં આવેલો ૧૬૪૮ ચોરસ મીટરનો કોમર્શિયલ પ્લોટ હરાજીમાં મુકાયો છે. તેની અપસેટ કિંમત પ્રતિ ચોરસ મીટર રૂ.૧.૨૫ લાખ અને કુલ અપસેટ કિંમત રૂ.૨૦.૬૦ કરોડ થાય છે. તેની હરાજી ૨૨ ડિસેમ્બરે સવારે ૧૧થી ૧૨ વાગ્યે યોજાશે.

મોરબી રોડ ઉપર પૂનમ હોલની સામે ફાઈનલ પ્લોટ નં.૯૧માં આવેલો ૧૫૮૮ ચોરસ મીટરનો રેસિડેન્શિયલ પ્લોટ પણ વેચાણમાં મુકાયો છે. તેની અપસેટ કિંમત પ્રતિ ચોરસ મીટર રૂ.૧.૨૫ લાખ અને કુલ અપસેટ કિંમત રૂ.૧૯.૮૫ કરોડ થાય છે. આ પ્લોટની હરાજી ૨૨ ડિસેમ્બરે બપોરે ૧થી ૨ વાગ્યે યોજાશે.

રેલનગર વિસ્તારમાં સાધુ વાસવાણી કુંજ રોડ નજીક ભક્તિ પાર્ક સોસાયટી સામે આવેલા ફાઈનલ ટી.પી. સ્કીમ નં.૧૯ના ફાઈનલ પ્લોટ નં.૧૬/એની હરાજી પણ જાહેર કરાઈ છે. આ રેસિડેન્શિયલ પ્લોટનું ક્ષેત્રફળ ૧૪,૫૦૭ ચોરસ મીટર છે. તેની અપસેટ કિંમત પ્રતિ ચોરસ મીટર રૂ.૪૫ હજાર રાખવામાં આવી છે. કુલ અપસેટ કિંમત રૂ.૬૫.૨૮ કરોડ થાય છે. તેની ઈ-હરાજી ૨૨ ડિસેમ્બરે બપોરે ૩થી ૪ વાગ્યા દરમિયાન યોજાશે.

એચ.સી.જી. હોસ્પિટલ રોડ ઉપર કલ્યાણમ પાર્ટી પ્લોટની સામે, ૧૫૦ ફૂટ રિંગ રોડ નજીક આવેલા ફાઈનલ ટી.પી. સ્કીમ નં.૯ના ફાઈનલ પ્લોટ નં.સી/૯ની પણ હરાજી જાહેર કરાઈ છે. આ કોમર્શિયલ પ્લોટનું ક્ષેત્રફળ ૩૭૧૩ ચોરસ મીટર છે અને પ્રતિ ચોરસ મીટર રૂ.૯૦ હજારની અપસેટ કિંમત નક્કી કરાઈ છે. કુલ અપસેટ કિંમત રૂ.૩૩.૪૨ કરોડ થાય છે. તેની હરાજી ૨૧ ડિસેમ્બરે બપોરે ૩થી ૪ વાગ્યા દરમિયાન યોજાશે.

સ્વ. વેલજીભાઈ સરવૈયાની ચોથી પુણ્યતિથિએ વિરપુરમાં 'જલારામ પ્રવેશદ્વાર'નું લોકાર્પણ કરાશે

તા. ૨૯ નવેમ્બરના રોજ કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયાના હસ્તે લોકાર્પણ

વીરપુર (જલારામ) :

સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ યાત્રાધામ અને પૂજ્ય સંત શિરોમણી જલારામ બાપાની પવિત્ર ભૂમિ વિરપુર ખાતે સમસ્ત ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજના મોભી, જ્ઞાતિરત્ન અને જનસંઘ સમયથી ભાજપના વરિષ્ઠ આગેવાન તરીકે આગવી ઓળખ ધરાવતા સ્વ. વેલજીભાઈ સરવૈયાની ચોથી પુણ્યતિથિ નિમિત્તે તેમની સ્મૃતિમાં નિર્માણ પામેલા 'જલારામ પ્રવેશદ્વાર'નું ભવ્ય લોકાર્પણ તા. ૨૯ નવેમ્બર, ૨૦૨૬ના રવિવારના રોજ કરવામાં આવશે. ભારત સરકારના કેન્દ્રીય મંત્રી અને પોરબંદરના સાંસદ ડો. મનસુખભાઈ માંડવિયાના વરદ હસ્તે આ પ્રવેશદ્વારનું લોકાર્પણ યોજાશે.

વિરપુર ગામની શોભામાં વધારો થાય અને સ્વ. વેલજીભાઈ સરવૈયાની



યાદો લોકમાનસમાં કાયમી જળવાઈ રહે તેવા ઉમદા હેતુથી સરવૈયા પરિવાર દ્વારા જેતપુર રોડ ઉપર હોટલ તોરણ પાસે કલાત્મક અને સુંદર પ્રવેશદ્વારનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રવેશદ્વારને 'જલારામ પ્રવેશદ્વાર' નામ આપવામાં આવ્યું છે, જે વિરપુરમાં પ્રવેશતા યાત્રાળુઓ અને મુલાકાતીઓ માટે ગામની આગવી ઓળખ સમાન બનશે.

ઉલ્લેખનીય છે કે સ્વ. વેલજીભાઈ સરવૈયા ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજના મોભી, જ્ઞાતિરત્ન અને ભાજપના પાયાના કાર્યકર તથા વરિષ્ઠ આગેવાન તરીકે લોકચાહના ધરાવતા હતા. રાજકોટ જિલ્લો, ખાસ કરીને વિરપુર પંથક અને જેતપુર તાલુકામાં ભાજપના સંગઠનને મજબૂત બનાવવામાં તેમનું અમૂલ્ય યોગદાન રહ્યું હતું. જનસંઘના સમયથી તેમણે પક્ષના પાયાના કાર્યકર તરીકે નિષ્ઠા અને પ્રમાણિકતાથી કામગીરી કરી હતી.

તા. ૨૯ નવેમ્બરના રોજ યોજાનારા આ લોકાર્પણ સમારોહમાં ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી પ્રશાંતભાઈ કોરાટ, વિસ્તારના ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા, ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજા, રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરિયા, પૂર્વ સાંસદ રમેશભાઈ ધુડક સહિત રાજકોટ જિલ્લા ભાજપ સંગઠનના મહામંત્રીઓ ઉપસ્થિત રહેશે.

વ્યાજવટાવ અને જમીનનો દસ્તાવેજ કરાવવાના ગુનામાં આરોપીની જામીન અરજી મંજુર

નવ વર્ષ બાદ ફરિયાદ નોંધાવાઈ હોવાની બચાવ પક્ષની દલીલ ગ્રાહ્ય રાખતી સેશન્સ કોર્ટ

રાજકોટ:જસદણ તાલુકાના સાણથલી ગામના ભગુભાઈ વલકુભાઈ જેબલીયા સામે વ્યાજવટાવ અને ધાકધમકી આપી જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવાના આક્ષેપો હેઠળ નોંધાયેલા ગુનામાં રાજકોટની નામદાર સેશન્સ કોર્ટે જામીન મંજૂર કર્યા છે. આરોપી તરફથી એડવોકેટ રઘુવીર બસીયાએ કરેલી દલીલોને ગ્રાહ્ય રાખી અદાલતે જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ સાણથલી ગામના ચેતનભાઈ પોપટભાઈ રૂપારેલીયાએ આટકોટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે, તેમની પાસે ૧૫ વીઘા ખેતીની જમીન હતી. વર્ષ ૨૦૧૭માં બહેનોના લગ્ન પ્રસંગે લીધેલા હાથઉછીના નાણાં પરત આપવા માટે તેમને આશરે પાંચ લાખ રૂપિયાની જરૂર પડતાં ભગુભાઈ પાસેથી વ્યાજે નાણાં લીધા હતા. આ નાણાંની સિક્યોરિટી પેટે જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આપ્યો હતો.

ફરિયાદ મુજબ આરોપીએ પાંચ લાખની રકમ ઉપર ત્રણ ટકા વ્યાજ સાથે નાણાં પરત કરવાની માગણી કરી દસ્તાવેજ રજિસ્ટર કરાવવા દબાણ કર્યું હતું. ધાકધમકીના કારણે દસ્તાવેજ કરી આપ્યા બાદ ફરિયાદીએ દસ્તાવેજ પરત માગતાં આરોપીએ ૨૦ લાખ રૂપિયાની માગણી કરી હતી. અંતે જમીન પચાવી પાડ્યાનો આક્ષેપ કરી ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી રિમાન્ડ મેળવ્યા બાદ જેલહવાલે કર્યો હતો.

દરમિયાન આરોપીએ એડવોકેટ રઘુવીર બસીયા મારફતે સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. બચાવ પક્ષે દલીલ કરી હતી કે, ઘટનાની ફરિયાદ નવ વર્ષ બાદ નોંધાવવામાં આવી છે અને આ સમયગાળા દરમિયાન ફરિયાદીએ પોલીસ કે અન્ય કોઈ સત્તાધિકારી સમક્ષ વ્યાજે નાણાં લીધા હોવાની કે બળજબરીથી દસ્તાવેજ કરાવ્યાની ફરિયાદ કરી નહોતી. જમીનનો દસ્તાવેજ રદ કરાવવા અદાલતી કાર્યવાહી પણ કરી નહોતી.

આ ઉપરાંત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના જામીન અંગેના ચુકાદાઓ રજૂ કરવામાં આવ્યા હતા. બચાવ પક્ષની દલીલો ધ્યાને લઈ સેશન્સ કોર્ટે ભગુભાઈ વલકુભાઈ જેબલીયાની જામીન અરજી મંજૂર કરી તેમને મુક્ત કરવાનો હુકમ કર્યો છે.

બુધવારે સાંસદ ડો. સંબિત પાત્રાનું પ્રબુદ્ધ નાગરિક સંમેલન અને સંવાદનું આયોજન

રાજકોટ:

પ્રમુખ નાગરિક ગોષ્ઠી સમિતિ, રાજકોટ દ્વારા આગામી તા. ૨૫ નવેમ્બરને બુધવારે સાંજે ૫:૩૦ કલાકે પેડક રોડ પર આવેલા અટલબિહારી વાજપેયી ઓડિટોરિયમ ખાતે પ્રબુદ્ધ નાગરિક સંમેલન અને સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા અને પુરીના સાંસદ ડો. સંબિત પાત્રા મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહી નાગરિકો સાથે સંવાદ કરશે.

આ સંમેલનમાં રાજકોટના શિક્ષણવિદો, બુદ્ધિજીવીઓ, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, તબીબો, વકીલો, પત્રકારો, સામાજિક કાર્યકરો, યુવાનો અને મહિલાઓ સહિતના નાગરિકોને આમંત્રણ આપવામાં આવ્યું છે. કાર્યક્રમમાં રાષ્ટ્રીય મુદ્દાઓ, લોકશાહીમાં પ્રબુદ્ધ નાગરિકોની ભૂમિકા, સોશિયલ મીડિયાના યુગમાં સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ, રાષ્ટ્રવાદ, યુવાનોની દિશા તથા દેશના વિકાસના વિવિધ આયામો અંગે વિચારોનું આદાનપ્રદાન કરવામાં આવશે.

સમિતિના જણાવ્યા અનુસાર, વર્તમાન સમયમાં સમાજમાં તથ્યપૂર્ણ માહિતી અને સ્વસ્થ સંવાદની આવશ્યકતા વધી છે. સોશિયલ મીડિયા પર પ્રસારિત થતી માહિતીની સત્યતા સમજવા તથા રાષ્ટ્રીય અને સામાજિક મુદ્દાઓ પર જાગૃતિ કેળવવા આવા સંમેલનો મહત્વપૂર્ણ બની રહે છે.

રાજકોટ બાર દ્વારા મહિલા ધારાશાસ્ત્રીઓનું ઉપરાંત ચૂંટાયેલા વકીલ કોર્પોરેટરોનું સન્માન કરાશે

ડિજિટલ એવિડન્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મહિલા કાયદા અંગે નિષ્ણાતોનું માર્ગદર્શન અપાશે

રાજકોટ:રાજકોટ બાર એસોસિએશન દ્વારા વકીલાત ક્ષેત્રમાં જ્ઞાનવર્ધન, મહિલા ધારાશાસ્ત્રીઓના યોગદાનને બિરદાવવા અને રાજકીય ક્ષેત્રે સફળતા મેળવનાર વકીલોનું સન્માન કરવાના હેતુથી આગામી શનિવાર, તા. ૨૮ નવેમ્બરના રોજ ત્રિવેણી સંગમ સમાન વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અટલ બિહારી વાજપેયી હોલ ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં 'નારી વંદના' સન્માન સમારોહ ઉપરાંત આધુનિક કાનૂની વિષયો પર સેમિનાર અને કોર્પોરેટર તરીકે ચૂંટાયેલા ધારાશાસ્ત્રીઓનું વિશિષ્ટ સન્માન કરવામાં આવશે.



રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ સુમિત વોરા, સેક્રેટરી નિલેશ પટેલ, ઉપપ્રમુખ એસ.કે. જાડેજા, જોઈન્ટ સેક્રેટરી જયેન્દ્ર ગોંડલિયા, ટ્રેઝરર પ્રગતિ માકડિયા અને લાઈબ્રેરી સેક્રેટરી કેતન મંડના સંયુક્ત આયોજન હેઠળ યોજાનારા આ કાર્યક્રમમાં ૨૫ વર્ષથી વધુ સમયથી વકીલાત ક્ષેત્રે યોગદાન આપતી મહિલા ધારાશાસ્ત્રીઓનું 'નારી વંદના' અંતર્ગત સન્માન કરવામાં આવશે.

સાથે જ કાયદાના નિષ્ણાતો દ્વારા ડિજિટલ એવિડન્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એ.આઈ.) અને મહિલાઓને લગતા કાયદાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત રાજકોટ બાર એસોસિએશનનું નામ રોશન કરી કોર્પોરેટર તરીકે ચૂંટાયેલા નવથી વધુ ધારાશાસ્ત્રીઓનું પણ વકીલોની વિશાળ ઉપસ્થિતિમાં વિશિષ્ટ સન્માન કરવામાં આવશે. જેમાં નેહલભાઈ શુકલ, પરેશભાઈ ઠાકર, કિશનભાઈ ટીલવા, ઘનશ્યામભાઈ હેરભા, રક્ષિતભાઈ કલોલા, મનીષભાઈ ભટ્ટ, પ્રદીપભાઈ ડવ, કૌશિકભાઈ ટાંક અને જયરાજસિંહ જાડેજાનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા બે વર્ષથી રાજકોટ બાર એસોસિએશન સમગ્ર ગુજરાતમાં સેમિનાર અને વિવિધ રચનાત્મક કાર્યક્રમોના આયોજનમાં અગ્રેસર રહ્યું છે. વકીલોને આધુનિક કાનૂની પ્રવાહો, ટેક્નોલોજી અને કાયદાકીય જોગવાઈઓથી અવગત કરાવવા અવારનવાર નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમો યોજવામાં આવે છે.

આ ત્રિવેણી કાર્યક્રમને સફળ બનાવવા કારોબારી સભ્યો હિરલબેન જોશી, નિશાબેન લુણાગરિયા, મીનલબેન સોનપાલ, સ્તવન મહેતા, ભાર્ગવ પંડ્યા, વિજય રૈયાણી, સંજય ડાંગર, અશ્વિન રામાણી, કલ્પેશ સાકરિયા, દીપ વ્યાસ, કો-મેમ્બર રક્ષાબેન ઉપાધ્યાય જહેમત ઉઠાવી રહ્યા છે. કાર્યક્રમમાં ભાગ લેવા ઇચ્છુક વકીલોએ લાઈબ્રેરીમાં તુષારભાઈનો સંપર્ક કરી વહેલા તે પહેલાના ધોરણે નોંધણી કરાવવાની રહેશે. આયોજકોએ રાજકોટના તમામ ધારાશાસ્ત્રીઓને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ કરી છે.

બારના ચૂંટણી કમિશનર નિમાયા, ઉમેદવારોએ પ્રચારના શ્રીગણેશ કર્યા

એડવોકેટ અતુલભાઈ દવે, જયેશભાઈ અતીત, કેતનભાઈ શાહ, ગિરિરાજસિંહ જાડેજાને કમિશનર તરીકે જવાબદારી સોંપાઈ

રાજકોટ:રાજકોટ બાર એસો.ની ચૂંટણી માટે કમિશનરો નિમાયા છે. એ સાથે ઉમેદવારોએ પ્રચારના શ્રીગણેશ કર્યા છે. એડવોકેટ અતુલભાઈ દવે, જયેશભાઈ અતીત, કેતનભાઈ શાહ, ગિરિરાજસિંહ જાડેજાને કમિશનર તરીકે જવાબદારી સોંપાઈ છે.

રાજકોટમાં બાર એસો. ની ચૂંટણીમાં ખૂબ ખેંચતાણ રહે છે. ગયા વખતે ત્રિપાંખિયો જંગ હતો. આ વખતે માત્ર બે પેનલ સામસામે લડે તેવી સંભાવના છે. પ્રમુખ પદ માટે વર્તમાન પ્રમુખ સુમિત વોરાએ આ વખતે પણ ચૂંટણી લડવા નિર્ણય કર્યો છે. જ્યારે પૂર્વ પ્રમુખ બકુલભાઈ રાજાણીએ પણ ચૂંટણી લડવાની ઔપચારિક જાહેરાત કરી દીધી છે. કારોબારી પદે નિખિલ ઝાલાવાડીયાએ ચૂંટણી લડવા નિર્ણય કરી લીધો છે એ સાથે તેમણે સોશ્યલ મીડિયામાં પ્રચાર પણ શરૂ કરી દીધો છે. ત્યારે રાજકોટ બારમાં ચૂંટણી માહોલ જામી ગયો છે.



આગામી બારની એસોસિએશનની ચૂંટણીમાં ટ્રેઝરર પદ અને કારોબારીમાં ૩૦ ટકા બેઠક મહિલા અનામત રહેશે. રાજકોટ સહિત ગુજરાત રાજ્યના તમામ ૨૮૨ બાર એસોસિએશનોની ચૂંટણી આગામી ૧૮ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાશે. બાર એસોસિએશનોમાં શિસ્તબદ્ધ અને નિયમોનુસાર ચૂંટણી પ્રક્રિયા થાય તે હેતુથી બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા વિગતવાર ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.સાથે જ મતદાર યાદી તૈયાર કરવા, ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવા, ઉમેદવારી પ્રક્રિયા પૂર્ણ કરવા અને મતદાનમાં પારદર્શિતા જાળવવા અંગે તમામ બાર એસોસિએશનોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ૨૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ મળેલી સામાન્ય સભામાં સર્વાનુમતે થયેલા ઠરાવ અનુસાર, રાજ્યના તમામ બાર એસોસિએશનોમાં ૧૮ ડિસેમ્બરે ચૂંટણી યોજવાનું નક્કી કરાયું છે. આ અંગે બાર કાઉન્સિલે તમામ બાર એસોસિએશનોના પ્રમુખ, ઉપપ્રમુખ અને સેક્રેટરીને પત્ર પાઠવી નિર્ધારિત કાર્યક્રમનું ચુસ્તપણે પાલન કરવા જણાવ્યું છે.

ચૂંટણી કાર્યક્રમ મુજબ, દરેક બાર એસોસિએશને પોતાના નોંધાયેલા સભ્યોની યાદી ૨૦ નવેમ્બર, ૨૦૨૬ સુધીમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની કચેરીમાં મોકલાવી છે. ૨૧ નવેમ્બર સુધીમાં ચૂંટણી અધિકારીની નિમણૂક કરવાની હતી. જે રાજકોટ બાર દ્વારા પ્રક્રિયા પૂર્ણ કરી એડવોકેટ અતુલભાઈ દવે, જયેશભાઈ અતીત, કેતનભાઈ શાહ, ગિરિરાજસિંહ જાડેજાને કમિશનર તરીકે જવાબદારી સોંપાઈ છે.

ઓડિટ દિવસની ઉજવણી અંતર્ગત એ.જી. ઓફિસમાં વિવિધ વિભાગો વચ્ચે રંગોળી સ્પર્ધા યોજાઈ

વિકસિત ભારત, ડિજિટલ ઈન્ડિયા સહિતના વિષયો પર કર્મચારીઓએ રંગોળી દ્વારા સર્જનાત્મક અભિવ્યક્તિ કરી

રાજકોટ:ઓડિટ દિવસ-૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે આજ રોજ એ.જી. ઓફિસ ઓડિટ-૧ તથા એકાઉન્ટ્સ એન્ડ એન્ટાઇટલમેન્ટના વિવિધ વિભાગો વચ્ચે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઓફિસ પરિસરમાં યોજાયેલી આ સ્પર્ધામાં એ.જી. ઓફિસ ઓડિટ-૧ અને એકાઉન્ટ્સ એન્ડ એન્ટાઇટલમેન્ટ (છઋઈ)ના તમામ કર્મયોગીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધામાં દરેક વિંગ માટે ૪ ટ ૪ની રંગોળી તૈયાર કરવાની મર્યાદા નક્કી કરવામાં આવી હતી. સ્પર્ધા માટે રાષ્ટ્રના વિકાસને પ્રતિબિંબિત કરતા ત્રણ વિષયો નક્કી કરવામાં આવ્યા હતા. જેમાં 'વિકસિત ભારત અને આર્થિક વિકાસ', 'ડિજિટલ ઈન્ડિયા અને ફ્યુચર રેડી ઓડિટિંગ' તેમજ 'ટકાઉ વિકાસ અને ગ્રીન ગવર્નન્સ'નો સમાવેશ કરવામાં આવ્યો હતો.



આ વિષયોને કેન્દ્રમાં રાખીને વિવિધ વિંગ્સના કર્મચારીઓએ પોતાની સર્જનાત્મકતા, કલાત્મક અભિવ્યક્તિ અને કલ્પનાશક્તિનો પરિચય કરાવ્યો હતો. રંગોળી દ્વારા વિકસિત ભારતના સંકલ્પ, ડિજિટલ યુગમાં ઓડિટિંગની બદલાતી ભૂમિકા તેમજ પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસના વિચારોને સુંદર રીતે રજૂ કરવામાં આવ્યા હતા. બાળકો માટે કોઈપણ વિષય પર રંગોળી બનાવવાની છૂટ હતી.

સ્પર્ધામાં રજૂ થયેલી રંગોળીઓનું નિર્ણાયકો દ્વારા ઝીણવટભર્યું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિવિધ માપદંડોને ધ્યાનમાં રાખીને શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ત્રણ વિભાગોની પસંદગી કરવામાં આવી હતી.

આ સ્પર્ધાએ કર્મચારીઓમાં સર્જનાત્મકતા, ટીમવર્ક અને સામૂહિક સહભાગિતાની ભાવનાને પ્રોત્સાહન આપવાની સાથે ઓડિટ દિવસની ઉજવણીને વિશેષ રંગત આપી હતી. સાથે જ, રંગોળી જેવા પરંપરાગત કળામાધ્યમ દ્વારા રાષ્ટ્રીય વિકાસ, આધુનિક ટેકનોલોજી અને પર્યાવરણલક્ષી સુશાસન જેવા મહત્વપૂર્ણ વિષયો અંગેનો સંદેશ પણ અસરકારક રીતે રજૂ થયો હતો.

નવા મતદારોને નામ નોંધાવવાની તક

રાજકોટ:ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર, જે રાજ્યોમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન ની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે, ત્યાં સતત સુધારણા પ્રક્રિયા અંતર્ગત મતદારયાદીમાં નોંધણીથી બાકી રહી ગયેલા તેમજ ૧૮-૧૯ વર્ષના નવા પાત્ર યુવા મતદારો માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ સંદર્ભે ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી દ્વારા રાજ્યના તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને કલેક્ટરશ્રીઓને વિસ્તૃત માર્ગદર્શિકા સાથે આયોજન કરવા સૂચનાઓ આપવામાં આવી છે.

નાગરિકોની સુવિધા માટે નીચે મુજબના ૩ રવિવારો દરમિયાન તમામ મતદાન મથકો પર વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવશે: જેમાં તા. ૨૯/૧૧/૨૦૨૬ તા. ૦૬/૧૨/૨૦૨૬ તા. ૧૩/૧૨/૨૦૨૬ આ દિવસોમાં સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૫:૦૦ કલાક સુધી ડેઝીગ્નેટેડ ઓફિસર અને બૂથ લેવલ ઓફિસર મતદાન મથકો પર ઉપસ્થિત રહીને હક્ક-દાવા અને વાંધા અરજીઓ (ફોર્મ્સ) સ્વીકારશે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

સારવારનો ભાર હળવો થશે, આશા જીવંત છે

સવારે ઘરનો દરવાજો ખોલીને કામે જતો માણસ સાંજે હોસ્પિટલના દરવાજે ઊભો હોય એ દૃશ્ય હવે કોઇને નવું લાગતું નથી. તાવ આવ્યો હોય, પેટમાં દુખતું હોય, પગ લપસ્યો હોય કે હૃદયમાં થોડી ગભરામણ થતી હોય, પહેલો વિચાર રોગનો નથી આવતો, પહેલો વિચાર ખર્ચનો આવે છે. દવાખાનામાં જઈશું તો કેટલા રૂપિયા થશે, તપાસ કરાવીશું તો કેટલા લાગશે, દવા લઈશું તો ઘરનું બીજું કામ કેવી રીતે ચાલશે, આ ગણતરી માંદા માણસના મનમાં રોગ કરતાં પહેલાં શરૂ થઈ જાય છે. આ સ્થિતિ એક ઘરની નથી, એક ગામની નથી, એક શહેરની નથી, આ સ્થિતિ આખા દેશની બની ગઈ છે.

દેશના હિસાબ તપાસનારી સર્વોચ્ચ સંસ્થા કેગ અને રાષ્ટ્રીય આરોગ્ય હિસાબના વર્ષ ૨૦૨૩-૨૪ના અહેવાલે આપણને આ સ્થિતિનો સાચો ચિતાર આપ્યો છે. એ અહેવાલ કહે છે કે ઘણાં મોટાં રાજ્યોમાં સારવારના કુલ ખર્ચનો મોટો હિસ્સો લોકો પોતાના ખિસ્સામાંથી ભરી રહ્યા છે. કેટલીક જગ્યાએ આ હિસ્સો અડધાથી પણ વધારે છે. બજારમાંથી ખરીદાતી મોટાભાગની દવાઓનો ખર્ચ લોકો જાતે ઉઠાવે છે. ખાનગી તપાસ કેન્દ્ર પર થતી તપાસનો ભાર પણ લગભગ આખો લોકોના માથે જ પડે છે. આ આંકડા સાંભળીને મન ભારે થાય છે, પણ એ આંકડા આપણને જગાડવા માટે આવ્યા છે. કેગ જેવી સંસ્થા જ્યારે સાચી વાત સામે મૂકે છે, ત્યારે વ્યવસ્થાને સુધારવાની તક મળે છે. અહેવાલ એટલા માટે નથી હોતો કે આપણે નિરાશ થઈ જઈએ, અહેવાલ એટલા માટે હોય છે કે આપણે ખામી જાણીને એને દૂર કરીએ. વર્ષ ૨૦૨૩-૨૪ના આ આંકડા આપણને એવું કહે છે કે હવે આપણે આરોગ્યની વ્યવસ્થાને વધારે મજબૂત, વધારે પારદર્શક અને વધારે માનવીય બનાવવી પડશે. અને એ કામ અશક્ય નથી, એ કામ આપણા હાથમાં છે.આ અહેવાલમાં એક વાત ખાસ ધ્યાન ખેંચે છે. આરોગ્યના નામે લોકો પાસેથી લેવામાં આવતો ખાસ વેરો જે ખાતામાં જમા થવો જોઈએ, એ ખાતામાં પૂરેપૂરો પહોંચતો નથી, એવું કેગે નોંધ્યું છે. બીજી તરફ આરોગ્ય વિભાગને મળેલા નાણાંમાંથી પણ મોટી રકમ વપરાયા વગર રહી જાય છે. આ સાંભળીને પહેલાં દુ:ખ થાય છે, પણ પછી આશા પણ જાગે છે. કારણ કે આનો અર્થ એવો થાય છે કે આપણી પાસે નાણાં છે, સાધનો છે, યોજનાઓ છે, માત્ર એને સમયસર અને સાચી રીતે વાપરવાની જરૂર છે. જો વેરાનાં નાણાં સીધાં આરોગ્યના ખાતામાં જાય અને દરેક રૂપિયો દવા, તપાસ, હોસ્પિટલ અને ડોક્ટર સુધી પહોંચે, તો ચિત્ર બદલાતાં વાર નહીં લાગે હવે પછીની પરિસ્થિતિ સુધારવા માટે સૌથી પહેલું પગલું ગામના અને નાના વિસ્તારના આરોગ્ય કેન્દ્રને મજબૂત કરવાનું છે. ગામનું આરોગ્ય કેન્દ્ર જો સારું હોય, ત્યાં ડોક્ટર સમયસર આવતા હોય, ત્યાં જરૂરી દવાઓ મળતી હોય, ત્યાં સામાન્ય તપાસ થતી હોય, તો મોટાભાગના લોકોને શહેર સુધી દોડવું જ ન પડે. તાવ, શરદી, પેટની તકલીફ, લોહીનું દબાણ, સાકર જેવા રોગોની સારવાર ગામમાં જ થઈ શકે. આનાથી લોકોનો સમય પણ બચે, પૈસા પણ બચે અને મોટી હોસ્પિટલો પરનો ભાર પણ ઓછો થાય. આ માટે દરેક કેન્દ્રમાં ડોક્ટરની જગ્યા ભરવી, દવાનો પૂરતો જથ્થો રાખવો, તપાસનાં સાધનો ચાલુ રાખવાં અને કેન્દ્રની સ્વચ્છતા જાળવવી એ ખૂબ જરૂરી છે.

રહીમચાચા પ્રત્યે ભૂલકાંઓનો અહોભાવ

બાળકોને સ્કૂલે લઈ જતાં ઘોડાગાડીવાળા, વિદ્યાર્થીઓનાં વ્હાલા ચાચાને મોટું ઓપરેશન કરાવવાનું આવ્યું ત્યારે એમની નબળી આર્થિક સ્થિતિ છતાં ભૂલકાંઓના અહોભાવથી વિદ્યાર્થીઓ, વાલીઓ, સ્કૂલનો સ્ટાફ તથા એક શ્રેષ્ઠીએ ઉમદા સહકાર આપીને તેનો આર્થિક બોજ ઉપાડી લીધેલો.

-ડો. મનહર ઠાકર

અલપ ઝલપ

દસ વર્ષનો દીકરો કહી રહ્યો હતો, ' મમ્મી ! મારે તો પાંચ રૂપિયા ફાળામાં આપવા છે. આજે જ લઈ જવાનો છું. રહીમચાચા માટે આટલું તો કરવું પડે. કેવા છે રહીમચાચા, મમ્મી...! ' દીકરાના સ્વરમાં રહીમચાચા પ્રત્યેનો અહોભાવ હતો. તે બરાબર વ્યક્ત પણ કરી શકતો નથી. તેની આંખો છલકાઈ ગઈ.

મમ્મી કહે, ' પાંચ જ હોય ? બધાં પાંચ જ આપવાના છે, ને ? '

તે રડી પડ્યો, ' મમ્મી રહીમચાચાને મોટું ઓપરેશન કરવાનું છે. પોતે કેટલા ઉદાસ થઈ ગયા છે ! આવતીકાલે હોસ્પિટલમાં દાખલ થવાના છે. પરમદિવસે ઓપરેશન છે. મેં ભગવાનને પ્રાર્થના કરી કે રહીમચાચાને...! મમ્મી, કેટલા ભલા છે ચાચા ! અમને પ્રેમથી ઘોડાગાડીમાં બેસાડીને સ્કૂલે લઈ જાય. સરસ મજાનાં ગીતો ગાતાં હોય. ગમે તે પૂછો, મજાનો ઉત્તર આપે. મમ્મી ! એવા ચાચાને એવું ઓપરેશન...!

પારિજાત વિદ્યાલયના દરેક બાળકો આ વાત સમજતાં હતાં. સ્કૂલમાં એ જ ચર્ચા થતી. વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ એ જ અહોભાવમાંથી ગુજરતા હતા કે, પ્રભુ પ્રાર્થના જરૂર સાંભળતા હોય છે. જેનો જન્મ તેનું મૃત્યુ, એ બધું ઋણાનુબંધ છે ; પણ રહીમચાચાએ કોનું બગાડ્યું છે ? તેને કશું નહીં થાય એવી વાતો થતી હતી.

આચાર્ય ભલા છે, તરત ફાળાની વ્યવસ્થા કરી અને સ્કૂલનો સ્ટાફ તો પાંચસો પાંચસો આપવાનો છે. આ વાત દીકરાના પપ્પાએ સાંભળી. તેની પાસે વધારે સમય ન હતો, તેણે એક હજારની નોટ આપતા કહ્યું, ' રહીમચાચાને ઓપરેશન કરવાનું છે, એટલે આ તારો ફાળો આપી દેજે. '

દીકરો રાજી રાજી થઈ ગયો.

કાર ડ્રાઇવ કરીને પપ્પા પાર્ટીમાં જાય, સ્વિમિંગ પૂલે જાય, પછી કલબમાં જાય તેને બદલે





અત્યારે સાંકડીશેરીમાં રહીમચાચાના રહેણાંકે પહોંચ્યા. નીચા ઉંબરાવાળું મકાન, નાનું ફળિયું, ઓરડાને છેવાડે નાનકડો વરંડો, ઉપરની મેડીએ દાદર ચડતાં ત્યાંથી ખુલ્લું આકાશ દેખાય, ચોમાસામાં વરસાદનું પાણી ધકેલાતું ઘરમાં આવતું, તેવા ઘરની પરસાળે રહીમચાચા ખાટલે સૂતાં વિચારતાં હતા કે જો કુદરતે એક દીકરો દીધો હોત તો...

દાદરો ચડીને આવ્યા પછી આ બધું જોયું ત્યારે આ સુખી સંપન્ન પપ્પાએ પોતાના ભૂતકાળને વાગોળ્યો. પોતે પ્લોટ વિસ્તારમાં બંગલે રહેવા આવ્યા પછી વીસેક વર્ષ થયાં પણ જૂના મકાનવાળી ગલીમાં પગ પણ નહોતો મુક્યો. આજે તો પોતે એક ધીકતા ઉદ્યોગના ને સાહસના માલિક બની ગયા છે.

અહીં સાંકડી શેરીમાં આવતાં તેમણે પોતાની જૂની દુકાન ભણી જોયું પણ હતું, કેટલી જૂની છે, જો કાઢી નાખી હોત તો...તેને જૂની યાદો જાગી ઊઠી. ખાટલે પડેલાં રહીમચાચા શેઠને ભાળીને બેઠા થયા. શેઠે તેને બેઠા થવામાં ટેકો કર્યો અને તેની બાજુમાં ખાટલે બેસી, તેના હાથમાં હાથ રાખીને ખબર પૂછ્યાં.

કેટલાં વર્ષો પછી પોતે આ શેરીમાં આવ્યા એટલે પાડોશી અને ત્યાં રહીને નાનીમોટી હાટડીમાં હાટ માંડીને નાનોમોટો ધંધો કરનારા પણ મળવા આવ્યા. રહીમચાચાના પત્ની ઝુબેદાબાનુ પણ સૌની સામે આવી ' સલામ માલેકુમ ' કરીને બેઠાં. સૌએ રહીમચાચાની તબિયત વિશે પૃચ્છા કરી. આવતીકાલે હોસ્પિટલમાં ઓપરેશન માટે દાખલ થવાના ખર્ચ વિશેની વ્યવસ્થા માટે ઝુબેદાબાનુએ પોતાનો દરદાગીનો વેચવાની વાત રજૂ કરી. એટલી વારમાં સ્કૂલના સ્ટાફમાંથી આચાર્ય સાથે બે શિક્ષકો આવી પહોંચ્યા. સ્કૂલ અને વિદ્યાર્થીઓ તથા વાલીઓએ એકઠો કરેલો ફાળો ઝુબેદાબાનુના હાથમાં કવર મૂકીને અર્પણ કર્યો.

શેરીના લોકોએ પોતાનાથી બનતી સહાય કરવાનો વિચાર રજૂ કર્યો. આ શેરીના વસવાટ દરમિયાન પોતાના સંસ્મરણો યાદ કરતાં શેઠની લાગણી ઉભરી આવી. તેણે સૌની વચ્ચે પ્રસ્તાવ મૂક્યો કે, ' આપણી આ સાંકડી શેરીમાં મારી જે ખાલી દુકાન છે, તેની હું હરાજી કરીને અત્યારે વેચવા માગું છું. જે કિંમતે તેનું વેચાણ થાય તે પૂરેપૂરી રકમ રહીમચાચાને હોસ્પિટલના ખર્ચ પેટે આપી દેવાની છે.'

આ શેરીના નાકે આવેલી મોકાની દુકાન પર વર્ષોથી કેટલાંક વેપારીની આંખ મંડાયેલી હતી. અહીં બેઠેલા હાટવેપારીઓએ આ તક ઝડપી લીધી. હરાજીની બોલી શરૂ થઈ, ક્રમિક વધારો થતો ગયો અને અઢી લાખની છેલ્લી બોલીએ હરાજી અટકી ગઈ. શેઠે એનો સ્વીકાર કર્યો. જે હાટવેપારીએ દુકાન રાખી, તેણે ઘેરથી લાવીને રોકડા અઢી લાખ સૌની વચ્ચે બેસીને ગણી દીધાં. આ રકમ અને શેરીમાંથી એકઠો થયેલો ફાળો રહીમચાચાના ખોળામાં મૂકીને સૌએ અહોભાવ સાથે પ્રભુને પ્રાર્થના કરી કે, સ્કૂલનું વેકેશન ખુલે ત્યારે રહીમચાચા ઘોડાગાડીને ઘોડો જોડી મીઠાં ગીતો ગાતાં પ્રેમથી બાળકોને સ્કૂલે લઈ જાય...

ભારતીય સ્કિન ટોનના અનુસાર કોસ્મેટિક્સની પસંદગી

વાર-તહેવાર કે શુભ પ્રસંગે માનુનીઓ પોતાના મેકઅપ પર વધુ ધ્યાન આપે છે જેથી તેનો ચહેરા પર નેચરલ ગ્લો આવે. તેથી તે ઘણી વખત બજારમાંથી મોંઘા પ્રોડક્ટસ ખરીદી લે છે પરંતુ તેમ છતાં તે મનપસંદ લુક મેળવવામાં નિષ્ફળ જતી હોય છે. આ માટેનું ખાસ કારણગલત ફાઉન્ડેશન, બ્લશ અથવા તો હાઇલાઇટરની પસંદગી હોઇ શકે છે. ઘણા લોકો ગોરા દેખાવા માટે પોાની સ્કિનથી હળવા રંગનું ફાઉન્ડેશન લગાડતા હોવાથી ચહેરો અને ગરદન અલગ -અલગ રંગના દેખાય છે. મેકઅપ ફક્ત કુદરતી બ્યૂટીને નિખારે છે તેના કરવાથી ત્વચાના રંગમાં કોઇ ફરક પડતો હોતો નથી.

ફાઉન્ડેશનની યોગ્ય પસંદગી

ફાઉન્ડેશન એ મેકઅપનો સૌથી જરૂરી હિસ્સો છે. તેનો રંગ પસંદ કરવામાં ભૂલ થઈ ગઇ હોય તો ચહેરો ભદ્દો દીસે છે. તેથી પોતાની સ્કિન કરતાં બહુત ડાળવું ફાઉન્ડેશન પસંદ ન કરવું.ફાઉન્ડેશનનો શેડ એવો પસંદ કરવો જોઇએ જે ચહેરા પર સરળતાથી બ્લેન્ડ થઇ જાય અને ગરદનના રંગથી અલગ ન દેખાય. ફાઉન્ડેશનને જોલાઇન પર લગાડીને ચેક કરવું, જો તે સ્કિનમાં બરાબર ભળી જાય તો તેનો રંગ તમારી સ્કિન માટે યોગ્યો હશે.

સ્કિન ટોન સાથે અંડર ટોન સમજવો જરૂરી

ફાઉન્ડેશન ખરીદતી વખતે ફક્ત સ્કિનના રંગ પર જ ધ્યાન ન આપતાં સ્કિનનો અંડરટોન પણ સમજવો જરૂરી છે. ઘણા લોકોની સ્કિનમાં ગોલ્ડન અથવા પીળાશ પડતો ટચ હોય છે, તો વળી ઘણાની સ્નમાં ગુલાબી ટચ હોય છે. જ્યારે ઘણાંની ન્યૂટ્રલ હોય છે. તેથી હાથના કાંડા પર ફાઉન્ડેશનનો શેડ લગાડીને પસંદ કરવો.તેમજ તેને જોલાઇન પર લગાડીને ગરદન તરફ બ્લેન્ડ કરી કુદરતી પ્રકાશમાં જોવું.

મેકઅપના રંગોની યોગ્ય પસંદગી

મેકઅપ કરતી વખતે ફાઉન્ડેશન, બ્લશ અને હાઇલાઇટરના રંગ કબીજા સાથે મેળ ખાવા જરૂરી છે. મેકઅપ કરવાનો હેતુ ગોરા દીસવાનું નથી હોતું પરંતુ સ્કિનને હેલ્થી અને ખૂબસૂરત દેખાડવાનું છે. બ્રાઇડલ મેકઅપ માટે પ્રોડક્ટસ ખરીદતા પહેલા તેને દિવસના પ્રકાશમાં પસંદ કરવો.

હેલ્થ ટીપ્સ



બ્લશના યોગ્ય શેડની પસંદગી કરી ચહેરાની ખૂબસૂરતી વધારવી

બ્લશ લગાડવાથી ગાલ પર કુદરતી રંગ આવે છે અને ચહેરો ફ્રેશ નજર આવે છે. ઇન્ડિયન સ્કિન ટોન પર પીચ, વોર્મ પિંક, કોરલ, બેરી અને ટેરાકોટા જેવા શેડસ સારા લાગે છે. જોકે યોગ્ય રંગ ત્વચાની સ્કિનના ટોન અને અંડરટોન પર નિર્ભર કરે છે. બ્રાઇડલ મેકઅપમાં ક્રીમ બ્લશની ઉપર થોડો પાવડર બ્લશ લગાડવાથી રંગ લાંબા સમય સુધી ટકવામાં મદદ મળે છે. જોકે એક વાત ખાસ ધ્યાન રાખવી કે બ્લશ એક સાથે વધુ લાગી જાય નહીં. બ્લશ થોડું-થોડું લગાડી રંગ વધારવો, જેથી ગાલનું લુક કુદરતી દીસે.

હાઇલાઇટરથી નેચરલ ગ્લો

હાઇલાઇટર ચહેરાને નિખારવાનું કામ કરે છે. પરંતુ તેને વધુ પડતું લગાડવાથી ચહેરો જરૂરતથી વધુ ચમકીલો લાગે છે. ભારતીય ત્વચા પર ગોલ્ડનસ શેમેપેન અને રોઝ ગોલ્ડ જેવા રંગ સારા લાગે છે. તેને ગાલના ઉપલા હાડકા અને જરૂરત પ્રમાણે નાક પર થોડું લગાડવું.

જિનપિંગનો પાવર શો, ટ્રમ્પ-પુતિન બન્યા મહેમાન કલાકાર

શેંઝેનમાં ત્રણ મહાશક્તિઓનું ઐતિહાસિક મહામિલન થયું. જ્યાં ટ્રમ્પ જિનપિંગ અને પુતિને શાંતિ ડીલની જાહેરાત કરી. વિશ્વના ૯૧% પરમાણુ હથિયારો ધરાવતી આ ત્રણેય શક્તિઓએ હથિયારો ઘટાડી યુદ્ધ નહી શાંતિનો માર્ગ પસંદ કર્યો. આ નિર્ણયથી માનવતાને નવી આશા વિશ્વાસ અને સુરક્ષિત ભવિષ્યની મજબૂત ખાતરી મળી, હવે દુનિયા ભય વગર જીવશે એવી શ્રદ્ધા.

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

શેનઝેન શહેરમાં ગુરુવારે દુનિયાએ એક એવું દ્રશ્ય જોયું જેની કલ્પના પણ થોડા વર્ષ પહેલા સુધી મુશ્કેલ લાગતી હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન એક જ મંચ પર, એક જ ટેબલ પર સાથે બેઠા હતા. ત્રણ મહાશક્તિઓના આ મહામિલનને દુનિયાભરના અખબારોએ ઐતિહાસિક ગણાવ્યું છે. કારણ એ છે કે આ ત્રણ દેશો વચ્ચે આ પહેલી વખત ત્રિપક્ષીય બેઠક થઈ છે. આ પહેલા આ ત્રણ નેતાઓ અલગ અલગ રીતે મળતા રહ્યા છે, એકબીજા સાથે વાતચીત કરતા રહ્યા છે, પણ ત્રણેય એક સાથે એક જ જગ્યાએ બેસીને દુનિયાની શાંતિ અંગે વાત કરે એવું ક્યારેય બન્યું ન હતું. એટલે જ આ બેઠક શરૂ થાય એ પહેલા જ તેની ચર્ચા દુનિયાના ખૂણે ખૂણે થવા લાગી હતી. લોકોના મનમાં એક જ સવાલ હતો કે શું આ ત્રણ નેતાઓ ખરેખર કોઈ મોટો નિર્ણય લેશે, કે પછી આ માત્ર એક ફોટોની તક બનીને રહી જશે. બેઠક પૂરી થયા બાદ જે જાહેરાત કરવામાં આવી એ જાહેરાતે એ સવાલનો જવાબ આપવાનો પ્રયાસ કર્યો છે. ત્રણેય નેતાઓએ સાથે મળીને દુનિયાભરમાંથી પરમાણુ હથિયારોને તબક્કાવાર ખતમ કરવાની વાત કરી છે. આ વાત સાંભળવામાં જેટલી સરળ લાગે છે એટલી જ તેનું મહત્વ મોટું છે. કારણ કે દુનિયાના કુલ પરમાણુ હથિયારોનો લગભગ એકાણું ટકા જથ્થો આ ત્રણ જ દેશો પાસે છે. રશિયા પાસે બાવનસો વીસ, અમેરિકા પાસે પાંચ હજાર બેતાલીસ અને ચીન પાસે છસો વીસ સક્રિય પરમાણુ હથિયાર હોવાનું કહેવાય છે. એટલે જો આ ત્રણ દેશો ખરેખર પરમાણુ હથિયારો ઘટાડવા તૈયાર થાય તો દુનિયા એક મોટા ભયમાંથી બહાર આવી શકે છે. આજે દુનિયાનો દરેક સામાન્ય માણસ જાણે છે કે પરમાણુ હથિયાર એ કોઈ એક દેશની તાકાત નથી, પણ આખી માનવજાત માટે ખતરો છે. એક નાનકડી ભૂલ, એક ખોટો નિર્ણય કે એક ક્ષણનો ગુસ્સો આખી દુનિયાને બરબાદ કરી શકે છે. એટલે જ જ્યારે ત્રણ સૌથી મોટા પરમાણુ દેશોના નેતાઓ એકસાથે આવીને કહે કે અમે આ હથિયારો ઘટાડીશું, ત્યારે દુનિયાને થોડી રાહત થાય એ સ્વાભાવિક છે.

બેઠકમાં ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગે પરમાણુ હથિયારોને માનવતાના માથા પર લટકતી તલવાર ગણાવ્યા હતા. તેમના શબ્દો સીધા અને સ્પષ્ટ હતા. તેમણે કહ્યું હતું કે આ તલવારને સંપૂર્ણ રીતે ખતમ કરી દેવી જોઈએ. આ વાતમાં માનવતાની ચિંતા હતી. રશિયાના રાષ્ટ્રપતિ પુતિને બીજા વિશ્વયુદ્ધની યાદ અપાવી હતી. તેમણે કહ્યું હતું કે મિત્ર દેશોએ સાથે મળીને બીજા વિશ્વયુદ્ધમાં જીત મેળવી હતી. એટલે દુનિયામાં શાંતિ અને સુરક્ષા જાળવી રાખવાની જવાબદારી પણ હવે મિત્ર દેશોની જ છે. તેમની વાતમાં ઈતિહાસની જવાબદારીનો ભાવ હતો. અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ બેઠકને ઈતિહાસ રચવા જેવી ગણાવી હતી. તેમણે ખુશી વ્યક્ત કરતા કહ્યું હતું કે ત્રણેય દેશો વચ્ચે પહેલીવાર ત્રિપક્ષીય બેઠક થઈ રહી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે અમે પરમાણુ હથિયારોની સંખ્યા ઘટાડવા અને તેના ઉપયોગનું જોખમ ઓછું કરવા પર સહમત થયા છીએ. આ ત્રણેય નિવેદનોને સાથે મૂકીને જોઈએ તો એવું લાગે છે કે ત્રણેય નેતાઓએ શાંતિની ભાષા બોલવાનો પ્રયાસ કર્યો છે. પણ શાંતિની ભાષા બોલવી સહેલી છે, તેને નિભાવવી અઘરી છે. એટલે જ દુનિયાના નિષ્ણાતો આ જાહેરાતને આશા અને શંકા એમ બંને નજરે જોઈ રહ્યા છે.

આ બેઠક લગભગ નેવું મિનિટ સુધી ચાલી હતી. નેવું મિનિટનો સમય દુનિયાના ભવિષ્ય માટે બહુ લાંબો નથી, પણ આ નેવું મિનિટમાં જે વાતો થઈ એ વાતોની અસર વર્ષો સુધી રહી શકે છે. બેઠક બાદ જે ઘોષણા પત્ર બહાર આવ્યો એમાં ચાર મુખ્ય મુદ્દાઓ હતા. પહેલો મુદ્દો સંયુક્ત રાષ્ટ્રના વિસ્તાર અંગે હતો. બીજો મુદ્દો પેટ્રો ઉત્પાદનોની સપ્લાય અંગે હતો. ત્રીજો મુદ્દો ક્રિમિનલ કોર્ટ પર અંકુશ અંગે હતો અને ચોથો મુદ્દો પરમાણુ સ્પર્ધા અટકાવવા અંગે હતો. આ ચાર મુદ્દાઓને ધ્યાનથી જોઈએ તો ખબર પડે છે કે આ બેઠક માત્ર પરમાણુ હથિયારો પૂરતી મર્યાદિત ન હતી. તેમાં દુનિયાની વ્યવસ્થા, ઉર્જા અને ન્યાય અંગે પણ વાત થઈ હતી. પણ આ ઘોષણા પત્રમાં એક મોટી ખામી પણ જોવા મળી હતી. તેમાં યુક્રેન યુદ્ધ અને ઈરાન યુદ્ધનો કોઈ ઉલ્લેખ જ ન હતો. આ બંને યુદ્ધો આજે દુનિયાને સૌથી વધુ પરેશાન કરી રહ્યા છે. યુક્રેન યુદ્ધમાં રશિયા સીધું સામેલ છે અને ઈરાન યુદ્ધમાં અમેરિકા સામેલ છે. બંને દેશોએ નિવેદનો આપ્યા, પણ યુદ્ધવિરામની વાત કોઈએ કરી નહીં. એટલે સવાલ ઉઠે છે કે જો યુદ્ધો ચાલુ જ રહેવાના હોય તો શાંતિની વાત કેટલી સાચી ગણાય. આ સવાલનો જવાબ હજુ મળ્યો નથી.આ બેઠકમાં સૌથી વધુ દબદબો ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગનો રહ્યો હતો. આ તેમનો પાવર શો હતો. ટ્રમ્પ અને પુતિન તેમાં મહેમાન કલાકાર જેવા લાગી રહ્યા હતા. આ વાતને એ રીતે સમજી શકાય છે કે બેઠક ચીનના શહેરમાં થઈ, એજન્ડા પણ ઘણે અંશે ચીનની રીતે નક્કી થયો અને ઘોષણા પત્રમાં પણ ચીનના હિતોનું ધ્યાન રાખવામાં આવ્યું. પેટ્રો સપ્લાયની વાતને જ લઈએ. આજે રશિયન ફૂડની સપ્લાય અટકી રહી છે. હોર્મુઝમાં અમેરિકાની નાકાબંધી છે. એટલે ઉર્જાની સપ્લાય દુનિયા માટે મોટો પ્રશ્ન બની ગઈ છે. આ બેઠકમાં તેની ચર્ચા થઈ એ સારી વાત છે, પણ તેનો ઉકેલ શું આવશે એ હજુ સ્પષ્ટ નથી. ક્રિમિનલ કોર્ટના ઉલ્લેખ પાછળ પણ એક રાજકારણ છે. પુતિન વિરુદ્ધ આ કોર્ટનું વોરંટ જારી થયેલું છે. ટ્રમ્પ પણ આ કોર્ટના વિરોધમાં છે. એટલે બંને નેતાઓને આ મુદ્દે એકસાથે આવવામાં સરળતા રહી. આ બધી વાતો પરથી એવું લાગે છે કે આ બેઠકમાં દરેક નેતાએ પોતાના હિતોને પણ ધ્યાનમાં રાખ્યા હતા. આ રાજકારણમાં કંઈ ખોટું નથી, કારણ કે દરેક દેશ પહેલા પોતાના હિતની વાત કરે છે. પણ જો માત્ર પોતાના હિતની જ વાત થાય તો દુનિયાની શાંતિની વાત અધૂરી રહી જાય છે.

ટ્રમ્પને આ બેઠકથી શું મળ્યું એ સવાલ પણ મહત્વનો છે. અમેરિકામાં ટ્રમ્પ મિડટર્મ ચૂંટણીમાં હારથી ઘરમાં ઘેરાયેલા છે. તેમના પર ઘણું દબાણ છે. આવી સ્થિતિમાં શાંતિની વાત કરીને દુનિયામાં હેડલાઈન્સ મેળવવી એ તેમના માટે એક રાજકીય જરૂરિયાત પણ બની જાય છે. શાંતિની વાત કરનાર નેતાને દુનિયા હંમેશા સારા નેતા તરીકે જુએ છે. એટલે ટ્રમ્પ માટે આ બેઠક એક સારી તક હતી. પણ આ તકનો લાભ ત્યારે જ મળે જ્યારે આ વાતો જમીન પર ઉતરે. જો આ જાહેરાત માત્ર કાગળ પર જ રહી જશે તો લોકોનો વિશ્વાસ તૂટી જશે. એટલે ટ્રમ્પ માટે હવે સાચી કસોટી એ છે કે તેઓ આ જાહેરાતને આગળ કેવી રીતે લઈ જાય છે. બેઠક બાદ ટ્રમ્પે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે આવતા વર્ષે આવી બેઠક અમેરિકામાં થાય. તેઓ આ વાત પર અડગ છે. પણ જિનપિંગે આ વાતનો ઈનકાર કરી દીધો છે. પુતિને પણ જિનપિંગનું સમર્થન કર્યું છે. પુતિને કહ્યું છે કે અત્યારે જાહેરાત કરવી ઉતાવળ ગણાશે. આ ઘટના બતાવે છે કે ત્રણેય નેતાઓ વચ્ચે બધી વાતે સહમતિ નથી. બેઠક પૂરી થયા પછી પણ મતભેદો ચાલુ છે. આ મતભેદોને દૂર કર્યા વગર શાંતિનો રસ્તો સરળ નહીં બને.

બેઠક બાદ એક બીજી મહત્વની ઘટના બની હતી. ટ્રમ્પ અમેરિકા રવાના થયા એ સાથે જ પુતિન અને જિનપિંગે ફરીથી બેઠક કરી હતી. આ બેઠકને લોકો ટુ-જી એટલે કે બે સરકારોની બેઠક કહી રહ્યા છે. આ બેઠકમાં બંને વચ્ચે પરમાણુ હથિયારોના ખાત્મા અને યુક્રેન યુદ્ધ અંગે ચર્ચા થઈ હોવાનું કહેવાય છે. આ ઘટનાએ દુનિયામાં નવી અટકળોને જન્મ આપ્યો છે. કેટલાક લોકો માને છે કે બિગ થ્રીની બેઠક બાદ હવે નવો વર્લ્ડ ઓર્ડર સામે આવી રહ્યો છે. જેમાં ચીન અને રશિયા એક તરફ છે અને અમેરિકા બીજી તરફ છે. તો કેટલાક લોકો માને છે કે આ માત્ર બે દેશો વચ્ચેની સામાન્ય વાતચીત હતી. સાચું શું છે એ તો સમય જ કહેશે. પણ એટલું ચોક્કસ છે કે ટ્રમ્પના ગયા પછી પુતિન અને જિનપિંગનું ફરી મળવું એ કોઈ સામાન્ય ઘટના નથી. તેની પાછળ કોઈ મોટો સંદેશ હોઈ શકે છે. પુતિને આ બેઠક બાદ એવું નિવેદન પણ આપ્યું હતું કે ક્રિમિયામાં યુક્રેને બ્રિજ પર હુમલો કરીને મુસીબતને આમંત્રણ આપ્યું છે. આ નિવેદન બતાવે છે કે યુક્રેન યુદ્ધ હજુ ખતમ થયું નથી અને તેની આગ હજુ સળગી રહી છે.

ભારત માટે આ બેઠકની શું અસર થશે એ સવાલ દરેક ભારતીયના મનમાં છે. ભારત દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ છે. ભારતની વસ્તી સૌથી વધુ છે. ભારતની અર્થવ્યવસ્થા ઝડપથી આગળ વધી રહી છે. આવી સ્થિતિમાં દુનિયાના ત્રણ સૌથી શક્તિશાળી દેશો જ્યારે એકસાથે બેસીને નિર્ણયો લે ત્યારે ભારત પર તેની અસર પડવી સ્વાભાવિક છે. આ બેઠકમાં ક્રિટિકલ મિનરલ્સ પર ચીનની મોનોપોલી અંગે કોઈ વાત થઈ ન હતી. આ મુદ્દો ભારત માટે ખૂબ મહત્વનો છે. કારણ કે આજે દુનિયામાં ઈલેક્ટ્રિક વાહનો, મોબાઈલ, સોલાર પેનલ અને અનેક આધુનિક વસ્તુઓ માટે ક્રિટિકલ મિનરલ્સની જરૂર પડે છે. તેના પર ચીનનો કબજો છે. જો આ મુદ્દે વાત ન થાય તો ભારત જેવા દેશોને મુશ્કેલી પડી શકે છે. એટલે ભારતે આ બેઠકને ધ્યાનથી જોવી પડશે. ભારતે પોતાના હિતોનું રક્ષણ કરવું પડશે. ભારત હંમેશા શાંતિની વાત કરે છે. ભારત ક્યારેય યુદ્ધની વાત કરતું નથી. એટલે પરમાણુ હથિયારો ઘટાડવાની વાત ભારત માટે સારા સમાચાર છે. જો દુનિયામાં પરમાણુ હથિયારો ઘટે તો ભારત પણ સુરક્ષિત રહેશે. પણ સાથે સાથે ભારતે એ પણ જોવું પડશે કે આ ત્રણ દેશોના નિર્ણયોથી ભારતની સુરક્ષા પર કોઈ ખરાબ અસર ન પડે. ભારતના પાડોશમાં પણ પરમાણુ હથિયારો છે. એટલે ભારતે પોતાની સુરક્ષાની વ્યવસ્થા પણ મજબૂત રાખવી પડશે.

આખી ઘટનાને જોઈએ તો એક વાત સ્પષ્ટ થાય છે કે દુનિયા બદલાઈ રહી છે. જૂની વ્યવસ્થા તૂટી રહી છે અને નવી વ્યવસ્થા બની રહી છે. આ નવી વ્યવસ્થામાં કોણ કેટલું શક્તિશાળી રહેશે, કોની વાત ચાલશે, એ હજુ નક્કી નથી. પણ એટલું ચોક્કસ છે કે દુનિયાને હવે યુદ્ધ નહીં, શાંતિ જોઈએ છે. દુનિયાને હવે હથિયારો નહીં, વિકાસ જોઈએ છે. દુનિયાને હવે નફરત નહીં, પ્રેમ જોઈએ છે. જો ત્રણ મહાશક્તિઓ આ વાત સમજી જાય તો આ બેઠક ઈતિહાસમાં સોનેરી અક્ષરે લખાશે. જો તેઓ માત્ર પોતાના સ્વાર્થ માટે આ બેઠકનો ઉપયોગ કરશે તો આ બેઠક પણ બીજી અનેક બેઠકોની જેમ ભૂલાઈ જશે. સામાન્ય માણસને મોટા મોટા નિવેદનોમાં રસ નથી. તેને રસ છે પોતાના બાળકોના ભવિષ્યમાં. તે ઈચ્છે છે કે તેના બાળકો એવી દુનિયામાં જીવે જ્યાં બોમ્બનો ડર ન હોય, જ્યાં યુદ્ધની આગ ન હોય, જ્યાં ભૂખમરો ન હોય. શેનઝેનની બેઠકે આ આશાને થોડી જીવંત કરી છે. હવે આ આશાને સાચી કરવાની જવાબદારી આ ત્રણ નેતાઓની છે. દુનિયા તેમની સામે જોઈ રહી છે. ઈતિહાસ પણ તેમને જોઈ રહ્યો છે. જો તેઓ ખરેખર પરમાણુ હથિયારો ઘટાડશે, યુદ્ધો રોકશે અને શાંતિનો માર્ગ અપનાવશે તો આવનારી પેઢીઓ તેમને યાદ કરશે. નહીં તો આવનારી પેઢીઓ એમ કહેશે કે એક તક હતી જે હાથમાંથી જતી રહી. એટલે આ બેઠકને માત્ર એક સમાચાર તરીકે ન જોતા એક તક તરીકે જોવી જોઈએ. એક એવી તક જે દુનિયાને નવો રસ્તો બતાવી શકે છે.

વનડે અને ટી૨૦ ની માફક ફ્રી હિટ નિયમ ટેસ્ટ ક્રિકેટમાં પણ લાગુ કરી શકાય : એમસીસી ચીફના નિવેદનમાં સંકેતો મળ્યા

નવીદિલ્હી,

મેરીલેબોન ક્રિકેટ ક્લબના વર્તમાન વડા, ફેઝર સ્ટુઅર્ટ, જે નવા ક્રિકેટ નિયમો બનાવે છે અને ભવિષ્યને ધ્યાનમાં રાખીને વારંવાર હાલના નિયમોમાં ફેરફારની ભલામણ કરે છે, તેમણે એક મોટું નિવેદન આપ્યું છે. જેમાં તેમણે ટેસ્ટ ક્રિકેટમાં પણ ફ્રી હિટ નિયમ લાગુ કરવાનો સંકેત આપ્યો છે.એમસીસી ક્રિકેટ ચીફ ફેઝર સ્ટુઅર્ટે પુષ્ટિ આપી કે આ વિચાર પર ચર્ચા થઈ છે, જોકે તે હજુ સુધી ક્રિકેટના તમામ ફોર્મેટમાં લાગુ કરવામાં આવ્યો નથી. ફ્રી હિટ નિયમ હાલમાં ફક્ત વનડે અને ટી ૨૦ ક્રિકેટમાં જ લાગુ પડે છે, જ્યાં બોલર નો-બોલ ફેંકે છે અને બેટ્સમેનને આગામી ડિલિવરી પર ફ્રી હિટ મળે છે, જે બેટ્સમેનને ચોક્કસ ચોક્કસ રીતે સિવાય આઉટ આપવામાં આવતો નથી. જોકે, ટેસ્ટ ક્રિકેટમાં તેનો હજુ સુધી અમલ થયો નથી.

એમસીસી ચીફ ફેઝર સ્ટુઅર્ટે ઈન્ટરનેશનલ લીગ ટી ૨૦ દરમિયાન મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે ક્રિકેટનું સંચાલન કરતી સંસ્થા એમસીસી એ ટેસ્ટ ક્રિકેટમાં ફ્રી હિટ નિયમ લાગુ



કરવાની શક્યતા પર ચર્ચા કરી છે, પરંતુ તે હજુ સુધી બધા ફોર્મેટમાં તેનો અમલ કરવા માટે તૈયાર નથી. હાલમાં, ફ્રી હિટ ક્રિકેટના કાયદામાં શામેલ નથી. તે એવી વસ્તુ છે જેનો આપણે વિચાર કરીશું. હાલમાં, તે ફક્ત રમવાના નિયમ તરીકે અસ્તિત્વમાં છે. અમે તેની ચર્ચા કરી છે, પરંતુ અમે હજુ સુધી તેને ક્રિકેટના તમામ ફોર્મેટમાં લાગુ કર્યો નથી. જો કે, કોણ જાણે છે, કદાચ આપણે ભવિષ્યમાં ત્યાં પહોંચીશું.

૨૦૧૮ માં સેન્ડપેપરની ઘટના ફરી સામે આવ્યા પછી, સ્ઝ્ઝ ના વડાએ પણ આ મુદ્દા પર એક નિવેદન બહાર પાડ્યું, જેમાં કહેવામાં આવ્યું કે બોલ પર સેન્ડપેપરનો ઉપયોગ કરવો એ નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. શું થયું, કોણ જાણતું હતું, અને આઠ વર્ષ રાહ જોયા પછી હવે નવા આરોપો કેમ લગાવવામાં આવી રહ્યા છે? એમસીસી આ બાબતો પર કોઈ ટિપ્પણી કરશે નહીં. અમે ઇચ્છીએ છીએ કે ક્રિકેટની ચર્ચા અખબારોના પાછલા પાના પર થાય, પહેલા પાના પર નહીં, પરંતુ કોના દાવા સાચા છે અને કોના ખોટા છે તે નક્કી કરવાનું મારું કામ નથી. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ આ બાબતની તપાસ કરવી પડશે. મને સત્ય ખબર નથી, તેથી ક્રિકેટ ઓસ્ટ્રેલિયા અને અન્ય લોકોએ તપાસ કરવી પડશે.

ઈન્ડિયા-એના કેપ્ટન તિલક વર્માએ મેચ પૂરી ન કરી શકવા બદલ અફસોસ વ્યક્ત કર્યો

નવીદિલ્હી,

એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ ૨૦૨૬ ટુર્નામેન્ટમાં, તિળક વર્માના નેતૃત્વ હેઠળની ભારતીય એ ટીમે ૨૨ નવેમ્બરના રોજ તેમના બીજા ગ્રુપ સ્ટેજ મેચમાં પાકિસ્તાન એ નો સામનો કર્યો, જેમાં ૪૮ રનથી હારનો સામનો કરવો પડ્યો. આ મેચમાં ટીમ ઈન્ડિયાને ૩૧૪ રનનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો, અને પીછો કરતી વખતે, આખી ઈનિંગ માત્ર ૨૬૫ રનમાં સમેટાઈ ગઈ હતી. ઈન્ડિયા છ ના કેપ્ટન તિલક વર્માએ આ મેચમાં સદી ફટકારી હતી, પરંતુ તે જીત મેળવવામાં નિષ્ફળ ગયો હતો. મેચ પછી તિલકના નિવેદનમાં મેચ પૂરી ન કરી શકવાનો તેમનો અફસોસ પણ પ્રગટ થયો હતો, તેમણે સ્વીકાર્યું



હતું કે જો કોઈ અન્ય બેટ્સમેન તેને ટેકો આપ્યો હોત, તો તે મેચ પૂરી કરી શક્યો હોત.ઈન્ડિયા એ ના કેપ્ટન તિલક વર્માએ પાકિસ્તાન છ સામેની મેચ પછી બ્રોડકાસ્ટરને આપેલા નિવેદનમાં કહ્યું હતું કે, "અભિષેકે જે રીતે શરૂઆત કરી અને જે રીતે શાહબાઝે મધ્યમાં મને ટેકો આપ્યો તે મહત્વપૂર્ણ હતું. પરંતુ કમનસીબે, જ્યારે અમારે ઝડપથી સ્કોર કરવાની જરૂર હતી, ત્યારે શાહબાઝ આઉટ થઈ ગયો." જો તે વધુ બે ઓવર રોકાયો હોત, તો હું કદાચ મેચ પૂરી કરી શક્યો હોત. બીજી ઈનિંગની પ્રથમ દસ ઓવરમાં બોલ થોડો સ્વિંગ થઈ રહ્યો હતો.

એઆર રહેમાને રામાયણ માટે ૧૦-૧૨ ફિલ્મો ઠુકરાવી : સંગીત કંપોઝ કરવામાં ત્રણ વર્ષ ગાળ્યા

મુંબઈ,

ઓસ્કાર વિજેતા સંગીતકાર એઆર રહેમાને ખુલાસો કર્યો કે તેમણે નિતેશ તિવારીની 'રામાયણ' માટે સંગીત કંપોઝ કરવામાં લગભગ ત્રણ વર્ષ ગાળ્યા. આ પૌરાણિક મહાકાવ્ય પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવા માટે, તેમણે આ સમયગાળા દરમિયાન ૧૦ થી ૧૨ ફિલ્મોની ઓફર પણ ઠુકરાવી દીધી. રહેમાને પ્રખ્યાત જર્મન સંગીતકાર હંસ ઝિમર સાથે મળીને રણબીર કપૂર અભિનીત આ ફિલ્મ માટે સંગીત આપ્યું છે. રવિવાર, ૨૨ નવેમ્બરના રોજ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા ખાતે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, તેમણે આ લાંબી



સર્જનાત્મક પ્રક્રિયા વિશે વાત કરી. તેમણે સમજાવ્યું કે કેટલીક ધૂનોના એક ડઝનથી વધુ સંસ્કરણો તેમને અંતિમ સ્વરૂપ આપતા પહેલા બનાવવામાં આવ્યા હતા.

રહેમાને કહ્યું, "અમે 'રામાયણ' ના સંગીત, તેની થીમ અને અન્ય તત્વો પર ત્રણ વર્ષથી કામ કરી રહ્યા છીએ. આમાંથી કેટલાક ૧૨-૧૩ સંસ્કરણોમાંથી પસાર થયા છે. 'રાવણ તાંડવ' ના ૧૨-૧૩ સંસ્કરણો પણ હતા, અને અંતે, અમને એક સંસ્કરણ મળ્યું જે બધાને ગમ્યું." તેમણે આ ફિલ્મ પર કામ કરતી વખતે છોડવા પડેલા પ્રોજેક્ટ્સ વિશે પણ વાત કરી. તેમણે આગળ કહ્યું, "આ પ્રક્રિયા અદ્ભુત હતી. મેં 'રામાયણ' માટે લગભગ ૧૦-૧૨ ફિલ્મો છોડી દીધી જેથી હું તેમાં સંપૂર્ણપણે ડૂબી શકું. મેં ઘણા મોટા અને મહત્વપૂર્ણ ફિલ્મ નિર્માતાઓ સાથે પ્રોજેક્ટ છોડી દીધા, અને મને તેનો ગર્વ છે."

'રામાયણ'ના સંગીત વિશે ઘણી ચર્ચા થઈ છે. જ્યારે 'રાવણ તાંડવ' અને 'મંગલ રંગ' જેવા ગીતોને સારી રીતે આવકાર મળ્યો છે, ત્યારે તેમની ટીકા પણ થઈ છે. તે પોતાના વ્યસ્ત સમયપત્રક વચ્ચે પ્રોજેક્ટ કેવી રીતે પસંદ કરે છે? આ વિશે બોલતા, રહેમાને કહ્યું કે તે ફક્ત તે જ કામ કરે છે જે તેને સર્જનાત્મક રીતે જોડે છે.

બોલ ટેમ્પરિંગની ઘટનામાં આખી ઓસ્ટ્રેલિયન ટીમ સામેલ હતી તેમાં કોઈ શંકા નથી : એબી ડી વિલિયર્સ

નવીદિલ્હી,

દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૨૦૧૮ ની ટેસ્ટ શ્રેણી દરમિયાન બનેલી બોલ ટેમ્પરિંગ ઘટના, જે વિશ્વ ક્રિકેટમાં સેન્ડપેપર ઘટના તરીકે જાણીતી છે, તે આઠ વર્ષ પછી ફરી એકવાર ચર્ચામાં આવી છે. આ ઘટનાનું પુનરાગમન ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ખેલાડી ઉસ્માન ખ્વાજાને કારણે થયું છે, જેમણે તેમની આત્મકથા "સબર" માં ખુલાસો કર્યો હતો કે દરેકને તેના વિશે ખબર હતી. ખ્વાજાના ખુલાસાઓથી ક્રિકેટ ઓસ્ટ્રેલિયામાં ભારે હોબાળો મચી ગયો છે, અને હવે, ભૂતપૂર્વ દક્ષિણ આફ્રિકાના ખેલાડી અને શ્રેણીમાં ભાગ લેનાર, એબી ડી વિલિયર્સે પણ આ બાબતે



એક નિવેદન બહાર પાડ્યું છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે બોલ ટેમ્પરિંગની ઘટનામાં આખી ઓસ્ટ્રેલિયન ટીમ સામેલ હતી તેમાં કોઈ શંકા નથી.એબી ડી વિલિયર્સે ૨૦૧૮ ની સેન્ડપેપર ઘટના વિશે વાત કરી. ઓસ્ટ્રેલિયન ક્રિકેટરો ઉસ્માન ખ્વાજા અને કેમેરોન બેનક્રોફ્ટ દ્વારા ૨૦૧૮ ના બોલ ટેમ્પરિંગ કૌભાંડ વિશે કરવામાં આવેલા તાજેતરના ખુલાસાઓનો જવાબ આપતાં ડી વિલિયર્સે આ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું, "હું અહીં કોઈને નિશાન બનાવવા અથવા કોણ સાચું છે કે ખોટું તે નક્કી કરવા માટે નથી." મારી પાસે કેટલીક બાબતો પર મજબૂત મંતવ્યો છે, જે હું અહીં શેર કરી શકું છું. ઉસ્માન દ્વારા પુસ્તક પ્રકાશિત કરવામાં કંઈ ખોટું નથી. ફક્ત એટલું જ કે ૨૦૨૬ ને ધ્યાનમાં લેતા, સમય થોડો વિચિત્ર છે. મને કોઈ શંકા નથી કે હાજર દરેક વ્યક્તિ તેના વિશે જાણતો હતો. તે વિચિત્ર છે કારણ કે હવે દરેક વ્યક્તિ સેન્ડપેપર વિશે વાત કરી રહી છે અને પૂછી રહી છે કે શું તેમને તેના વિશે ખબર હતી.એબી ડી વિલિયર્સે સેન્ડપેપર ઘટના અંગેના પોતાના નિવેદનમાં આગળ કહ્યું, "મને લાગે છે કે હવે બધા માને છે કે પોર્ટ એલિઝાબેથમાં પણ આવું જ બન્યું હતું.

સફેદ રણની સુંદરતા પર ફિદા થયા દિલજીત દોસાંઝ, કચ્છની મહેમાનગતિના કર્યા વખાણ

ભુજ એરપોર્ટ પર ચાર્ટર પ્લેનથી પહોંચ્યા પંજાબી ગાયક; ધોરડોના સફેદ રણ અને રણોત્સવના ટેન્ટ સિટીની મુલાકાત લીધી, સ્મૃતિવન અને ધોળાવીરા પણ જશે

કચ્છ,

કચ્છની ધરતી અને સફેદ રણની અદભુત સુંદરતા દેશ-વિદેશના પ્રવાસીઓને હંમેશા આકર્ષિત કરતી રહી છે. ત્યારે હવે પંજાબી ગાયક અને અભિનેતા દિલજીત દોસાંઝ પણ કચ્છની સુંદરતાના પ્રશંસક બન્યા છે. અમદાવાદમાં લાઇવ કોન્સર્ટ દ્વારા દર્શકોનાં દિલ જીત્યા બાદ દિલજીત દોસાંઝ સોમવારે કચ્છની મુલાકાતે પહોંચ્યા હતા. તેમના આગમનથી કચ્છના યુવા ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.દિલજીત દોસાંઝ ચાર્ટર પ્લેન મારફતે ભુજ એરપોર્ટ પર પહોંચ્યા હતા. તેમના આગમનને ધ્યાનમાં રાખીને એરપોર્ટ પર ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. એરપોર્ટથી તેઓ વિશ્વવિખ્યાત ધોરડોના સફેદ રણની મુલાકાતે પહોંચ્યા હતા. અહીં તેમનું કચ્છી શાલ ઓઢાડીને પરંપરાગત રીતે સન્માન કરવામાં આવ્યું હતું.સફેદ રણના આહ્લાદક વાતાવરણ, ચાંદની જેવી સફેદ ધરતી અને નયનરમ્ય નજારાઓ નિહાળીને દિલજીત દોસાંઝ ખૂબ જ પ્રભાવિત થયા હતા. આ પ્રસંગે તેમણે સૌને ગુરુ નાનક જયંતીની શુભેચ્છાઓ પણ પાઠવી હતી. કચ્છની પ્રાકૃતિક સુંદરતા અને અહીંની સંસ્કૃતિએ તેમને ખાસ આકર્ષિત કર્યા હતા.ત્યારબાદ દિલજીત દોસાંઝ રણોત્સવના ટેન્ટ સિટી ખાતે પહોંચ્યા હતા. અહીં તેમણે કચ્છી કલા અને સંસ્કૃતિની ઝલક રજૂ કરતા સુંદર રીતે સજાવેલા તંબુઓનું નિરીક્ષણ કર્યું હતું. પ્રવાસીઓ માટે ઊભી કરવામાં આવેલી સુવિધાઓ અને ટેન્ટ સિટીની વ્યવસ્થાઓ જોઈને તેમણે ખુશી વ્યક્ત કરી હતી. સાથે જ કચ્છની મહેમાનગતિ અને પ્રવાસન સુવિધાઓની પણ પ્રશંસા કરી હતી.તેમની મુલાકાત દરમિયાન ભુજ સ્થિત સ્મૃતિવન અર્થક્વેક મેમોરિયલ મ્યુઝિયમ અને વિશ્વ ધરોહર સ્થળ ધોળાવીરાની મુલાકાતનો પણ કાર્યક્રમ છે.

રશ્મિકા મંદાના હવે ઓનલાઈન ટ્રોલ્સનો જવાબ આપતી નથી, પરંતુ તેના પરિવાર પરના હુમલાઓને સહન કરશે નહીં

મુંબઈ,

રશ્મિકા મંદાના એ "કોફી વિથ કરણ ૯" માં પતિ વિજય દેવેરાકોંડા સાથે દેખાયા ત્યારથી તે જે ટ્રોલિંગનો સામનો કરી રહી છે તેનો જવાબ આપ્યો છે. અભિનેત્રીએ કહ્યું કે તે હવે ઓનલાઈન ટ્રોલ્સનો જવાબ આપતી નથી, પરંતુ તેના પરિવાર પરના હુમલાઓને સહન કરશે નહીં.

રશ્મિકાએ સ્પષ્ટ કર્યું છે કે તે ટીકા અને ઓનલાઈન ટ્રોલિંગ સહન કરી શકે છે, પરંતુ તે તેના પરિવાર પરના હુમલાઓને સહન કરશે નહીં. તાજેતરમાં, તેણીએ તેણી અને તેના સ્ટાર પતિ વિજય દેવેરાકોંડા દ્વારા સામનો કરાયેલી ટીકા વિશે વાત કરી. આ ટીકા ત્યારે થઈ જ્યારે તેઓ કરણ જોહરના શો, "કોફી વિથ કરણ", સીઝન ૯ ના બીજા એપિસોડમાં સાથે દેખાયા. તેણીએ એમ પણ સમજાવ્યું કે તેના પરિવારના સભ્યોને લક્ષ્ય બનાવતી ટિપ્પણીઓ તેના માટે એક હદ ઓળંગે છે, જે તે સહન કરી શકતી નથી.

"પ્રેમા - ધ જર્નાલિસ્ટ" સાથેની વાતચીતમાં, રશ્મિકાએ સમજાવ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં ઓનલાઈન ટ્રોલ્સ પ્રત્યેનો તેમનો વલણ કેવી રીતે બદલાયો છે. તેણીએ ખુલાસો કર્યો કે તે હવે નકારાત્મક ટિપ્પણીઓનો જવાબ આપતી નથી, ભલે તેણીને એવું કરવાનું મન થાય. "કોફી વિથ કરણ" માં વિજય સાથે દેખાયા પછી અભિનેત્રીને થયેલી ટીકા વિશે પૂછવામાં આવ્યું. એપિસોડનો સૌથી ચર્ચિત ક્ષણ એ હતો જ્યારે રશ્મિકાએ ખુલાસો કર્યો કે તેણીએ વિજયને એક વર્ષ સુધી દરરોજ તેની સાથે લગ્ન કરવા કહ્યું.

અભિનેત્રીએ સમજાવ્યું કે ટ્રોલિંગ એટલી હદે વધી ગયું કે દંપતીએ પોલીસ ફરિયાદ નોંધાવવી પડી. તેણીએ આરોપ લગાવ્યો કે તેના વિરુદ્ધ બનાવટી સામગ્રી બનાવવામાં આવી હતી, સ્ક્રીનશોટ સાથે છેડછાડ કરવામાં



આવી હતી, તેની ઓળખનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેણીને વ્યવસ્થિત રીતે ઓનલાઈન હેરાન કરવામાં આવી હતી.

રશ્મિકાઢએ કહ્યું કે જ્યારે તે ટીકાને તેના કામ અને તેના મંતવ્યો વ્યક્ત કરવાની સ્વતંત્રતાના ભાગ રૂપે સ્વીકારે છે, ત્યારે તે કૌટુંબિક બાબતોમાં કોઈપણ દખલ સહન કરતી નથી. તેણીએ કહ્યું, "પરંતુ જો કોઈ મારા પરિવાર વિશે કંઈક કહે છે, તો મને તે બિલકુલ ગમતું નથી. પછી હું સંપૂર્ણપણે યોદ્ધા બની જાઉં છું. હું સંપૂર્ણપણે 'મૈસા'માં પરિવર્તિત થઈ જાઉં છું. મને તે ગમતું નથી કારણ કે મારા પરિવારે આ વ્યવસાય પસંદ કર્યો નથી. તેઓ જાહેર વ્યક્તિ નથી." તેથી, જ્યારે તમે કોઈ એવી વ્યક્તિનું નામ લો છો જે જાહેર વ્યક્તિ નથી અથવા તેમની છબીને કલંકિત કરવાનો પ્રયાસ કરો છો, ત્યારે તેઓ તેને લાયક નથી, ખરું ને?

"રણબલી" અભિનેત્રી રશ્મિકાએ ખુલાસો કર્યો કે શરૂઆતમાં તે સોશિયલ મીડિયા પર ટીકા અને ટ્રોલિંગનો જવાબ આપતી હતી, પરંતુ પછીથી સમજાયું કે દરેક ટિપ્પણીનો જવાબ આપવો એ સમયનો બગાડ છે. ક્યારેક ક્યારેક બદલો લેવાનું મન થાય છે, પણ રશ્મિકા માને છે કે ચૂપ રહેવું વધુ સારું છે.કામની વાત કરીએ તો, રશ્મિકા તેની આગામી એક્શન ડ્રામા ફિલ્મ "મૈસા" ની રિલીઝની રાહ જોઈ રહી છે.

શબ્દ શોધો

બા	ર	શિ	અ	ર	રો	બા	ળો	દ	હા	બં	કા
ર	બા	ણે	ક્ષ	તુ	કા	શિ	ત	બ	ર	વિ	ર
સા	ર	ન	બં	ક	એ	અઃ	ઔ	ર	બં	ન	એ
ખ	શિ	ળ	ર	ગ	લ	અં	તુ	વિ	ધ	પ્ર	શિ
બ	ત	લ	સ	પ્રા	આ	બિ	ક	બ	ચા	ક્ષ	ર
ગં	મા	હા	દ	ધ	વા	મા	ર	મા	ણ	ર	ધ
દા	દ	મ	મા	આ	ણે	ધ	મો	ભો	ઓ	ભો	ણા
સા	ચા	ક	વિ	સા	લ	સા	રી	સ	ર	વા	ળો
ણિ	ણ	બૂ	મા	જ્ઞા	લ	મ	લ	દ	ધ	મો	ર
ક	તી	બં	બા	સ	ન	ગ	ક	ઐ	ધ	ણ	ર
અઃ	અ	જી	પ્રા	અ	બ	મા	લ	ર	કા	કુ	રી
અઃ	ણિ	વ	ચી	દ	બં	ગી	ચી	ર	ર	ણ	બ

શબ્દ શોધો મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ ,હારબંધ

સાંસદ અને અભિનેત્રી કંગના રનૌતે તેના પરિવાર સાથે આગ્રામાં તાજમહેલની મુલાકાત લીધી

આગ્રા,

સાંસદ અને અભિનેત્રી કંગના રનૌતે તેના પરિવાર સાથે આગ્રામાં તાજમહેલની મુલાકાત લીધી. અભિનેત્રી લગભગ ૪૫ મિનિટ સુધી તાજમહેલ સંકુલમાં રહી અને વિશ્વ ધરોહર સ્થળના દરેક ખૂણાનો પ્રવાસ કર્યો. કંગના રનૌતે સોશિયલ મીડિયા પર કેટલાક ફોટા પણ શેર કર્યા છે, જેમાં તે તાજમહેલની સુંદરતાની પ્રશંસા કરતી જોઈ શકાય છે. તેણીએ ફોટા શેર કર્યા અને કેપ્શનમાં તેની સુંદરતા અને સ્થાપત્યની પ્રશંસા કરી. મુલાકાત દરમિયાન તેના ભાઈ અને ભાભી પણ હાજર હતા. કંગના પોતે શાહી પોશાક પહેરીને તાજમહેલ પહોંચી હતી.

કંગના રનૌત તેના પરિવાર સાથે તાજમહેલ પહોંચી હતી. મુખ્ય દરવાજામાં પ્રવેશતાની સાથે જ તે તાજમહેલની સ્થાપત્યથી મોહિત થઈ ગઈ. લાંબા સમય સુધી આરસપહાણના તાજમહેલને જોયા પછી, તેણીએ સ્મારકની રચના અને સુંદરતાને નજીકથી જોઈ. તેણીએ ચારબાગ-શૈલીના બગીચા અને સંકુલની અંદરના વિશાળ ગુંબજની સામે ફોટા પડાવ્યા. કુરાનની શ્લોકો અને દિવાલો પરની કોતરણીએ પણ કંગનાનું ધ્યાન ખેંચ્યું. તેણીએ તેને કેપ્શન આપ્યું, "તાજમહેલ, અન્વેષણ કરવા માટે એક અદ્ભુત



દુનિયા."તાજમહેલની મુલાકાત લેનાર કંગના રનૌતે પણ શાહી રંગનો સ્પર્શ દર્શાવ્યો. તેણીએ સુંદર હાથીદાંતની સાડી પહેરી હતી અને શાલથી પોતાનો લુક પૂર્ણ કર્યો હતો. તેણીની હેરસ્ટાઈલ બનમાં સ્ટાઈલ કરવામાં આવી હતી અને તેણીએ ડાર્ક મરૂન લિપસ્ટિક લગાવી હતી. સનગ્લાસ પહેરીને, તેણી તાજમહેલના વિવિધ ભાગોમાં ફોટા માટે પોઝ આપતી જોવા મળી હતી. કંગનાએ સ્મારક સંકુલની અંદર સ્થિત પ્રખ્યાત ડાયના બેન્ચ પર પણ પોઝ આપ્યો હતો. તાજમહેલની મુલાકાત લેતા પ્રવાસીઓને કંગનાના આગમનની જાણ થતાં જ તેઓ તેની એક ઝલક જોવા માટે ઉત્સુક થઈ ગયા.કંગના રનૌતના તાજેતરના પ્રોજેક્ટ્સ વિશે વાત કરીએ તો, અભિનેત્રી તાજેતરમાં "ભારત ભાગ્ય વિધાતા" માં જોવા મળી હતી, જેમાં તે મુખ્ય ભૂમિકા ભજવે છે અને નિર્માતા પણ છે. આ ફિલ્મનું નિર્દેશન મનોજ ટાપરિયા દ્વારા કરવામાં આવ્યું છે. ફિલ્મની વાર્તા ૨૦૦૮ ના મુંબઈ હુમલા દરમિયાન કામા હોસ્પિટલમાં દર્દીઓ અને ગર્ભવતી મહિલાઓના જીવ બચાવનારા ડોકટરો, નર્સો અને હોસ્પિટલ સ્ટાફની વાર્તા છે. કંગનાની આગામી ઘોષિત ફિલ્મ "સ્કેરી પિક્ચર" છે, જે તેણીને હોરર શૈલીમાં પાછા ફરવાની નિશાની આપે છે.

રાજકોટ વિરાણી હાઈસ્કુલ ખાતે સહકાર ભારતી દ્વારા ભવ્ય સ્નેહમિલન યોજાયુ



રાજકોટ, રાજકોટ વિરાણી હાઈસ્કુલ ખાતે સહકાર ભારતી દ્વારા ભવ્ય સ્નેહમિલનમાં દીપ પ્રાગટ્ય વક્તા નલિનભાઈ વસા, રાજકોટ નાગરિક સહકારી બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠક, જાણીતા સહકારી આગેવાન ટપુભાઈ લીંબાસીયા, રાજકોટ મહાનગર ક્રેડિટ સોસાયટીના પ્રકોષ્ઠ સહસંયોજક, હરગોપાલસિંહ જાડેજા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નરેન્દ્ર ભાઈ દવે, સહકાર ભારતીના પ્રદેશ ઉપાધ્યક્ષ નયનાબેન મકવાણા, અધ્યક્ષ ડો. એ ન.ડી.શીલુ,,ઉપાધ્યક્ષ નાથાભાઈ ટોળીયા, કોષાધ્યક્ષ અનિરુદ્ધભાઈ નથવાણી, ક્રેડિટ સોસાયટી પ્રકોષ્ઠના ના પ્રાંત સંયોજક પ્રવીણભાઈ નિમાવત,જાણીતા સહકારી અગ્રણી આરડીસી બેંકના પૂર્વડીરેક્ટર યજ્ઞેશભાઈ જોષીના શુભહસ્તે, કરવામાં આવ્યું.

નજીકના ભવિષ્યમાં રાજકોટ મુકામે સૌરાષ્ટ્ર સંભાગની બધી જ ક્રેડિટ સોસાયટીઓના ચેરમેન,એમ.ડી. તથા મેનેજરનો સંપર્ક કરી એક પરિણામલક્ષી અભ્યાસ વર્ગનું આયોજન કરવામાં આવશે.રાજકોટની સોટકા ક્રેડીટ સોસાયટીઓના પદાધિકારીઓ હાજર રહે એવા પ્રયત્નો કરવામાં આવશે. સહકાર ભારતી રાજકોટ મહાનગરના ચાર ઝોન ના પદાધિકારીઓ આ અંગે વિશેષ પ્રયત્નો કરી રહ્યા છે. ડો.એન.ડી.શીલુએ અંતમાં જણાવ્યું કે આપ સૌના સહકારથી શ્રેષ્ઠ કામ થયું છે અને જાન્યુઆરી -૨૭નુ સંમેલન પણ શ્રેષ્ઠ થશે.

ભારતીય સંસ્કૃતિ, વિક્રમ સંવત અને સહકારિતાના સાચ મર્મ વિશે અત્યંત માર્મિક અને પ્રેરક વિચારો રજૂ કરતા કહ્યું કે સહકારિતાનું મૂળ ધ્યેય પરદુ:ખભંજન, રાજા વિક્રમાદિત્યની વીરતા, ન્યાયપ્રિયતા અને 'પરદુ:ખભંજન' એટલે કે બીજાનું દુ:ખ દૂર કરવાની ભાવના ના ગુણોને યાદ કરત તેમણે જણાવ્યું હતું કે સહકારી પ્રવૃત્તિનો મૂળ ઉદ્દેશ પણ સમાજન આર્થિક રીતે નબળા અને પછાત વર્ગને શોષણમાંથી મુક્ત કરાવી પગભર કરવાનો છે.

નફાની સાથે સમાજસેવ કોઈપણ સહકારી સંસ્થા કે મંડળીને ટકી રહેવા માટે વ્યાજબી નફો જરૂરી છે, પરંતુ તેનું અંતિમ લક્ષ્ય સમાજ અને રાષ્ટ્રને ઉપયોગી થવાનું હોવું જોઈએ. સેવાકાર્યો થકી જ સંસ્થાઓ લોકહૃદયમાં સ્થાન પામે છે.

રાજકોટના ગુંદાવાડીમાં યસ ફેન્ડ ક્લબ દ્વારા તુલસીના છોડનું વિતરણ



રાજકોટ,રાજકોટ ગુંદાવાડી પોલીસ ચોકી પાસે શનિવારે દેવદિવાળીના દિવસે યસ ફેન્ડ ક્લબ દ્વારા તુલસી વિવાહ દિવસ અંતર્ગત તુલસીના છોડના કુંડાનું વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વિધાનસભા-૭૦ના ધારાસભ્ય રમેશભાઈ ટીલારા, શાસક પક્ષના નેતા હીરેનભાઈ ખીમાણીયા, યોગેન્દ્રસિંહ જાડેજા, માણસુરભાઈ વાળા, ચંદાબેન માણસુરભાઈ વાળા, જીજ્ઞેશભાઈ જોષી, ઓમ શાંતિ સંસ્તાના દીદી તેમજ સમાજના આગેવાનો, વોર્ડ નં. ૧૪ના કાર્યકરો અને યસ ફન્ડ ક્લબના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

ગોવા ખાતે યોજાયેલી 'આયર્નમેન' રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધામાં રાજકોટના ત્રણ ખેલાડી વિજેતા : સન્માન



રાજકોટ ડિસ્ટ્રિક્ટ સ્વિમિંગ એસોસિએશન સંચાલિત ડો. ડાયાભાઈ કાનજીભાઈ ઉકાણી સ્વિમિંગ પૂલ એન્ડો હેલ્થલસેન્ટ્રની રાજકોટ ડિસ્ટ્રિક્ટ સ્વિમિંગ એસોસિએશન સ્વિમિંગ એકેડેમીના ત્રણ પ્રતિભાશાળી ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે અત્યૂંત કઠિન ગણાતી એવી ગોવા ખાતે યોજાયેલી 'આયર્નમેન' ટ્રાયથલોન ૨૦૨૬ સ્પર્ધા સફળતાપૂર્વક પૂર્ણ કરીને સમગ્ર રાજકોટ અને ડિસ્ટ્રિક્ટ સ્વિમિંગ એસોસિએશન પરિવારનું નામ રોશન કર્યું છે. આ ત્રણેય ખેલાડીઓ દિનેશભાઈ હપાણી, હિનેશભાઈ સાકરિયા અને ડો. અભિષેક પાધીની આ અદ્ભુત સિદ્ધિને બિરદાવવા માટે ગત તારીખ ૧૮ ના રાજકોટ ડિસ્ટ્રિક્ટિ સ્વિમિંગ એસોસિએશન ખાતે એક ભવ્યન સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે કીચ ગ્રુપના સંસ્થાક ચીમનભાઈ હપાણી, રાજકોટના ખૂબ જ અનુભવી આંતરરાષ્ટ્રીય ટ્રાયથલોન ખેલાડી તેમજ અગ્રણી ઉદ્યોગપતિ હરિતસિંહ ગોહિલ, નીરજભાઈ દોશી, જયોતિ સીએનસીના કૌશિકભાઈ સોલંકી, કોલેજ પ્રિન્સિપલ જયોતિબેન રાજયગુરુ, પૂર્વ રાષ્ટ્રીય કક્ષાના વોટર પોલો સ્વિમિંગના ખેલાડી બ્રિજેશસિંહ જાડેજા તેમજ ટ્રાયથલોનના ખેલાડી આરતીબેન ચાપાણી તેમજ રાજકોટના પ્રથમ રાષ્ટ્રીય કક્ષાના ટ્રાયથલોન ખેલાડી અને રાજકોટ ડિસ્ટ્રિક્ટ સ્વિમિંગ એસોસિએશનના ઉપપ્રમુખ પ્રકાશભાઈ કલોલા, સેક્રટરી બંકીમ જોશી,સહિતના અનેક આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પરેશભાઈ બાબરીયાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

રાજકોટના માધાપર સર્કલ ખાતે રેજેન્ટા ક્રિસ્ટલ હોટલનો શુભારંભ

૭૦ રૂમ અને સ્યુટસ સાથે બિઝનેસ અને પ્રવાસીઓને સુવિધા મળશે



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ, શહેરના વધતા વેપાર, ઉદ્યોગ અને પ્રવાસન ક્ષેત્રને વધુ એક રાષ્ટ્રી ય કક્ષાની સુવિધા મળી છે. દેશભરમાં ૧૨૯થી વધુ હોટલોની શ્રખલા ધરાતા રોયલ ઓર્કિડ રેજેન્ટા ગ્રુપ દ્વારા રાજકોટના માધાપર સર્કલ ખાતે નેક્સસ બિલ્ડિંગમાં રેજેન્ટા ક્રિસ્ટલ હોટલનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ સાથે રાજકોટના હોસ્પિટાલિટી ક્ષેત્રમાં રાષ્ટ્રીયસ્તરની હોટલ બ્રાન્ડનું આગમન થયું છે.

હોટલના શુભારંભ પ્રસંગે યોજાયેલી પત્રકાર પરિષદમાં રેજેન્ટા ગ્રુપના વાઇસ પ્રેસિડેન્ટ (વેસ્ટ) રાકેશ ડોગરા, એજીએમ યોગેશ ધીમન તથા ક્રિસ્ટલ ગ્રુપના રાજુભાઈ ગાંધીએ જણાવ્યું હતું કે રાજકોટમાં વેપાર-ઉદ્યોગ અને પ્રવાસનનો વ્યાપ સતત વધી રહ્યો છે. શહેરમાં આવતા પ્રવાસીઓ, ઉદ્યોગપતિઓ અને મુલાકાતીઓને ગુણવત્તાયુક્ત રોકાણ તથા ભોજનની સુવિધા મળી રહે તે હેતુથી આ હોટલ શરૂ કરવામાં આવી છે. હોટલની વિશેષતા એ છે કે અહીં સંપૂર્ણ શુદ્ધ શાકાહારી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. સ્વામિનારાયણ, વૈષ્ણવ અને જૈન સમાજની ભોજન પસંદગીને ધ્યાનમાં રાખીને રેસ્ટોરન્ટમાં માત્ર શાકાહારી ભોજન જ પીરસવામાં આવશે. હોટલના ૧૧મા માળે આવેલા પિક્રેસ મલ્ટીકયુઝિન રેસ્ટોરન્ટમાંથી રાજકોટ શહેરનો સુંદર નજારો માણવાની સાથે પરિવાર, મિત્રો અને સ્વજનો સાથે ભોજનનો આનંદ લઈ શકાશે.

બિઝનેસ અને લેઝર પ્રવાસીઓને ધ્યાલનમાં રાખીને હોટલમાં કુલ ૭૦ રૂમ અને સ્યુોટ્સની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ઉપરાંત રૂમ સર્વિસ, ઓલ ડે ડાઈનિંગ, આધુનિક જિમ અને ફિટનેસ સેન્ટર, વિશાળ પાર્કિંગ તથા બિઝનેસ મીટિંગ અને કોન્ફરન્સ માટે ખાસ બોર્ડરૂમની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. રાજકોટના વેપાર-ઉદ્યોગ, શૈક્ષણિક સંસ્થાઓ અને વિવિધ સંગઠનો માટે ખાસ ટેલરમેડ લંચ-ડિનર પેકેજ તૈયાર કરવામાં આવ્યા છે. કોર્પોરેટ મીટિંગ, પ્રેઝન્ટેશન, કોન્ફરન્સ અને અન્ય વિશેષ કાર્યક્રમો માટે ભોજન સાથે જરૂરી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. શહેરની રમતગમત સંસ્કિતને ધ્યાનમાં રાખીને ખેલાડીઓ અને સ્પોર્ટ્સ ગ્રુપ માટે પણ ખાસ સ્ટે, ડાઈનિંગ, ફિટનેસ અને પ્રેઝન્ટેશન પેકેજની વ્યવસ્થા કરવામાં આવી છે.

હોટલનું લોકેશન પણ તેની મહત્વની વિશેષતા છે. માધાપર સર્કલ ખાતે આવેલી આ હોટલ જામનગર રોડ, અમદાવાદ રોડ, મોરબી રોડ અને રિંગ રોડથી સરળતાથી પહોંચી શકાય તેવા સ્થસળે આવેલી છે. રાજકોટ જંક્શનથી આશરે ૧૫ મિનિટ અને એસટી બસ સ્ટેશનથી ૨૦થી ૨૫ મિનિટના અંતરે આવેલી આ હોટલથી હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સુધી પણ સરળતાથી અવરજવર કરી શકાય છે. દ્વારકા, સોમનાથ અને સાસણગીર સહિતના પ્રવાસન સ્થળોએ જતા પ્રવાસીઓ માટે પણ રાજકોટ એક મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યું છે. આવા સંજોગોમાં રેજેન્ટા ક્રિસ્ટલ હોટલના આગમનથી રાજકોટના પ્રવાસન અને હોસ્પિટાલિટી ક્ષેત્રને નવી દિશા મળવાની સાથે શહેરના બિઝનેસ અને પ્રવાસન મહેમાનોને રાષ્ટ્રીયકક્ષાની રોકાણ અને ડાઈનિંગ સુવિધાનો નવો વિકલ્પ ઉપલબ્ધ બનશે.

રાજકોટની મારવાડી યુનિવર્સિટીમાં ૯મી વાર્ષિક પદવીદાન સમારોહ યોજાયો



૩૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને પદવી એનાયત; ૪૭ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ

રાજકોટ, રાજકોટની મારવાડી યુનિવર્સિટી દ્વારા ૯મી વાર્ષિક પદવીદાન સમારોહ (એન્યુઅલ કોન્વોકેશન સેરેમની)નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૩ હજારથી વધુ વિદ્યાર્થીઓને વિવિધ અભ્યાસક્રમોની ડિગ્રીઓ એનાયત કરી તેમની શૈક્ષણિક સિદ્ધિઓની ઉજવણી કરવામાં આવી હતી. સમારોહ દરમિયાન ઉત્કૃષ્ટ શૈક્ષણિક પ્રદર્શન કરનાર ૪૭ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સમારોહમાં ઇસરોના ભૂતપૂર્વ ચેરમેન ડો. કે. સિવન મુખ્ય અતિથિ તરીકે તથા ધ બોમ્બે શેવિંગ કંપનીના સ્થાપક અને સીઈઓ શાંતનુ દેશપાંડે વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સૌથી વધુ ૮૪૪ વિદ્યાર્થીઓ મેનેજમેન્ટ સ્ટડીઝ, ૬૬૨ ટેક્નોલોજી, ૫૫૩ કમ્પ્યુટર એપ્લિકેશન્સ અને ૨૮૪ એન્જિનિયરિંગ વિભાગમાંથી ગ્રેજ્યુએટ થયા હતા.

આ ઉપરાંત ડિપ્લોમા, ફાર્મસી, સાયન્સ, ફિઝિયોથેરાપી, લો, એગ્રીકલ્ચર, આર્ટ્સ અને આર્કિટેક્ચર સહિતના વિવિધ અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓને પણ પદવીઓ એનાયત કરવામાં આવી હતી. નોંધનીય છે કે, ગત વર્ષની સરખામણીએ પીએચડી ગ્રેજ્યુએટ્સની સંખ્યામાં ૧૫૩.૮ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે, જે યુનિવર્સિટીના સંશોધન ક્ષેત્રે વધતા યોગદાનને દર્શાવે છે.

મારવાડી યુનિવર્સિટીએ શૈક્ષણિક ક્ષેત્રની સાથે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રેંકિંગમાં પણ નોંધપાત્ર પ્રગતિ કરી છે. ક્યુએસ એશિયા યુનિવર્સિટી રેંકિંગમાં ગયા વર્ષે ૩૬૩મા સ્થાને રહેલી યુનિવર્સિટીએ આ વર્ષે ૩૦૩મું સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યારે ક્યુએસ વર્લ્ડ યુનિવર્સિટી રેંકિંગ્સ બાય સબ્જેક્ટ ૨૦૨૬માં કમ્પ્યુટર સાયન્સ અને ઈન્ફોર્મેશન સિસ્ટમ્સ વિષયમાં ૭૫૧થી ૮૫૦ના રેંકિંગ બેન્ડમાં સ્થાન મેળવ્યું છે.

આ ઉપરાંત એનઆઈઆરએફની યુનિવર્સિટી, ફાર્મસી અને એન્જિનિયરિંગ કેટેગરીમાં સ્થાન, નેકનું એ+ ગ્રેડ, એનબીએનું ટિયર-૧ એક્રેડિટેશન તથા ગુજરાત સરકાર દ્વારા સેન્ટર ઑફ એક્સેલન્સની માન્યતા યુનિવર્સિટીની શૈક્ષણિક ગુણવત્તાને પ્રતિબિંબિત કરે છે. તાજેતરમાં યુનિવર્સિટીના ૨૦ ફેકલ્ટી સભ્યોને સ્ટેનફોર્ડ યુનિવર્સિટી-એલ્સેવિયરની વિશ્વના ટોચના ૨ ટકા વૈજ્ઞાનિકોની યાદીમાં સ્થાન મળ્યું છે. આમ, પદવીદાન સમારોહમાં વિદ્યાર્થીઓની સિદ્ધિઓની ઉજવણીની સાથે યુનિવર્સિટીની શિક્ષણ, સંશોધન અને વૈશ્વિક સ્તરે વધતી ઓળખ પણ ઉજાગર થઈ હતી.

રાજકોટ સદ્‌ગુરૂ સદન ટ્રસ્ટ સંચાલિત સામગ્રી ભંડાર દ્વારા વ્યાજબી ભાવે અડદીયાનું વેચાણ



રાજકોટ પૂ.શ્રી રણછોડદાસજી બાપુ આશ્રમ (સદ્‌ગુરૂ સદન ટ્રસ્ટ) સંચાલિત સદ્‌ગુરૂ સામગ્રી ભંડાર દ્વારા શિયાળાની ઋતુમાં શુધ્ધ ઘી થી બનાવેલ ડ્રાઈફ્રુટ સાથેના અડદીયાનું વેચાણ ચાલુ થઈ ગયેલ છે. બજારમાં મળતા એક કિલોના રૂ.૮૦૦ થી ૯૦૦ના ભાવના અડદીયા આ સમગ્ર ભંડારમાં ફકત એક કિલોના રૂ.૫૦૦ના વ્યાજબી ભાવે વેચાણ થાય છે. અડદીયા ઉપરાંત બીજી અન્ય મીઠાઈઓ પણ ઉપલબ્ધ હોય છે. ભગવાનને ધરાવવા કે શુભ પ્રસંગો માટે શુધ્ધ ઘીથી બનાવેલ ડ્રાઈફ્રુટ અડદીયા તથા પેંડા વગેરે સામગ્રી મેળવવા સવારે ૭ થી ૧ અને બપોરે ૩ થી રાત્રીના ૯ વાગ્યા સુધી શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ સંચાલિત સદ્‌ગુરૂ સામગી ભંડાર, રાજકોટ ખાતે સંપર્ક કરવા અથવા વધુ માહિતી માટે મો.૮૪૬૦૯ ૨૮૫૦૮ અને મો.૯૫૮૬૩ ૦૮૧૭૮ ઉપર સંપર્ક કરવા જણાવાયુ છે.

રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા સંગઠનના કાર્યકરોને સંગઠનાત્મક કામગીરી અંગે તાલીમ અપાઈ



રાજકોટ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પક્ષના સંગઠનાત્મક માળખાને મજબૂત કરવા તેમજ આગામી સમયમાં જનહિતના પ્રશ્નોને વધુ અસરકારક રીતે લોકો સમક્ષ ઉઠાવી શકાય તેવા હેતુથી રાજકોટ શહેર ખાતે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમમાં રાજકોટ શહેર કોંગ્રેસના હોદેદારો, ઉપપ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ, મંત્રીશ્રીઓ, વોર્ડ અને સંગઠનના આગેવાનો, ફ્રન્ટ અને સેલના હોદેદારો સહિત સંગઠન સાથે જોડાયેલા કાર્યકરોએ ઉપસ્થિત રહી તાલીમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન સંગઠનની રચના અને કામગીરીને વધુ વ્યવસ્થિત બનાવવી, દરેક હોદેદારની જવાબદારી અને ભૂમિકા કરવી, વોર્ડ અને વિસ્તારસ્તરે સંગઠનને વધુ સક્રિય બનાવવું, જનતાની વચ્ચે સતત સંપર્ક અને સંવાદ જાળવવો તેમજ સ્થાતનિક જનસમસ્યાઓને ઓળખી તેને સંગઠિત રીતે ઉઠાવવી જેવા મહત્વપૂર્ણ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યુંન હતું.

આ પ્રસંગે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષની સૌથી મોટી તાકાત તેના નિષ્ઠાવાન કાર્યકરો અને જનતા સાથેનું તેનું જોડાણ છે. કોઈપણ રાજકીય પક્ષને મજબૂત બનાવવા માટે માત્ર હોદ્દાઓ કે સંગઠનની રચના પૂરતી નથી, પરંતુ દરેક હોદેદાર અને કાર્યકર પોતાની જવાબદારી સમજીને સક્રિય રીતે કાર્ય કરે તે અત્યંત જરૂરી છે.

આ કાર્યક્રમમાં માં ડૉ. રાજદીપસિંહ જાડેજા સહિત, જશવંતસિંહ ભટ્ટી, ડી.પી મકવાણા, વશરામભાઈ સાગઠીયા, ગાયત્રીબા વાઘેલા, અતુલભાઈ રાજાણી, સંજયભાઈ અજુડિયા, મુકેશભાઈ ચાવડા, રસીલાબેન ગેરૈયા, મનીષાબેન રોજાસરા, અર્જુનભાઈ ચૌહાણ, ઈબ્રાહીમભાઈ સોરા, હાજી ઓડિયા વગેરે ઉપસ્થિત રહ્યા હોવાનું શ્રી જાડેજાએ જણાવ્યું છે.

શનિવારે રાજકોટમાં કેશુભાઈ મહેતા આંખની હોસ્પિટલમા નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પ



રાજકોટ, રાજકોટની કેશુભાઈ મહેતા આંખની હોસ્પિટલની સ્થાપના ૧૨૧ વર્ષ પૂર્ણ થવાના અવસરે શાપર ખાતે નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળા તથા શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના સંયુક્ત ઉપક્રમે યોજાનારા આ કેમ્પમાં નિષ્ણાત નેત્રરોગ તબીબો દ્વારા આંખોની તપાસ, નિદાન અને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પ્ તા. ૨૮ શનિવારના રોજ સવારે ૧૦ વાગ્યે શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન, ટીલારા ગેટની અંદર, શાપર ખાતે યોજાશે. ડૉ. અજય મહેતા અને ડૉ. તેજલ મહેતાના માર્ગદર્શન હેઠળ હોસ્પિટલની નિષ્ણાત ટીમ દર્દીઓને સેવા આપશે.

આ સેવાકીય પહેલમાં દાતા મીનલ રાજેશ કાપડિયા દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓનાં વિનામૂલ્યે મોતિયાનાં ઓપરેશન માટે આર્થિક સહયોગ આપવામાં આવશે. આ ઉપરાંત જરૂરિયાત મુજબ બેતાળાનાં ચશ્માનું વિનામૂલ્યે વિતરણ પણ કરવામાં આવશે. કેમ્પનો લાભ લેવા નિ:શુલ્ક રજિસ્ટ્રેશન તથા વધુ માહિતી માટે મો. ૮૯૮૦૯ ૦૩૦૩૪ ઉપર સંપર્ક કરી શકાશે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૯૦૫માં ડૉ. નરસીભાઈ ટી. મહેતા દ્વારા સ્થાપિત કેશુભાઈ મહેતા આંખની હોસ્પિટલ ૧૨૧ વર્ષથી આંખની સારવાર ક્ષેત્રે સેવાઓ આપી રહી છે.

CMYK

CMYK

ભારત ૨૪,૦૦૦ કરોડ નેપાળી રૂપિયાની સહાય આપશે

બાલેન્દ્ર શાહની ભારત મુલાકાત દરમિયાન આઠ ક્ષેત્રોમાં મુખ્ય કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા

નવીદિલ્હી,

પીએમ મોદીએ સોમવારે નેપાળના પ્રધાનમંત્રી બાલેન્દ્ર શાહનું ભારતમાં સ્વાગત કર્યું. પદ સંભાળ્યા પછી આ તેમની ભારતની પહેલી દ્વિપક્ષીય મુલાકાત છે. બંને નેતાઓએ નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે વાતચીત કરી, ત્યારબાદ સંયુક્ત નિવેદન બહાર પાડ્યું. પીએમ મોદીએ ઓગસ્ટમાં નેપાળમાં આવેલા વિનાશક પૂરમાં થયેલા જાનહાનિ પર દુઃખ વ્યક્ત કર્યું અને આ મુશ્કેલ સમયમાં નેપાળના સમર્થનની ખાતરી આપી.

વડાપ્રધાનમંત્રીએ કહ્યું, "ઓગસ્ટમાં નેપાળમાં આવેલા વિનાશક પૂરને કારણે થયેલા જાનહાનિ પર અમે ઊંડા શોક વ્યક્ત કરીએ છીએ. "આજે, અમે નેપાળના પુનર્નિર્માણ અને લાંબા ગાળાના વિકાસને નવી ગતિ આપવા માટે ૨૪,૦૦૦ કરોડ નેપાળી રૂપિયાના વિકાસ સહાય પેકેજની જાહેરાત કરીએ છીએ."

તેમણે આર્થિક પેકેજનો હેતુ પણ સમજાવ્યો. તેમણે કહ્યું, "અમારો સંકલ્પ અસરગ્રસ્ત પરિવારોના જીવનને પુનઃસ્થાપિત કરવાનો, નવી તકો બનાવવાનો અને ભવિષ્યની આફતોનો સામનો કરવાની નેપાળની ક્ષમતાને મજબૂત કરવાનો છે."

પીએમ મોદીએ નેપાળના પ્રધાનમંત્રીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. તેમણે યાદ કર્યું કે થોડા મહિના



પહેલા શાહે સંયુક્ત રાષ્ટ્રમાં ભાષણ આપ્યું હતું. તે સમયે, તેઓ વિશ્વના સૌથી યુવા પ્રધાનમંત્રી હતા. મોદીએ તેમના નેતૃત્વની પ્રશંસા કરી. તેમણે આ વર્ષે નેપાળના લોકો તરફથી શાહને મળેલા જનાદેશનો પણ ઉલ્લેખ કર્યો. મોદીએ કહ્યું, "નેપાળના પ્રધાનમંત્રી બન્યા પછી તેમની પ્રથમ દ્વિપક્ષીય મુલાકાતમાં બાલેન્દ્ર શાહનું ભારતમાં સ્વાગત કરીને મને ખૂબ આનંદ થાય છે. થોડા મહિના પહેલા, જ્યારે તેમણે વિશ્વના સૌથી યુવા વડા પ્રધાન તરીકે સંયુક્ત રાષ્ટ્રને સંબોધન કર્યું હતું, ત્યારે અમને તેમના વિચારોની સ્પષ્ટ ઝલક મળી." આજે છેલ્લા કેટલાક કલાકોમાં અમારી વાતચીત દરમિયાન પણ, મેં નેપાળના ભવિષ્ય અને ભારત-નેપાળ સંબંધો પ્રત્યે તેમનું સ્પષ્ટ દ્રષ્ટિકોણ અને પ્રતિબદ્ધતા અનુભવી છે.તેમણે વધુમાં કહ્યું, "નેપાળના લોકોએ તેમને આ વર્ષે જે ઐતિહાસિક જનાદેશ આપ્યો છે તે નેપાળની નવી પેઢીની આકાંક્ષાઓ અને આશાઓને પ્રતિબિંબિત કરે છે."

પીએમ મોદીએ બંને દેશો વચ્ચે લાંબા સમયથી ચાલતા સંબંધોનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે ભારત અને નેપાળ વચ્ચે ગાઢ સંબંધો છે.

પાકિસ્તાન ભારત સાથે તમામ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવા તૈયાર : પાકિસ્તાની મંત્રી

આતંકવાદના મુદ્દા પર ભારત અને પાકિસ્તાને તેમના પુરાવા રજૂ કરવા જોઈએ

નવીદિલ્હી,

પાકિસ્તાને ફરી એકવાર ભારત સાથે વાતચીતની અપીલ કરી છે. દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા પાકિસ્તાની મંત્રી મુસાદિક મસૂદ મલિકે કહ્યું કે પાકિસ્તાન ભારત સાથે તમામ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવા તૈયાર છે અને જ્યારે પણ ભારત આમંત્રણ આપશે ત્યારે આવશે. આતંકવાદના મુદ્દા પર મુસાદિક મલિકે કહ્યું કે ભારત અને પાકિસ્તાને તેમના પુરાવા રજૂ કરવા જોઈએ અને ચર્ચા કરવી જોઈએ. મલિકે કહ્યું કે પાકિસ્તાને વારંવાર વિવિધ પ્લેટફોર્મ પર આતંકવાદના મુદ્દા પર ચર્ચા કરવાની ઓફર કરી છે.

પાકિસ્તાની મંત્રી મુસાદિક મલિક એ જ વ્યક્તિ છે જેમણે હાથ કપાયા પછી સિંધુ જળ સંધિ વિશે વાત કરી હતી, પરંતુ હવે પરિસ્થિતિ એવી છે કે તેઓ દિલ્હી આવીને વાતચીત માટે વિનંતી કરી રહ્યા છે. લગભગ અઢી વર્ષ સુધી પાકિસ્તાનના કોઈ મંત્રીએ ભારતની મુલાકાત લીધી ન હતી. મુસાદિક મલિકની ભારત મુલાકાત પહેલા, બિલાવલ ભુટ્ટો ઝરદારી મે ૨૦૨૩ માં ભારતની મુલાકાતે આવ્યા હતા. ત્યારબાદ, મુસાદિક મલિકે ૨૦ થી ૨૨ નવેમ્બર સુધી જીર્ઝ ફોરમ માટે ભારતની મુલાકાત લીધી હતી. અહીં પણ, મુસાદિકે એ જ અપીલ કરી હતી. પાકિસ્તાને શું જવાબ આપવો જોઈએ તે અંગે ભારતમાં કોઈ મતભેદ નથી.

પાકિસ્તાની મંત્રી મુસાદિક મલિક દિલ્હીની મુલાકાત દરમિયાન આતંકવાદ વિશેના પ્રશ્નોના જવાબ આપવાથી દૂર રહેતા દેખાયા. પાકિસ્તાની મંત્રીએ પોતાના દેશને આતંકવાદનો શિકાર ગણાવવાનું શરૂ કર્યું. નોંધનીય છે કે આ વર્ષે ભારતમાં જીર્ઝ સિવિલાઈઝેશનલ ડાયલોગ ફોરમ યોજાઈ રહ્યું છે. પાકિસ્તાનના પ્રતિનિધિઓ પણ આ ફોરમમાં ભાગ લઈ રહ્યા છે. પાકિસ્તાની મંત્રી મુસાદિક મલિક આ માટે ભારતમાં પહોંચ્યા છે.

કર્ણાટકમાં સરકારી, સહાયિત અને ખાનગી શાળાઓમાં મફત બાયોડિગ્રેડેબલ સેનિટરી નેપકિન ફરજિયાત

બેન્ગ્લુરુ,

કર્ણાટકમાં ધોરણ ૬ થી ૧૨ ની છોકરીઓને સરકારી, સહાયિત અને ખાનગી શાળાઓમાં મફત સેનિટરી નેપકિન મળશે, રાજ્ય સરકારે સંસ્થાઓ માટે તેમની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનું ફરજિયાત બનાવ્યું છે અને પાલન કરવામાં નિષ્ફળ રહેનારાઓ સામે શિસ્તબદ્ધ કાર્યવાહીની ચેતવણી આપી છે.શાળા શિક્ષણ વિભાગ દ્વારા જારી કરાયેલ એક પરિપત્રમાં તમામ શાળાઓ અને પ્રિ-યુનિવર્સિટી કોલેજોને નિર્ધારિત ધોરણોને પૂર્ણ કરતા બાયોડિગ્રેડેબલ સેનિટરી નેપકિન મફતમાં પૂરા પાડવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. શાળાઓએ છોકરીઓના શૌચાલયમાં વેન્ડિંગ મશીનો સ્થાપિત કરીને ઉત્પાદનો સરળતાથી સુલભ બનાવવા જોઈએ. જ્યાં મશીનો તાત્કાલિક સ્થાપિત કરી શકાતા નથી, ત્યાં સંસ્થાઓએ નિયુક્ત સ્થાન અથવા સોંપાયેલ અધિકારી દ્વારા વિતરણની વ્યવસ્થા કરવી જોઈએ.

"રાજ્યની તમામ સરકારી, સહાયિત અને ખાનગી શાળાઓ અને પ્રિ-યુનિવર્સિટી કોલેજોને ઉપરોક્ત સુપ્રીમ કોર્ટના ચુકાદામાં સમાવિષ્ટ દિશાનિર્દેશોને ફરજિયાતપણે, તાત્કાલિક અને કોઈપણ ખામી વિના અમલમાં મૂકવા સૂચના આપવામાં આવે છે," પરિપત્રમાં કહેવામાં આવ્યું છે."પાલન કરવામાં નિષ્ફળતા સંબંધિત સરકારી શાળાઓના મુખ્ય શિક્ષકો અને ખાનગી શાળાઓના સંચાલન સામે નિયમો અનુસાર શિસ્તબદ્ધ કાર્યવાહીને આમંત્રણ આપશે," તેમાં ઉમેર્યું.

લોકશાહીમાં નાગરિકોને બંધારણીય સંસ્થાઓના નિર્ણયોની ટીકા કરવાનો સંપૂર્ણ અધિકાર પણ આદર જરૂરી : સીજેઆઈ

ભારતના મુખ્ય ન્યાયાધીશનું ધર્મશાલામાં સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ હિમાચલ પ્રદેશના ૧૦માં દીક્ષાંત સમારોહમાં સંબોધન

શિમલા,

ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું કે લોકશાહીમાં, નાગરિકોને બંધારણીય સંસ્થાઓના નિર્ણયોની ટીકા કરવાનો સંપૂર્ણ અધિકાર છે, પરંતુ તેમણે આ સંસ્થાઓને નિશાન બનાવવાનું ટાળવું જોઈએ. તેમણે કહ્યું કે નિર્ણય અને તેને જારી કરનાર સંસ્થા વચ્ચેનો તફાવત સમજવો મહત્વપૂર્ણ છે. આમ કરવામાં નિષ્ફળતા લોકશાહીને મજબૂત બનાવતી સંસ્થાઓમાં જાહેર વિશ્વાસને નબળો પાડી શકે છે. ધર્મશાલામાં સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ હિમાચલ પ્રદેશના ૧૦મા દીક્ષાંત સમારોહમાં મુખ્ય મહેમાન તરીકેના પોતાના સંબોધનમાં તેમણે આ નિવેદન આપ્યું હતું.

ભારતના મુખ્ય ન્યાયાધીશે વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરતા કહ્યું હતું કે લોકો ઘણીવાર નિર્ણય અને તેની પાછળની સંસ્થા વચ્ચે ભેદ



પાડવામાં નિષ્ફળ જાય છે. યુનિવર્સિટી દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, ન્યાયાધીશ સૂર્યકાન્તે કહ્યું હતું કે તેમનું માનવું છે કે આ વલણ લોકશાહી જાળવવા માટે જરૂરી સંસ્થાઓમાં જાહેર વિશ્વાસને નબળી પાડવાનો ભય રાખે છે. તેમણે કહ્યું હતું કે લોકશાહીમાં, નાગરિકોને બંધારણીય સંસ્થાઓના નિર્ણયોની ટીકા કરવાનો અધિકાર છે, પરંતુ તેમણે આ સંસ્થાઓને નિશાન બનાવવાનું ટાળવું જોઈએ.ન્યાયમૂર્તિ સૂર્યકાન્તે દીક્ષાંત સમારોહને સંબોધતા સ્નાતક વિદ્યાર્થીઓને તેમની આસપાસના હિમાલયના લેન્ડસ્કેપનો ઉલ્લેખ કરીને તેમના લક્ષ્યો પ્રાપ્ત કરવામાં ધીરજ રાખવા વિનંતી કરી. તેમણે વિદ્યાર્થીઓને યાદ અપાવ્યું કે પર્વતોમાં કોઈપણ ગંતવ્યનો માર્ગ ભાગ્યે જ સીધો હોય છે, અને કોઈ એકલા પર્વત પર ચઢતું નથી. દીક્ષાંત સમારોહ ધર્મશાલામાં સરકારી ડિગ્રી કોલેજના ઓડિટોરિયમમાં યોજાયો હતો. ૭૦૨ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી અને ૩૨ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા, જેમાં ૨૩ મહિલા વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે.મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ વિદ્યાર્થીઓને કહ્યું કે ડિગ્રી માત્ર વિદ્યાર્થીની મહેનતને જ ઓળખતી નથી પરંતુ સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની તેમની જવાબદારીને પણ પ્રતિબિંબિત કરે છે.

યુક્રેને લિબિયા નજીક રશિયન યુદ્ધ જહાજ ડૂબાડ્યું, હેલિકોપ્ટરનો નાશ કર્યો : ઝેલેન્સકી

ઝેલેન્સકીએ મિશનને પાર પાડવાનો શ્રેય યુક્રેનની સુરક્ષા સેવા અને દેશના સંરક્ષણ દળોને આપ્યો

નવીદિલ્હી,

યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ સોમવારે જણાવ્યું હતું કે યુક્રેનિયન દળોએ લિબિયાના દરિયાકાંઠે એક ઓપરેશનમાં એક રશિયન કોર્વેટ ડૂબાડી દીધું હતું અને એક કોમ્બેટ હેલિકોપ્ટરનો નાશ કર્યો હતો, જેમાં સાત યુક્રેનિયન-નિર્મિત નૌકાદળના ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

X પરની એક પોસ્ટમાં, ઝેલેન્સકીએ યુદ્ધ જહાજને રશિયન કોર્વેટ મર્કુરી તરીકે ઓળખાવ્યું હતું, જે તેમણે કહ્યું હતું કે ૨૦૨૩ માં યુક્રેન પર સંપૂર્ણ પાયે આક્રમણ દરમિયાન કાર્યરત કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે આ ઓપરેશનમાં દ્વદ્વક-૨૭ કોમ્બેટ હેલિકોપ્ટર પણ નાશ પામ્યું હતું.

ઝેલેન્સકીએ મિશનને પાર પાડવાનો શ્રેય યુક્રેનની સુરક્ષા સેવા અને દેશના સંરક્ષણ દળોને આપ્યો, અને કહ્યું કે હુમલાનો સામનો કરવાના રશિયન પ્રયાસો છતાં લક્ષ્યો પ્રાપ્ત થયા હતા. "મને ગઈકાલે અને આજે ઓપરેશનના પગલાં વિશે વિગતવાર બ્રીફિંગ મળ્યું - અમે જે લક્ષ્યો નક્કી કર્યા હતા તે પ્રાપ્ત થયા હતા," તેમણે લખ્યું. યુક્રેનિયન રાષ્ટ્રપતિએ એમ પણ કહ્યું કે બીજું લક્ષ્ય, રશિયન ડ્રાય કાર્ગો જહાજ સ્ફ અંગારા, હિટ થયું હતું. તેમણે આરોપ લગાવ્યો કે રશિયાએ શસ્ત્રોના પરિવહન માટે જહાજનો ઉપયોગ કર્યો હતો.

સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીમાંથી દૂર કરાયેલા નામોની પ્રથમ સુનાવણીનો નિર્દેશ આપ્યો

કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના મતદારોની અપીલોને પ્રાથમિકતા આપવામાં આવશે

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર) અંગે એક મહત્વપૂર્ણ નિર્દેશ જારી કર્યો છે. દેશની સર્વોચ્ચ અદાલતે કહ્યું કે મતદાર યાદીમાંથી દૂર કરાયેલા નામો સામેની અપીલો પહેલા સાંભળવી જોઈએ, જ્યારે નવા નામોના સમાવેશ સામેની અપીલો હાલ પૂરતો મુલતવી રાખવી જોઈએ. સુપ્રીમ કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું છે કે કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના મતદારો જેમના નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે તેમની અપીલોને પ્રાથમિકતા આપવામાં આવશે, કારણ કે ત્યાં ટૂંક સમયમાં ચૂંટણી યોજાવાની છે.

સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને કોલકાતા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સાથે પરામર્શ કરીને અપીલ ટ્રિબ્યુનલની સંખ્યામાં વધારો કરવાનો નિર્દેશ આપ્યો હતો જેથી બાકી રહેલી અપીલોનો નિકાલ ઝડપી બને. વધુમાં, સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને કોલકાતાના વિવિધ ભાગોમાં અપીલ ટ્રિબ્યુનલ માટે યોગ્ય સ્થાનો શોધવાનો નિર્દેશ આપ્યો હતો. આનાથી મતદારોને અપીલ સુનાવણી માટે એક જ સ્થાન પર આધાર રાખવાની જરૂરિયાત દૂર થશે અને કેસોનો ઝડપી નિકાલ સરળ બનશે.

સુપ્રીમ કોર્ટના આ નિર્દેશથી પશ્ચિમ બંગાળમાં એવા લોકોને રાહત મળવાની અપેક્ષા છે જેઓ એસઆઇઆર દરમિયાન મતદાર યાદીમાંથી તેમના નામ દૂર કરવા સામે લડી રહ્યા છે. આનાથી અપીલની પ્રાથમિકતા સુનાવણીનો માર્ગ મોકળો થયો છે, ખાસ કરીને કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના મતદારો માટે. અગાઉ, ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં એક સોગંદનામું દાખલ કરીને દરેક લોકસભા મતવિસ્તાર માટે એક ટ્રિબ્યુનલ બનાવવાની માંગ કરી હતી. કમિશને જણાવ્યું હતું કે જીંઈ સંબંધિત મોટી સંખ્યામાં અપીલો પેન્ડિંગ છે, અને તેમના નિકાલને ઝડપી બનાવવા માટે વધારાના ટ્રિબ્યુનલની જરૂર છે.

ભાજપે પંજાબ ચૂંટણી માટે ૧૯ સભ્યોની ચૂંટણી સમિતિની રચના કરી

કોંગ્રેસ અને અકાલી દળના ૭ પૂર્વ નેતાઓને મહત્વની જવાબદારીઓ સોંપાઈ

ચંદીગઢ,

ભારતીય જનતા પાર્ટી (BJP) એ ૨૦૨૭ની પંજાબ વિધાનસભા ચૂંટણી માટેની તૈયારીઓ તેજ કરી દીધી છે. આ માટે પક્ષે ૧૬ મુખ્ય સભ્યો અને ત્રણ વિશેષ આમંત્રિતોની બનેલી એક રાજ્ય ચૂંટણી સમિતિની રચના કરી છે. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે, કોંગ્રેસ અને શિરોમણી અકાલી દળ (SAD) છોડીને ભાજપમાં જોડાયેલા સાત વરિષ્ઠ નેતાઓને આ સમિતિમાં મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવી છે.

સમિતિમાં કોણ કોણ છે?

આ સમિતિમાં પંજાબ ભાજપના પ્રમુખ કેવલ સિંહ ધિલ્લોન, પૂર્વ નાણામંત્રી મનપ્રીત સિંહ બાદલ, પૂર્વ સાંસદ સુનીલ જાખડ, પૂર્વ કેન્દ્રીય મંત્રી પ્રનીત કૌર, પૂર્વ સાંસદ રવનીત સિંહ બિટ્ટુ, પૂર્વ મંત્રી રાણા ગુરમીત સિંહ સોઢી અને અકાલી દળના પૂર્વ ધારાસભ્ય મનજીત સિંહ મન્નાનો સમાવેશ થાય છે. આ નેતાઓમાંથી છ નેતાઓ અગાઉ કોંગ્રેસ સાથે જોડાયેલા હતા, જ્યારે મન્ના શિરોમણી અકાલી દળ છોડીને ભાજપમાં જોડાયા હતા.

આ પેનલમાં ભાજપના એવા અનેક વરિષ્ઠ નેતાઓને પણ સામેલ કરવામાં આવ્યા છે જેઓ લાંબા સમયથી પક્ષ સાથે જોડાયેલા છે.

પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા બેરોજગાર યુવાનોને માસિક ૨,૦૦૦ બેરોજગારી ભથ્થું મળશે

ભથ્થું દર મહિનાના બીજા અઠવાડિયામાં સીધા લાભાર્થીઓના બેંક ખાતામાં ટ્રાન્સફર થશે

કોલકાતા,

પશ્ચિમ બંગાળ સરકારે રાજ્યના બેરોજગાર યુવાનો માટે એક મોટી જાહેરાત કરી છે. હકીકતમાં, પશ્ચિમ બંગાળ સરકારે 'ભોર્શ કર્મસુચી' યોજના હેઠળ રાજ્યના બેરોજગાર યુવાનો માટે બેરોજગારી ભથ્થું શરૂ કરવાની જાહેરાત કરી છે. અહેવાલો અનુસાર, રાજ્ય સરકાર જાન્યુઆરીથી બેરોજગાર સ્નાતકો અને સરકારી વ્યાવસાયિક સંસ્થાઓ અને આઇટીઆઇ માંથી ડિપ્લોમા ધરાવતા લોકોને માસિક ૨,૦૦૦ ભથ્થું આપશે. આ માહિતી પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ પોતે આપી હતી.

મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ જણાવ્યું હતું કે આ યોજના હેઠળ, બેરોજગાર બિન-સ્નાતકોને દર મહિને ૧,૫૦૦ મળશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભાજપના ઘોષણાપત્રમાં વચન મુજબ, ૨૦૨૮-૨૯ નાણાકીય વર્ષથી આ ભથ્થા અનુક્રમે ૩,૦૦૦ અને ૨,૦૦૦ કરવામાં આવશે. પાત્ર ઉમેદવારોની ઉંમર ૨૧ થી ૪૫ વર્ષની વચ્ચે હોવી જોઈએ. 'ભોર્શ કર્મસુચી' યોજના અગાઉની તૃણમૂલ કોંગ્રેસ સરકારની 'યુવાશ્રિ' યોજનાને બદલે છે.

કેબિનેટ બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતા મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ જણાવ્યું હતું કે, "અમે યુવાનોને થોડા સમય માટે ધીરજ રાખવા અપીલ કરીએ છીએ, કારણ કે અમે ઘણી નવી યોજનાઓ શરૂ કરી છે, બાકી રહેલા બાકી લેણાં ચૂકવ્યા છે અને નોંધપાત્ર નાણાકીય જવાબદારીઓ સંભાળી છે. અમે અમારા વચનો પૂર્ણ કરીશું." તેમણે જણાવ્યું હતું કે પાછલી સરકારની યોજના હેઠળ ૫.૪ મિલિયન હાલના લાભાર્થીઓની ચકાસણી ૩૧ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થશે. જેમણે હજુ સુધી અરજી કરી નથી તેઓ "અપનાર સરકાર અપનાર પાશે" કાર્યક્રમ દ્વારા તેમની અરજીઓ સબમિટ કરી શકે છે. તેમણે જણાવ્યું હતું કે આ અરજીઓ યુવા કલ્યાણ વિભાગને મોકલવામાં આવશે.

સંવેદનશીલ, સત્તાવાર કામ માટે વોટ્સએપ વેબનો ઉપયોગ ટાળવા ગૃહ મંત્રાલયની સલાહ

સાયબર સુરક્ષા જોખમો અંગે ચેતવણી આપી

નવી દિલ્હી,

ઇન્ડિયન સાયબર ક્રાઇમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) ના નેશનલ સાયબર ક્રાઇમ થ્રેટ એનાલિટિક્સ યુનિટ (NCTAU) એ ચેતવણી આપી છે કે પ્રમાણિત ઉરઠંજર્છ વેબ સત્રોનો ઉપયોગ વપરાશકર્તાઓના એકાઉન્ટ્સમાં અનધિકૃત ઍક્સેસ મેળવવા માટે થઈ શકે છે, જેનાથી દૂષિત વ્યક્તિઓ સંદેશાઓ વાંચી શકે છે, એકાઉન્ટ ધારકોનો ઢોંગ કરી શકે છે અને તેમના સંપર્કો અને જૂથ વાતચીતોને ઍક્સેસ કરી શકે છે.

સોમવારે જારી કરાયેલ એક સલાહકારમાં, ગૃહ મંત્રાલયનીંૐઝ એ ઉરઠંજર્છ વપરાશકર્તાઓને



ચેતવણી આપી છે કે પ્રમાણિત ઉરઠંજર્છ વેબ સત્રોનો ઉપયોગ તેમના એકાઉન્ટ્સમાં અનધિકૃત ઍક્સેસ મેળવવા માટે થઈ શકે છે, જેનાથી દૂષિત વ્યક્તિઓ ખાનગી સંદેશાઓ વાંચી શકે છે, વપરાશકર્તાઓનો ઢોંગ કરી શકે છે અને છેતરપિંડી, ફિશિંગ અને અન્ય સાયબર ગુનાઓ માટે તેમની ઓળખનો ઉપયોગ કરી શકે છે.

સલાહકારમાં સત્તાવાર અને સંવેદનશીલ વાતાવરણ માટે ઉરઠંજર્છ વેબનો ઉપયોગ ટાળવાની ભલામણ કરવામાં આવી છે.

એજન્સીએ વપરાશકર્તાઓને ખાસ કરીને ઓફિસ કમ્પ્યુટર્સ, શેર કરેલી સિસ્ટમ્સ અથવા જાહેર ઉપકરણો પર ઉરઠંજર્છ વેબને ઍક્સેસ કરતી વખતે સાવચેતી રાખવાની સલાહ આપી છે. "તેથી વપરાશકર્તાઓને WhatsApp વેબનો ઉપયોગ કરતી વખતે સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવે છે, ખાસ કરીને ઓફિસ કમ્પ્યુટર્સ, શેર કરેલી સિસ્ટમ્સ, જાહેર કમ્પ્યુટર્સ અથવા ઉપકરણો પર જે અન્ય લોકો માટે સુલભ હોઈ શકે છે," સલાહકારમાં કહેવામાં આવ્યું છે, કારણ કે તેમાં ઉરઠંજર્છ વેબનો સુરક્ષિત રીતે ઉપયોગ કરવા અને સાયબર ગુનામાં ફસાયા વિના સાવચેતીનાં પગલાં સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે.

સરકારે વપરાશકર્તાઓને ઉરઠંજર્છ વેબ પર સત્તાવાર, સંવેદનશીલ કાર્ય ટાળવાની સલાહ આપી છે. "સરકારી, સંગઠનાત્મક, નાણાકીય, ગુપ્ત અથવા અન્ય સંવેદનશીલ માહિતીનું કમ્પ્યુટર્સ પર WhatsApp વેબ સત્ર દ્વારા આદાનપ્રદાન ન કરવું જોઈએ," તેમાં કહેવામાં આવ્યું છે.

ભારતની પ્રથમ સ્વાયત્ત કાઉન્ટર-ડ્રોન માઈક્રો-મિસાઈલ સિસ્ટમ જવાલા MK-1નું પોખરણમાં પરીક્ષણ

નવીદિલ્હી,

આત્મનિર્ભર ભારત મિશનને એક મોટું પ્રોત્સાહન આપતા, સ્વદેશી સંરક્ષણ ઉત્પાદક IG ડિફેન્સે રાજસ્થાનના પોખરણ ફાયરિંગ રેન્જ ખાતે ત્નઉછન્છ સ્દ્ધ-૧ નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. કંપની તેને ભારતની પ્રથમ સ્વાયત્ત કાઉન્ટર-અનમેનન્ડ એરક્રાફ્ટ સિસ્ટમ (CUAS) માઈક્રો-મિસાઈલ સિસ્ટમ તરીકે વર્ણવે છે, જે આગામી પેઢીની સ્વદેશી કાઉન્ટર-ડ્રોન ટેકનોલોજી વિકસાવવામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. કંપનીના જણાવ્યા અનુસાર, આ સિસ્ટમની ઓપરેશનલ રેન્જ ૫ કિલોમીટર સુધી છે. કંપનીએ જણાવ્યું હતું કે ત્નઉછન્છ સ્દ્ધ-૧ એ પ્રતિકૂળ માનવરહિત હવાઈ પ્રણાલીઓ દ્વારા ઉભા થતા ઝડપથી વિકસતા



ખતરાનો સામનો કરવા માટે એક સ્વદેશી, સ્વાયત્ત અને ખર્ચ-અસરકારક ઉકેલ છે.

કંપનીના જણાવ્યા મુજબ, આ મિસાઈલ પ્રોપલ્શન અને ફ્લાઈટ મેન્યુવરેબિલિટી માટે ડ્યુઅલ-પલ્સ સોલિડ રોકેટ મોટર અને એરોડાયનેમિક ફિન કંટ્રોલનો ઉપયોગ કરે છે. તે પ્રી-ફ્રેગમેન્ટેડ હાઈ-એક્સપ્લોઝિવ વોરહેડ અને પ્રોક્સિમિટી ફ્યુઝ ધરાવે છે. આ તેને સીધી અસર પર સંપૂર્ણપણે આધાર રાખવાને બદલે લક્ષ્યની નજીક વિસ્ફોટ કરવાની મંજૂરી આપે છે.

માનવરહિત હવાઈ પ્રણાલીઓનો પ્રસાર મૂળભૂત રીતે આધુનિક લશ્કરી કામગીરીમાં પરિવર્તન લાવી રહ્યો છે. તાજેતરના આંતરરાષ્ટ્રીય સંઘર્ષો, જેમાં યુએસ-ઈરાન મુકાબલોનો સમાવેશ થાય છે, પ્રમાણમાં સસ્તા એટેક ડ્રોનની વધતી જતી જમાવટ અને ઉચ્ચ-ખર્ચવાળા પરંપરાગત હવાઈ-રક્ષા ઈન્ટરસેપ્ટર્સનો ઉપયોગ કરીને તેનો સામનો કરવાના આર્થિક પડકારોને પ્રકાશિત કરે છે.

આ ઉભરતી યુદ્ધભૂમિ વાસ્તવિકતાએ એક મહત્વપૂર્ણ ખર્ચ અસંતુલનનો પર્દાફાશ કર્યો છે: ઓછી કિંમતના હવાઈ જોખમો લશ્કરોને વધુ ખર્ચાળ ઈન્ટરસેપ્શન સિસ્ટમ્સ તૈનાત કરવા માટે મજબૂર કરી શકે છે, જે ઈન્ટરસેપ્ટર ઈન્વેન્ટરીઝ, દારૂગોળાની ટકાઉપણું અને આધુનિક યુદ્ધના અર્થશાસ્ત્ર પર દબાણ લાવી શકે છે. ભારત માટે, તેના જટિલ સુરક્ષા વાતાવરણ અને વિકસિત હવાઈ જોખમો સાથે, સસ્તું, સ્કેલેબલ અને સ્વદેશી કાઉન્ટર-યુએએસ તકનીકો વિકસાવવી એ એક વ્યૂહાત્મક આવશ્યકતા છે.

વાવડી-ખીરસરા વચ્ચે એક દુઃખદ ઘટના

જેતપુર નજીક રેલવે ટ્રેક પર ટ્રેનની અડફેટે બે સિંહણના મોત, વનવિભાગની ટીમ ઘટનાસ્થળે



રાજકોટઃ રાજકોટ જિલ્લાના જેતપુર નજીક રેલવે ટ્રેક પર એક અત્યંત દુઃખદ ઘટના બની છે. જેમાં ટ્રેનની અડફેટે આવી જવાથી બે સિંહણના કરુણ મોત નિપજ્યા છે. અકસ્માતને પગલે પેસેન્જર ટ્રેન દોઢથી બે કલાકથી વધુ સમય માટે રોકી દેવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વનવિભાગની ટીમ પણ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ભાવનગર-પોરબંદર પેસેન્જર ટ્રેન જેતપુર તાલુકાના વાવડી-ખીરસરા વચ્ચેથી પસાર થઈ રહી હતી, ત્યારે રેલવે લાઈન પર અચાનક બે સિંહણ ટ્રેક પર આવી જતા અકસ્માત સર્જાયો હતો. ટ્રેનની અડફેટે સિંહણના મોતને પગલે રાજકોટ રેલવે પોલીસ, જેતપુર અને જૂનાગઢ વન વિભાગના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી પહોંચ્યા હતા.

આ દુર્ઘટનાને પગલે સ્થાનિકનો એકઠાં થઈ ગયા હતા. એકસાથે બે સિંહણના મોતથી વન્યજીવ પ્રેમીઓમાં દુઃખની લાગણી છવાઈ છે. સમગ્ર મામલે પોલીસે સિંહણના મૃતદેહ કબજે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.સિંહણના મોતની ઘટના અંગે ફોરેસ્ટ અધિકારીએ જણાવ્યું હતું કે, 'આ દુર્ઘટના ૨૩ નવેમ્બરની રાત્રે ૮ વાગ્યે ઘટી હતી. જેમાં ૨થી ૩ વર્ષની સિંહણના મોત નીપજ્યા છે.'

પ્રાઈમ એન્ટરપ્રાઈઝમાં ૧૯ લાખની લૂંટ કેસમાં ૧૧૬ દિવસે મુખ્ય બે લૂંટારુઓ આગ્રાથી ઝડપાયા

૨૦ દિવસ રોકાઈ રાજકોટ અને જામનગરમાં અલગ અલગ જગ્યાએ રેકી કરી'તી, પોલીસથી બચવા પ્રાઈવેટ મેસેન્જર એપ્લિકેશનનો ઉપયોગ કરતા

રાજકોટઃરાજકોટ શહેરમાં ભાવનગર રોડ પર આવેલ પટેલ વાડી નજીક પ્રાઈમ એન્ટરપ્રાઈઝ નામની આંગડીયા પેઢીમાં થયેલ રૂપિયા ૧૯ લાખની લૂંટનો ભેદ ઉકેલવામાં ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળી છે. પોલીસે લૂંટ કેસમાં ૧૦ દિવસમાં ગુજરાત સહીત ૭ રાજ્યોમાં તપાસ હાથ ધરી મદદગારી કરનાર બે આરોપીની ધરપકડ કરી હતી જયારે લૂંટ ચલાવનાર મુખ્ય બે આરોપી નાસ્તા ફરતા હોવાથી આજે ૧૧૬ દિવસ બાદ આગ્રા ખાતેથી બન્ને આરોપીઓ મળી આવતા ક્રાઈમ બ્રાન્ચે તેની અટકાયત કરી આગળની તપાસ અર્થે બી ડિવિઝન પોલીસને સોંપવામાં આવ્યા છે.ઉલ્લેખનીય છે કે લૂંટ ચલાવનાર મુખ્ય આરોપીઓ શાતીર મગજના હોવાથી તેઓ પોલીસ પકડથી બચવા માટે અલગ અલગ નુસખા અપનાવતા હતા જેમાં તેઓ ચોરાઉ વાહનમાં ખોટી નંબર પ્લેટ ઉપયોગ કરી લૂંટને અંજામ આપી હતી એટલું જ નહિ પરંતુ દિલ્લીથી રાજકોટ આવી કોઈ હોટલમાં રોકાવવા બદલે રૂમ રાખીને રહેવા પસંદ કર્યું હતું તેમજ મોબાઈલ લોકેશનથી બચવા માટે ખાસ ડ્રગ પેડલરો જે એપ્લિકેશનનો ઉપયોગ કરતા તે પ્રાઈવેટ મેસેન્જર એપ્લિકેશનનો ઉપયોગ કરતા હતા. હદ તો ત્યાં સુધી થઈ કે આરોપીઓએ ચોરી કરેલ બાઈકમાં નંબર પ્લેટ તો ખોટી લગાવી પરંતુ તેના એન્જીન નંબર અને ચેસીસ નંબર પણ ભૂંસી નાખ્યા હતા.

ગત ૩૦ જુલાઈના રોજ સવારના સમયે થયેલ લૂંટ કેસમાં પોલીસે ૧૦ દિવસમાં પ્રથમ બે આરોપીની ધરપકડ કરી હતી જેમાં એક આરોપી રમઝાનઅલી ઉર્ફે રાજુ શેખની બંગાળ ખાતેથી



અને પ્રવીણ ખજીઓની મથુરા ખાતેથી ધરપકડ કરવામાં આવી હતી. જયારે ફરાર મુખ્ય બે આરોપી આશમહમદ ઉર્ફે આંસુ ઉર્ફે આસ અયુબ કુરેશી અને વિજયકુમાર સુરેશચંદ્રની આજે ૧૧૬ દિવસ બાદ ધરપકડ કરવામાં આવી છે.

પોલીસ પુછપરછમાં સામે આવ્યું છે કે, અગાઉ પકડાયેલ આરોપી રમઝાનઅલી ઉર્ફે રાજુ છેલ્લા ૩ મહિનાથી રાજકોટમાં રહી સોની બજારમાં મજૂરી કામ કરતો હતો અને અગાઉ તે દિલ્લી ખાતે કામ કરતો ત્યારે આશમહમદ ઉર્ફે આસુ સહીત ૩ આરોપીઓ સાથે મુલાકાત થઇ હતી. ગત જુલાઈ મહિનામાં આરોપી આસુએ ફોન કરી રમઝાનઅલી ઉર્ફે રાજુને ત્રણ માણસોને રહેવાની વ્યવસ્થા કરવા માટે અને લૂંટને અંજામ આપવા અંગે વાતચીત કરી હતી જેથી રમઝાનઅલી દ્વારા ભગવતીપરા વિસ્તારમાં આરોપીઓને રોકાવવા માટે એક રૂમ ભાડે કરી આપ્યો હતો જ્યાં રહી આરોપીઓ દ્વારા રાજકોટ અને જામનગરમાં સતત ૨૦ દિવસ સુધી અલગ અલગ વિસ્તારમાં રેકી કરી બાદમાં ૩૦ જુલાઈના રોજ પ્રાઈમ એન્ટરપ્રાઈઝ સૌથી સેફ લાગતા લૂંટને અંજામ આપ્યો હતો.દિલ્લીથી રાજકોટ આવી હોટલમાં રોકાણ કરે તો આઈડી પ્રુફ આપવું પડે અને સારથી એપમાં પણ પોલીસને માહિતી મળી શકે તે માટે હોટલમાં રહેવાનું ટાળી એક ભાડાની રૂમમાં રહેવા માટે વ્યવસ્થા કરી હતી. એટલું જ નહિ આરોપીઓએ લૂંટને અંજામ આપવા એક ચોરાઉ બાઈકનો ઉપયોગ કર્યો હતો જેમાં નંબર પ્લેટ પણ ખોટી હતી અને એ બાઈકના ચેસીસ અનર એન્જીન નંબર પણ ભૂંસી દેવામાં આવ્યા હતા. આ સિવાય ટેક્નોલોજીના જાણકાર આરોપીઓના મોબાઈલ લોકેશન ન મેળવી શકે એ માટે તેઓ પ્રાઈવેટ મેસેન્જર એપ્લિકેશનનો ઉપયોગ કરતા હતા જેનો ઉપયોગ કરવા માત્ર કોઈ સીમકાર્ડની જરૂરિયાત રહેતી ન હતી.

જુલાઈ મહિનામાં રાજકોટ આવ્યા બાદ આરોપીઓ ૨૦ દિવસ રેકી કરી ૩૦ જુલાઈના સવારે લૂંટને અંજામ આપી રાજકોટના ગ્રીનલેન્ડ ચોક થઈ, કુવાડવા પહોચ્ય હતા જ્યાંથી ખેરવા ગામ તરફ થઈ વાંકાનેર પહોંચ્યા હતા જ્યાંથી પછી પરત થાન, મુળી પહોંચી અને સુરેન્દ્રનગર રેલવે સ્ટેશન પહોંચ્યા હતા જ્યાં ચોરી કરેલ બાઈક મૂકી આરોપીઓ દિલ્લી જવા ટ્રેનમાં રવાના થયા હતા. આ તમામ રૂટ પર સીસીટીવી કેમેરા ચેક કરતા કરતા આરોપીઓનું પગેરું પોલીસે મેળવ્યું હતું

નો નંબર પ્લેટ નો ઈંધણની કડક અમલવારી

પેટ્રોલ પમ્પ પર નંબર પ્લેટવગરના વાહનોમાં ઈંધણ પુરી આપનાર ૫ ફિલરમેન, ૪ વાહનચાલક અને એક સંચાલક સામે ફરિયાદ દાખલ

રાજકોટઃરાજકોટ શહેર પોલીસ કમિશનર દ્વારા નો નંબર પ્લેટ નો ઈંધણ અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું જે જાહેરનામાની કડક અમલવારી ફરી એક વખત શરૂ કરાવવા સૂચના આપવામાં આવી હતી જે અંતર્ગત શહેરના અલગ અલગ પેટ્રોલપંપ ઉપર ફરજ બજાવતા ૫ ફિલરમેન, ૪ વાહનચાલક અને એક સંચાલક વિરુધ્ધ નંબર પ્લેટ વગરના વાહનોમાં પેટ્રોલ પુરી આપવા બદલ જાહેરનામા ભંગ બદલ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ દ્વારા શીતલ પાર્ક ચોક પાસે આવેલ ન્યારાના પેટ્રોલ પંપ ખાતે નંબર પ્લેટ વગર બાઈક લઈ એક વ્યક્તિ રૂ.૧૦૦નું પેટ્રોલ પુરાવવા માટે આવેલ જેને ફિલરમેન અલ્તાફ શેખ સિપાઈએ પેટ્રોલ પુરી આપ્યું હતું જેથી ફિલરમેન વિરુધ્ધ BNS કલમ ૨૨૩ મુજબ અને પેટ્રોલ પૂરાવનાર મોરબીના નિશિત મહેતા નામના યુવાન સામે એમ.વી.એક્ટની કલમ ૨૦૭ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બીજા બનાવમાં યુનિવર્સીટી પોલીસ દ્વારા કાલાવડ રોડ પર આત્મીય કોલેજ સામે ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ ખાતે પાછળની સાઈડમાં નંબર પ્લેટ વગર એક્સેસ વાહન લઈ એક વ્યક્તિ રૂ.૧૦૦નું પેટ્રોલ પુરાવવા માટે આવેલ જેને ફિલરમેન નરેશભાઈ શીલુ દ્વારા પેટ્રોલ પુરી આપ્યું હતું જેથી ફિલરમેન અને વાહન ચાલક ઉદય ગોસ્વામી વિરુદ્ધ BNS કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આજીડેમ પોલીસ દ્વારા આજીડેમ ચોક નજીક ભાવનગર રોડ પર આવેલા એચ.પી. ના પેટ્રોલપંપ ખાતે એક બાઈક ચાલક નંબર પ્લેટ વગર એક વ્યક્તિ પેટ્રોલ પુરાવવા માટે આવેલ જેને ફિલરમેન ભરતપ્રસાદ મિશ્રા દ્વારા પેટ્રોલ પુરી આપ્યું હતું જેથી ફિલરમેન વિરુદ્ધ BNS કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે સ્વાતિ પાર્ક મેઈન રોડ પર કોઠારીયા રિંગરોડ પર કૃષ્ણરાજ પેટ્રોલિયમ ખાતે પાછળની સાઈડમાં નંબર પ્લેટ વગર બાઈક ચાલક પેટ્રોલ પુરાવવા માટે આવેલ જેને ફિલરમેન બિપીનભાઈ બોરીસાગર દ્વારા પેટ્રોલ પુરી આપ્યું હતું જેથી ફિલરમેન અને વાહન ચાલક વિપુલ સોરઠીયા વિરુદ્ધ BNS કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ તરફ માલવિયાનગર પોલીસે પણ નાના મવા ચોક ખાતે એચ.પી.ના પેટ્રોલપંપ ખાતે એક બાઈક ચાલક નંબર પ્લેટ વગર એક નંબર પ્લેટ વગર બાઈક લઈ એક વ્યક્તિ પેટ્રોલ પુરાવવા માટે આવેલ જેને ફિલરમેન દ્વારા પેટ્રોલ પુરી આપ્યું હતું જેથી પેટ્રોલ પંપના સંચાલક વિવેક ચૌધરી અને વાહન ચાલક કાનો સાઢમીયા વિરુદ્ધ BNS કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સરધાર ગામ ખાતે આવેલ BPCLના પેટ્રોલ પંપ ખાતે એક વ્યક્તિ નંબર પ્લેટ વગર એક્ટિવા લઈને આવ્યો હતો જેને ફિલરમેન મહેન્દ્રભાઈ જોશી દ્વારા પેટ્રોલ પુરી આપવામાં આવ્યું હતું જેથી આજીડેમ પોલીસે તેના વિરુધ્ધ મ્રજી કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં એક માત્ર રાજકોટ શહેર પોલીસ કમિશનર દ્વારા નંબર પ્લેટ વગરના વાહનો સામે કડક અમલવારી માટે નો નંબર પ્લેટ નો ઈંધણ અંગે ખાસ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જો કોઈ પેટ્રોલપંપ સંચાલક જાહેરનામાનો અમલ નહિ કરે તો તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. હાલ પોલીસ દ્વારા રેન્ડમલી તેમજ સીસીટીવી ફૂટેજનું બેકપ ચેક કરી અને જાહેરનામાની કડક અમલવારી ફરીથી શરૂ કરવામાં આવી છે.

ધો. ૧૨ની પરીક્ષા આપી પરત આવી રહેલા વીછિયા ગામના યુવકનું આઈસર ઠોકરે મોત

જસદણઃજસદણ તાલુકાના ભાડલા નજીક પૂરપાટ ઝડપે આવતા આઈસરેન બાઈકને અડફેટે લેતા વીછિયાના ૨૦ વર્ષીય આશાસ્પદ યુવાનનું મોત નિપજ્યું હતું.ભ્રોલ ખાતે ધોરણ ૧૨ની પરીક્ષા આપીને પોતાના બે મિત્ર સાથે બાઈક પર પરત ફરી રહેલા યુવાનને ભાડલા-દહીસરા રોડ પર કાળ આંબી ગયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં તેના બે મિત્રોને પણ ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

વીછિયા ખાતે રહેતો જેનિલ મકવાણા (ઉં.વ. ૨૦) ગત તારીખ ૨૧ના રોજ સવારે ૯ વાગ્યે ધોરણ ૧૨ની પરીક્ષા આપવા માટે પોતાના મિત્રો રવી અને નિસાર્થભાઈ સાથે બાઈક લઈને જામનગર જિલ્લાના ભ્રોલ ખાતે ગયો હતો.પરીક્ષા પૂર્ણ કરી ત્રણેય મિત્રો સાંજના સમયે વિંછીયા પરત ફરી રહ્યા હતા. બાઈક જેનિલ ચલાવી રહ્યો હતો, તે દરમિયાન ભાડલા-દહીસરા રોડ પર સામેથી આવતા આઈસર ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈક ચાલક જેનિલને માથા અને હાથના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે એકત્ર થયેલા લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને તાત્કાલિક જસદણની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.જ્યારે બાઈક પર સવાર તેના બંને મિત્રો નિસાર્થ અને રવીભાઈને પણ ઈજાઓ થતા તેમને સારવાર માટે આટકોટની કે.ડી. પરવાડીયા હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.અકસ્માત બાદ આઈસર ચાલકે નીચે ઉતરી પોતાનું નામ સાદુળ રૂપા સાંબડ (રહે. રાજકોટ) હોવાનું જણાવ્યું હતું. . પોલીસે આઈસર ચાલક સાદુળ સાંબડ વિરુદ્ધ અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ કરુણ ઘટનાની જાણ થતા જ મૃતક જેનિલના માતા રાણીબેન અને મામા અમરાભાઈ તાત્કાલિક જસદણ હોસ્પિટલ દોડી આવ્યા હતા. હોસ્પિટલમાં પુત્રનો મૃતદેહ જોઈ માતા ભાંગી પડ્યા હતા. ઉલ્લેખનીય છે કે, રાણીબેન પોતાના એકના એક પુત્ર જેનિલ સાથે માવતરે રહેતા હતા. જુવાનજોધ પુત્રના અકાળે અવસાનથી માતા નોંધારી બની છે અને સમગ્ર રબારી પરિવાર તથા વિંછીયા પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

વ્યાજખોરના માનસિક ત્રાસથી કંટાળી ગેરેજ સંચાલકે પોલીસનું શરણું લીધું

ઉપલેટાના યુવાને ૭૦,૦૦૦ વ્યાજે લઈ ૭ લાખ ચૂકવ્યા તોય ઉઘરાણી ન અટકી

ઉપલેટાઃઉપલેટામાં ૭૦ હજાર રૂપિયાની સામે ૬ થી ૭ લાખ ચૂકવ્યા છતાં પઠાણી ઉઘરાણી અને ધમકીઓ શરૂ જ રહેતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.ઉપલેટાના પોરબંદર રોડ પર આમ્રપાલી સોસાયટીમાં રહેતા અને બાપુના બાવલા ચોક પાસે ગેરેજ ચલાવતા યોગેશભાઈ દિનેશભાઈ વ્યાસે (ઉ.વ.૪૦) રાજકોટના આનંદનગરના હરપાલસિંહ ભરતસિંહ પરમાર સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે દસ વર્ષ પૂર્વે ફરિયાદી રાજકોટમાં ગેરેજ ચલાવતા ત્યારે વાહન સર્વિસ કરાવવા આવતા હરપાલસિંહ સાથે પરિચય થયો હતો. વર્ષ ૨૦૧૮-૧૯માં મંદી અને બાળકોની ફી માટે તેમણે આ શખ્સ પાસેથી માસિક ૧૦ ટકા વ્યાજે ઉપલેટાના નાગનાથ ચોક પાસે પ્રથમ ૪૦ હજાર રૂપિયા લીધા હતા.

ત્રણેક મહિના બાદ પુત્રની બીમારી અને માતાના અકસ્માતના ખર્ચ માટે વધુ ૩૦ હજાર એ જ શરતે લીધા હતા. કોઈ ચેક કે નોટરી વગર કુલ ૭૦ હજાર સામે તેઓ દર મહિને ૭ હજાર વ્યાજ ચૂકવતા હતા.કોરોનામાં આવક બંધ થતાં અને ધમકીઓથી કંટાળી તેઓ પરિવાર સાથે ઉપલેટા રહેવા આવી ગયા હતા. તેમ છતાં એ ઈસમે ઉપલેટા આવી ધાકધમકીથી દર મહિને ૭ હજાર વ્યાજ વસૂલવાનું ચાલુ રાખ્યું.

તેઓ પોતાના તથા મિત્રોના ગૂગલ પે મારફતે અને નાણાં ધીરનાર શખ્સ દ્વારા મોકલાતા અજાણ્યા વ્યક્તિને રોકડ ચૂકવતા હતા. વ્યાજમાં મોડું થાય તો ગેરેજ પર આવી ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી અપાતી અને દૈનિક ૧૦ ટકા પેનલ્ટી વસૂલાતી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.આઠ વર્ષમાં ૬ થી ૭ લાખ ચૂકવ્યા છતાં ત્રાસ ન અટકતાં મિત્ર હરસુખભાઈ બાવાજીએ હિંમત આપતાં મામલો પોલીસમાં પહોંચ્યો છે.ઉપલેટા પોલીસે સામાવાળા શખ્સ વિરુદ્ધ આઈપીસી કલમ ૩૮૬, ૫૦૪, ૫૦૬(૨) તથા ગુજરાત નાણા ધીરધાર અધિનિયમ ૨૦૧૧ની કલમ ૫, ૪૦, ૩૩(૩), ૪૨ હેઠળ ગુનો નોંધી પીઆઈ એચ. એમ. ધાધલે તપાસ હાથ ધરીવામાં આવી છે.

રોડથી ઊંચું કુંડીનું ઢાંકણું બન્યું મોતનું કારણ : તંત્રના આંખ આડા કાન

૨૯ વર્ષીય પરિણીતાને ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન મોત :માસૂમ પુત્રએ માતાની છત્રછાયા ગુમાવી



રાજકોટઃ શહેરમાં રસ્તા પર આવેલી ઊંચા ટેકરા જેવી કુંડીઓ અને બંધ હાલતમાં રહેલી સ્ટ્રીટલાઈટના કારણે એક પરિવારને માઠું પરિણામ ભોગવવાનો વારો આવ્યો છે. ન્યુ ૧૫૦ ફૂટ રિંગ રોડ પર એસઆરપી કેમ્પ નજીક ગ્રીનલીફ ગાર્ડનના ગેટ પાસે રસ્તા પર આવેલી રોડથી પણ ઊંચી કુંડીમાં વાહન અથડાતાં બાઈક પાછળ બેઠેલાં ૨૯ વર્ષીય પરિણીતાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં, જ્યાં લાંબી સારવાર દરમિયાન તેમનું મોત નીપજતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, કાલાવડ રોડ પર આવેલ સરિતા વિહાર વિસ્તારમાં રહેતાં મિતાલીબેન કિશનભાઈ કેસરિયા (ઉમર વર્ષ ૨૯) દિવાળી પહેલા ગત ૬ સપ્ટેમ્બરના રોજ પોતાના પતિ કિશનભાઈ સાથે જમવા માટે મસાલા ડાયરી હોટેલ તરફ જતાં હતાં. રસ્તામાં એસઆરપી કેમ્પ નજીક ડાબી બાજુએ ગ્રીનલીફ ગાર્ડનના ગેટ પાસે રોડ પર આવેલી ભૂગર્ભ કુંડીનું ઢાંકણું રોડથી ચાર - પાંચ ઈંચ ઊંચું હોવાથી બાઈક તેની સાથે અથડાતાં અકસ્માત સર્જાયો હતો.

આ ઘટનામાં મિતાલીબેનને ગંભીર ઈજાઓ પહોંચતાં તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જોકે, લાંબી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું હતું. આ ઘટનાની જાણ થતાં યુનિવર્સિટી પોલીસને જાણ કરવામાં આવી હતી. મૃતકના પતિ કિશનભાઈના જણાવ્યા મુજબ, રાત્રિના સમયે રસ્તા પર સ્ટ્રીટલાઈટ ચાલુ ન હોવાથી સમગ્ર વિસ્તારમાં અંધકાર હતો. રસ્તા પર આવેલી કુંડી પણ અંધારાના કારણે દેખાઈ નહોતી. પરિણામે બાઈક કુંડી સાથે અથડાતાં આ દુર્ઘટના બની હતી. તેમણે જવાબદાર તંત્ર સામે કાર્યવાહી કરવાની પણ માગણી કરી છે.

મૃતકના પતિના જણાવ્યા અનુસાર, અકસ્માત સર્જાયાના બે-ત્રણ દિવસમાં જ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઘટનાસ્થળે બહાર ઉપસેલી કુંડીનું સમારકામ કરી રોડની સપાટી જેટલી કરી દેવામાં આવી હતી. આ અંગે સ્થાનિક રહીશો દ્વારા આરએમસીને અરજી પણ કરવામાં આવી હતી. અરજી મળ્યા બાદ તંત્રએ ત્વરિત પગલાં લીધાં હતાં.જોકે, અકસ્માતમાં એક મહિલાનો જીવ ગયા બાદ કુંડીનું સમારકામ કરવામાં આવ્યું હોવાની બાબત તંત્રની કામગીરી અને જવાબદારી સામે સવાલો ઊભા કરે છે. એક તરફ રસ્તાની બાજુમાં ખુલ્લી અને ઊંચી કુંડી, બીજી તરફ બંધ સ્ટ્રીટલાઈટ અને સુરક્ષાનાં કોઈ પૂરતાં પગલાંનો અભાવ. આ તમામ પરિસ્થિતિ વચ્ચે એક નિર્દોષ મહિલાએ જીવ ગુમાવ્યો છે. મૃતક મિતાલી બેન ને નવ માસનો પુત્ર છે. પુત્ર મા વિહોણો થતા પરિવારમાં શોક છવાયો હતો.

ભીમનગર વિસ્તારમાં દારૂના ધંધાર્થીઓનો ખૌફ : બેફામ વેંચાણથી બાળકો સ્કૂલે જતાં પણ ડરે છે

મોટા પ્રમાણમાં સ્થાનીક મહિલાઓ ક્રાઈમ બ્રાંચની ઓફિસે દોડી આવી, ડીસીપી બાંગરવા સામે ધા

રાજકોટઃશહેરના કાલાવડ રોડ પર જડૂસ હોટલ નજીક આવતાં ભીમનગર વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી દેશી અને વિદેશી દારૂના ધંધાર્થીઓનો આતંક વધી રહ્યો હોવાની ચોંકાવનારી ફરિયાદ સામે આવી છે. વિસ્તારમાં દારૂનું બેફામ વેચાણ થઈ રહ્યું હોવાથી અસામાજિક તત્વોનો ત્રાસ એટલો વધી ગયો છે કે હવે સ્થાનિક પરિવારોનું જીવવું મુશ્કેલ બન્યું છે. આ દૂષણથી ત્રાસીને આજે ભીમનગર વિસ્તારની મોટી સંખ્યામાં મહિલાઓ એકત્ર થઈને સીધી ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ દોડી આવી હતી અને ઉચ્ચ પોલીસ અધિકારી સમક્ષ પોતાની વ્યથા ઠાલવી હતી.ક્રાઈમ બ્રાન્ચ ખાતે રજૂઆત કરવા આવેલી સ્થાનિક મહિલાઓએ આક્રોશ સાથે ડીસીપી ક્રાઈમને રજુઆત કર્યા બાદ પોલીસ કમિશ્નર કચેરી ખાતે પહોંચી હતી અને રજુઆત કરી હતી કે, છેલ્લા કેટલાક સમયથી અમારા લતા જય ભીમ નગરમાં અમક પરપ્રાંતિઓ તથા નેપાળીઓ રહેવા આવેલ હોય અને વિસ્તારમાં આટા ફેરા કરે છે. આવા પરપ્રાંતિયો તથા નેપાળીઓ તથા તેમના સાગરીતો જયભીમ નગરમાં આવીને ત્યાંના રહેવાસીઓમાંથી અમુકને મિત્રો બનાવીને લતામાં દેશી દારૂ તથા ઈંગ્લીશ દારૂનું વેંચાણ કરે છે અને લતામાં આવીને છડેચોક દારૂની મહેફીલો કરે છે. જેના કારણે તે વિસ્તારના તેમજ બહારના વિસ્તારના અમુક આવારા તત્વો રોજ દારૂ પીને તોફાન કરે છે અને અવાર - નવાર ઝઘડાઓ કરી અમારા જય ભીમ નગરની શાંતિને ડામાડોળ કરે છે. લતાના છોકરાઓને પણ દેશી તથા ઈંગ્લીશ



દારૂની લત લગાડી તેના સંસ્કારો બગાડે છે.સ્થાનિકો આ પરપ્રાંતિઓ તથા નેપાળીઓને અનેક વાર સમજાવવાનો પ્રયાસ કરેલ અને તેઓને સમજાવેલ કે ગુજરાતમાં દારૂબંધી છે જેથી તમો આવી ગેરકાયદેસર પ્રવૃતિઓ બંધ કરી દો અને કાયદેસરનો કામ ધંધો કરો, અમારા લતામાં આવીને આવા દુષણો ફેલાવો નહિ જેનાથી અમારા બાળકોમાં કુસંસ્કારોનું સિંચન થાય છે. જેથી આ લોકો આવી ગેરકાયદેસર પ્રવૃતિઓ બંધ કરવાને બદલે ઉલ્ટાના ઝઘડો કરવા લાગેલ અને કહેલ કે તમારા બધા થી થાય તે કરી લો બાકી દારૂનું અહિંયા વેચાણ તો થશે અને અહિયા પીવામાં પણ આવશે તમારાથી જે થાય તે કરી લો.

આવા અસામાજિક તત્વો દારૂનો વેપાર બંધ કરવાને બદલે ઉલ્ટાના અમારી ઉપર રોફ જમાવે છે અને લોકોને ધમકીઓ આપે છે. આ લોકો કહે છે કે અમે પોલીસ અમલદારોને નિયમિત હપ્તાઓ ચૂકવીએ છીએ, જેથી અમારું કોઈ કાંઈ બગાડી નહિ લ્યે અમને કાયદાનો કે પોલીસનો કોઈ ડર નથી. તમારાથી થાય તે કરી લો અમે તો દેશી દારૂ વેચીશુ જ.વધુમાં આક્ષેપ કર્યો હતો કે, આ અસામાજિક સબ્બીર કુરેશી તથા તેના મળતીઓઓ ખુબ જ જનુની સ્વભાવના હોય તેની સામે કોઈ થતું નથી અને છડે ચોક દારુનું વેચાણ કરતા હોય તેના ગ્રાહકો પણ એકદમ ગુંડા જેવા હોય છે, અને તેઓ બહેન દિકરીઓની અવારનવાર દારૂના નશામાં છેડતી કરતા હોય છે. જેથી અમારી બહેન દિકરીઓને ઘરની બહાર નિકળવું મુશ્કેલ બની ગયેલ છે.આ અસામાજિક તત્વોને કારણે લતામાં જ રહેવું મુશ્કેલ બની ગયેલ છે. આ લોકોને સમજાવવાની અનેક વખત કોશીષ કરેલ પરંતુ માનેલ નહિ અને કહેલ કે ત્યારે જ્યાં ફરિયાદ કરવી હોય ત્યાં ફરિયાદ કરી લે કોઈ અમારૂ કાંઈ બગાડી નહિ શકે, અમો કોઈના બાપથી બીતા નથી. લતાવાસીઓ આ પરપ્રાંતિયો, નેપાળીઓ તથા અસામાજિક તત્વોના ત્રાસથી ત્રાસી ગયેલ છે, કોઈ સાંભળતું નથી અને જેમ ફાવે તેમ ગાળો આપી માર મારવા પણ દોડે છે. તેમજ લતાવાસીઓ ઉપર જાન લેવા હિચકારો હુમલો કરી શકે તેવી દહેશતથી રજૂઆત કરી છે.

જસદણની સોસાયટીમાં બે યુવતીઓ કપડાં ચોરતી હોવાનો વિડીયો વાયરલ

રાજકોટઃ



જસદણના ચિતળિયા રોડ પર આવેલી હરિ નમન સોસાયટીમાં દોરી પર સુકવેલા કપડાંની ચોરી કરતી બે યુવતીઓ ઝડપાઈ ગઈ છે. ફૂટેજમાં એક યુવતી કપડાં ઉતારી બેગમાં મૂકતી દેખાય છે.સોસાયટીમાં ઘરની બહાર દોરી પર સુકવવા મૂકેલા મોંઘા કપડાં અવારનવાર ગુમ થતા હતા. આ કારણે રહીશો એકબીજા પર શંકા કરતા હતા. ચોરી પાછળ બે યુવતીઓ હોવાની તેમને જાણ નહોતી.ગઈકાલે બપોરે એક મકાનની બહાર દોરી પર સુકવેલા કપડાં ગુમ થયા હતા. મકાનમાલિકે પાડોશીને જાણ કરી અને આસપાસના ફૂટેજ તપાસવા કહ્યું.ફૂટેજમાં બે યુવતીઓ મકાન પાસે ઊભી રહી આસપાસ નજર રાખતી દેખાઈ. ત્યારબાદ એક યુવતી સામેના મકાનની બહાર દોરી પર સુકવેલા કપડાં ઉતારી પોતાની સાથેની બેગમાં મૂકતી જોવા મળી.

ફૂટેજ સામે આવ્યા બાદ સોસાયટીના રહીશોનું ધ્યાન આ ચોરી તરફ ગયું છે. યુવતીઓએ અગાઉ પણ આવી ચોરી કરી છે કે કેમ તે અંગે સવાલો ઉઠ્યા છે.